પરિચય

આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને અનંતું દુઃખ અનંત ભાવે સહન કરવું પડે છે, તે દુઃખથી મુક્ત થવાનો ઉપાય પોતાના સ્વરૂપનું ભાન થવું તે છે. પોતાના સ્વરૂપનું ભાન થવામાં સત્પુરુષોનો સમાગમ અથવા તેમના વચનામૃતો મદદગાર (સહાયક) બને છે. વર્તમાનમાં તેવા સત્પુરુષો પ્રાપ્ત થવા દુર્લભ છે તેથી તેમના ઉપદેશેલાં તત્ત્વોનો પરિચય, સ્વરૂપનું ભાન થવામાં જીવને વિશેષ મદદગાર બને છે, તે વાત લક્ષમાં રાખી તેવા આધ્યાત્મિક મહાત્માઓનાં વચનોનો પ્રચાર કરવાના ઉદ્દેશથી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. પુસ્તકોનો પ્રચાર કરવો એ જ એક દૃષ્ટિ નથી પરંતુ યોગ્ય જીવોને યોગ્ય કીમતે એટલે પાતર કીમતે પુસ્તકો મળે અને તેનો લાભ ઉઠાવે એ દૃષ્ટિ જ મુખ્યત્વે લક્ષમાં રાખી છે. પ્રથમ પુષ્પ તરીકે શ્રીમદ્ આનંદઘનજીકૃત ચોવીશ-જિન સ્તવનાવલિ પસંદ કરવામાં આવી છે. તેના છાપકામમાં શુદ્ધિ ઉપર બને તેટલું ધ્યાન આપવામાં આવ્યું છતાં આશયભેદથી કે મતિ-મંદતાથી ભૂલ રહેવા પામી હોય તો તે સ્વાભાવિક છે, કારણ કે જ્ઞાની પુરુષોના આશયને પહોંચવું એ ભારે મુશ્કેલ કાર્ય છે.

આ પુસ્તકની પ્રસ્તાવના વિદ્વદ્રત્ન શ્રીયુત. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈએ વિસ્તારપૂર્વક લખી છે. અને તેમાં આશયભેદે અર્થભેદની વાત પણ સ્પષ્ટ કરી છે. આ સ્થલે તેઓશ્રીએ લીધેલ શ્રમ માટે મંડળ પોતાનો આભાર વ્યક્ત કરે છે. પ્રથમ આ પુસ્તક ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રગટ થયેલ. તેની નકલ [illegible]

[illegible]

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

આ સ્તવન-ગ્રંથની (શ્રી માણેકલાલ ઘે. કૃત) પુનરાવૃત્તિના પ્રયોજક પૂજ્ય સોમાભાઈના ચિ. શ્રી જગાભાઈ તથા ચીનુભાઈ અને શ્રી પોપટલાલભાઈ તરફથી આ ગ્રંથની પ્રસ્તાવના લખવા માટે અનુરોધ કરવામાં આવ્યો, તેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો, તે એમ સમજીને કે-(૧) હું પણ યથામતિ આ સ્તવનોના વિવેચનકાર્યમાં પ્રવૃત્ત હોવાથી કંઈક સ્વાધ્યાય-વિચારનો અવકાશ મળશે, (૨) જિનભક્તિ પ્રતિ કિંચિત્ ભક્તિ દાખવવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, અને (૩) શ્રી આનંદઘનજી જેવા મહાત્મા સંતશિરોમણિ ભક્તરાજના ગુણાનુવાદથી રસના ધન્યતા અનુભવશે. શ્રી દેવચંદ્રજીએ સાચું કહ્યું છે કે—

"ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા,
રસનાનો ફલ લીધો રે;
દેવચંદ કહે મ્હારા મનનો,
સકલ મનોરથ સીધો રે."

અસ્તુ !

હવે આપણે પ્રસ્તુત વિષય પર આવીએ અને આનંદઘનજીના જીવન અને કવન સંબંધી કંઈક વિવેચન કરીએ —

૧. આનંદઘનજીનો દિવ્ય ધ્વનિ.

આ [illegible] આનંદઘનજી [illegible]

એમાં પદે પદે નિર્ઝરતી પરા ભક્તિ એમના પરમ ભક્ત હૃદયનું પ્રતિબિંબ પાડનારું દર્પણ છે. આ અક્ષરદેહમાં એમનો અક્ષર આત્મા અક્ષરપણે રહ્યો છે. 'જેની યશઃકાયમાં જરા–મરણજન્ય ભય લાગતો નથી એવા સુકૃતી કવિઓ જયવંત છે' ×'नास्ति येषां यशःकाये जरामरणजं भयं' એ ભર્તૃહરિની ઉક્તિ આ સંતકવિની અમૃત વાણીના સંબંધમાં અક્ષરશઃ સાચી પડે છે.

દિવ્ય નયનથી પરમાર્થમય જિનમાર્ગનું દર્શન કરી, આ દિવ્ય દ્રષ્ટાએ પોતાના સંગીતમય દિવ્ય ધ્વનિથી આ દિવ્ય જિનમાર્ગનું આપણને દર્શન કરાવ્યું છે. આ દિવ્ય ધ્વનિ એટલી બધી અમૃત–માધુરીથી ભર્યો છે કે તેનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. શાંત સુધારસ જલનિધિ એવો આ દિવ્ય નાદ અખૂટ રસવાળો અક્ષયનિધિ છે. 'ક્ષણે ક્ષણે નવીનતા પામે, તે સુંદરતા' क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः—એવું કવિ કાલિદાસે કહેલું સૌંદર્યલક્ષણ આ સંત કવિના કાવ્યમાં પ્રત્યક્ષ પ્રતીત થાય છે. એકેક સ્તવનની રજૂઆત કરવામાં ગૂઢ પશ્ચાદ્ભૂમિકારૂપ નેપથ્યવાળી અદ્ભુત નાટકીય રીતિ (Dramatic style) એમની અપૂર્વ નૈસર્ગિક કવિત્વશક્તિનો આપણને પરિચય આપે છે. સુશ્લિષ્ટ, સુશિષ્ટ અને સુમિષ્ટ શૈલીથી ઉત્તમ કલામય રીતે સુંદર શબ્દચિત્રમાં ગુંથેલ એકેક સ્તુતિમંથ આ નિર્ગ્રંથ મુનીશ્વરનું અદ્ભુત ગ્રંથનિર્માણકૌશલ્ય દાખવે છે.

'અવધૂ નિર્પક્ષ વિરલા કોઇ'

ભારતવર્ષમાં મત–સંપ્રદાયથી પર એવા જે ગણ્યાગાંઠ્યા 'નિર્પક્ષ વિરલા કોઇ' સાચા સત્પુરુષો થયા છે, તેમાં શ્રી આનંદઘનજી કોઈ અનેરી ભાત પાડનારા વિલક્ષણ સંત 'અવધૂત' થઈ ગયા. જે વિરલ જ્યોતિર્ધર મહાપુરુષો જિનશાસન–ગગનને અલંકૃત કરી ગયા

× जयन्ति सुकृतिनो न रससिद्धा कवीश्वरा
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥' —શ્રી ભર્તૃહરિ

છે, તેમાં શ્રીમાન્ આનંદઘનજી કોઈ વિશિષ્ટ કોટિના ગગનની જ્યોત જેવા સમર્થ જ્યોતિર્ધર પ્રકાશી રહ્યા છે. આચાર્યોના આચાર્ય અને ગુરુઓના ગુરુ એવા આ પરમજ્ઞાની મહાત્મા જિનમાર્ગના પરમ રહસ્ય-જ્ઞાતા અને સાચા પ્રભાવક પુરુષ થયા છે.

આનંદઘનજીની અમૃત વાણી

તેઓ અધ્યાત્મ માર્ગમાં અતિ ઉચ્ચ દશાને પામેલા 'જ્ઞાની' પુરુષ હતા, તે તેમના વચનોથી સુપ્રતીત થાય છે. પરમ ભક્તિભાવ નિર્ભર, ચૈતન્યરસની છોળો ઉછાળતા એમનાં સ્તવનો તો આત્માનુભવના પરમ પરિપાકરૂપ હોઈ, વાંચતાં કે સાંભળતાં, કોઈ અદ્ભુત આહ્લાદ આપે છે, મનનો થાક ઉતારી નાંખી પરમ ચિત્તપ્રસન્નતા અર્પે છે. તે વચનામૃતોમાં એવા તો અદ્ભુત માધુર્ય, પ્રસાદ, ઓજસ્ ને ધ્વનિ ભર્યા છે, એવું તો ઉચ્ચ ચૈતન્યવંતું કવિત્વ ભર્યું છે, કે તેનો રસાસ્વાદ લેતાં આત્મા જાણે તૃપ્ત થતો નથી. મોટા મોટા પંડિતોના વાગાડંબરભર્યા શાસ્ત્રાર્થોથી, કે મોટા મોટા વ્યાખ્યાનધરા ધ્રુજાવનારા વાચસ્પતિઓના વ્યાખ્યાનોથી અનંતગુણો આનંદ અને બોધ, શ્રીમાન્ આનંદઘનજીની એકાદ સીધી, સાદી, સચોટ ને સ્વયંભૂ વચનપંક્તિથી ઉપજે છે.

આશયગંભીરતા

વળી શ્રી આનંદઘનજીનો 'આશય' તો એટલો બધો પરમાર્થ-ગંભીર છે કે સમુદ્રની જેમ તેનું માપ કાઢવું કે તાગ લેવો તે અશક્ય વસ્તુ છે, કારણ કે તેમના એકેક વચન પાછળ અગાધ શાસ્ત્રજ્ઞાન ને અનન્ય તત્ત્વચિંતન ઉપરાંત ઉત્તમ આત્માનુભવરૂપ સમર્થ [illegible]

નિ[illegible] મતપરીક્ષક જ કરી શકે. જેમો-તેમના આશયનું તલસ્પર્શી અવગાહન કરી સમર્થ તત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ, શ્રી આનંદઘનજીના પ્રથમ સ્તવનનો પરમ સુંદર અદ્ભુત પરમાર્થ પ્રગટ કર્યો છે અને તેમની પરમાર્થગંભીરતાની ઝાંખી કરાવી છે. પણ દુર્ભાગ્યે તેઓશ્રીએ માત્ર એક જ સ્તવનનું વિવેચન કરેલું હોઈ, આપણે તેના વિશેષ લાભથી વંચિત રહ્યા છીએ. મહામુનિ દેવચંદ્રજીએ યથાર્થ જ કહ્યું છે કે –

“ તદ્ જ એહનો જાણગ લોકતા, જે તુમ સમ ગુણરાયજી. ”

અદ્ભુત આશયશક્તિ

આનંદઘન(નક્કર) આનંદ આપનારા અને આનંદના ઘન (મેઘ) [illegible] યથાર્થનામા આનંદઘનજીનું એકેક સ્તવન-પદ તીવ્ર આત્મ-અનુભવ અંતરોદ્ગારરૂપ હોઈ પરમ આશયગંભીર છે. તે આશય સમ્યક્પણે સમજવા-સમજાવવા માટે શ્રીમદ્ રાજચંદ્રજી જેવા પરમ જ્ઞાની [illegible] જ સમર્થ છે. ઇતર સામાન્ય જનને માટે તો તે આશયનો અંતર્ગત ભાવ પણ સમજવો-સમજાવવો કઠિન છે, તેને તો તે આશયની [illegible] માત્ર હાથ લાગે, ઉપલક ભૂમિકા માત્ર સ્પર્શવામાં આવે, સૂક્ષ્મ વિચારણારૂપ ઊંડી અવગાહના વિના તેના અગાધ ઊંડાણ [illegible] નહિ. એટલે અલ્પપણે કે વિસ્તારથી આ સ્તવનાવલી [illegible] વિવેચનનું [illegible] પડ્યું [illegible] [illegible] શ્રી હરિ-[illegible]

[illegible]

[illegible]

વિવેચકોનું વિશાલ ક્ષેત્ર.

એટલે આવા આશયગંભીર પ્રવચન-સિંધુમાંથી અર્થરત્નો ખોળી કાઢવાનું કામ ઊંડી વિચાર-ડૂબકી મારનારા અવગાહક વિવેચકોનું છે. યથાશક્તિ-યથામતિ તે અર્થરત્નો સંશોધી સંશોધીને તેઓ જનતાને ભેટ ધરે એ આવકારપાત્ર છે. આ દિશામાં આ અર્થલેખકે (શ્રી માણેકલાલ ઘે.) કરેલો યત્ન સામાન્યપણે પ્રશસ્ત છે, પણ તે માત્ર સામાન્ય અર્થ વિસ્તારરૂપ હોવાથી પર્યાપ્ત નથી. હજુ આ સ્તવનોનો પરમાર્થ ઉકેલવામાં ઘણી ઘણી વિશદ વિશેષ વિચારણાનો અવકાશ છે; સુગ્રથિત એવા આ એકેક સ્તવન-ગ્રંથ પર એકેક ગ્રંથ લખી શકાય એવો વિશાલ પરમાર્થ તેમાં સમાયેલો છે; તે તે સ્તવનની વિવિધ શ્રુત-અનુભવમય પશ્ચાદ્ભૂમિકા (Back-ground) સમજ્યા-સમજાવ્યા વિના એની ખરી ખૂબી માલૂમ પડે એમ નથી.

આશયાંતર: અર્થસ્ખલના.

વળી આવા ગહન-અર્થગંભીર વિષયમાં પ્રવર્તતાં ક્વચિત્ આશયાંતર અથવા અયથાર્થ અર્થ થઈ જવાની સંભાવના પણ છે, પણ તેવી સ્ખલના તો વિશેષ યુક્તિયુક્ત અર્થ સમજાતાં સરલતાથી સ્વીકાર કર્યાથી સહેજે દૂર થઈ જવાનો સંભવ છે.

આ અર્થલેખનમાં પણ કેટલાક સ્થળે તેવા આશયાંતર અથવા અયથાર્થ અર્થરૂપ સ્ખલનાવાળા પ્રતિભાસે છે. જેમકે—ચંદ્રપ્રભુના સ્તવનમાં અવંચકત્રયનો અર્થ મન-વચન—કાયના યોગની અવંચકતા એટલો માત્ર કરવામાં આવ્યો છે, પણ તેમ નથી. કારણ (૧) યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક એ જૈન પરિભાષાના ખાસ મહત્ત્વના શબ્દ છે. એનો યથાર્થ પરમાર્થ સમજવા માટે જુઓ યોગદૃષ્ટિસમુચ્ચય અને [illegible] (૨) [illegible]

એમ અર્થ જોઈએ. (૩) 'પરિણામી ચેતન પરિણામો જ્ઞાન કરમ ફળ ભાવી રે,'—આનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે યથાર્થ નથી. કારણ ચેતન તે પરિણામી છે, અને જ્ઞાન-કર્મ-ફળ ભાવરૂપ તેના પરિણામ છે; અર્થાત્ જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના એ ત્રણેય ચેતન પરિણામ છે, આમ સ્પષ્ટ અર્થ છે. (૪) તદુપરાંત આ જ વાસુપૂજ્ય જિન સ્તવનમાં બીજી અનેક પંક્તિનો કરવામાં આવેલો અર્થ વિસંવાદી જણાય છે. (૫) તેમજ અનંતજિન, શાંતિજિન આદિ સ્તવનમાં પણ અનેક સ્થળો સંદેહાસ્પદ છે, ઇત્યાદિ આ પ્રત્યે અંગુલીનિર્દેશ કરવાનો ઉદ્દેશ દોષદર્શન નહિ—પણ સદ્દશરૂપ ગુણ ગ્રહણ કરતા છતાં, વ્યામોહ ન ઉપજે એટલા માટે સુજ્ઞ વાંચકે બુદ્ધિના દ્વાર સદા ખુલ્લા રાખી યથાર્થ અર્થવિચારણા કરવા યોગ્ય છે, એ સૂચવવાનો છે. અસ્તુ!

હવે આ આનંદઘન-સ્તવનાવલીનો ઉદ્દેશ અને તેના અભિધેય વિષયની પીઠિકા સમજવા માટે, સામાન્યપણે ભક્તિ પ્રયોજન સંબંધી કંઈક વિશદ વિચારણા કરવાનું પ્રસંગથી પ્રાપ્ત થાય છે:—

જિનભક્તિપ્રયોજન.

"જિન પદ નિજ પદ એકતા, ભેદભાવ નહિં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ."

—શ્રીમદ્ રાજચંદ્રજી

'મૂળ શુદ્ધ તે આત્મપદ'

શ્રી જિન ભગવાનનું જેવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવું જ શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ આ આત્માનું મૂળ સ્વરૂપ છે. કર્મરૂપ આવરણ દૂર થવાથી ભગવાનનું તે સ્વરૂપ સંપૂર્ણ વ્યક્તતા-આવિર્ભાવ પામ્યું છે. આવરણ વર્તતું હોવાથી આત્માનું તે સ્વરૂપ તિરોભાવ પામ્યું છે—અવ્યક્ત-શક્તિરૂપ રહ્યું છે. આમ કર્મ આવરણરૂપ ઔપા-

}

થિક ભેદને લીધે ભગવાનમાં અને આ આત્મામાં અંતર પડ્યું છે. જીવ અને શિવનો ભેદ પડ્યો છે. આનંદઘનજીના શબ્દોમાં કહીએ તો 'કર્મ વિપાકે હો કારણ જોઈને કોઈ કહે મતિમંત.' પણ મૂળ સ્વરૂપ દૃષ્ટિથી તે બન્નેમાં કંઈ પણ ભેદ નથી. જેવું 'અનંત સુખ-સ્વરૂપ' તે જિનપદ છે, તેવું જ આ 'મૂળ શુદ્ધ તે આત્મપદ' છે. આ જિનપદ અને નિજપદની એકતા છે, એ લક્ષ થવાને માટે જ સુખદાયક એવા સર્વ શાસ્ત્રનું નિરૂપણ છે, અને એ જ આ ભક્તિનું પ્રયોજન છે.

'ઇચ્છે છે જે જોગીજન'

એટલે એવા અનંત સુખસ્વરૂપ મૂળ શુદ્ધ તે આત્મપદને જે ઇચ્છે છે, તે 'જોગીજન,' તે પ્રગટસ્વરૂપી સયોગી જિન પદની અખંડ એકનિષ્ઠાથી આરાધના અવશ્ય કરવી જોઈએ.

"ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ."

—શ્રીમદ્ રાજચંદ્રજી

કાર્યસિદ્ધિના કારણ: યોગબીજ.

કારણ કે તે જિન ભગવાને સ્વરૂપસિદ્ધિરૂપ નિજ કાર્ય સિદ્ધ કર્યું છે એટલે તે સ્વરૂપસિદ્ધિરૂપ કાર્ય જો કરવા ઇચ્છતા હોય, શુદ્ધ સ્વસ્વભાવરૂપ મોક્ષની જો કામના કોઈપણ હોય એવા મુમુક્ષુ જીવે, તેના અવંધ્ય કારણરૂપ તે પ્રગટ સિદ્ધ સ્વરૂપનું અવલંબન લેવું ઉપકારી છે [illegible]

આવશ્યક છે, કે જે અમોઘ-અવન્ધ્ય યોગબીજમાંથી ઉત્તમ યોગમાર્ગાંકુર પ્રગટી-ફૂટી નીકળી, અનુક્રમે મહાન્ મોક્ષવૃક્ષ ફુલીફાલી ફલ-ફૂલભારથી લચી પડે છે, અને સાક્ષાત્ જિનસ્વરૂપ અથવા નિર્વાણરૂપ પરમ અમૃત ફળની પ્રાપ્તિ થાય છે. એટલા માટે મોક્ષકાર્યની સિદ્ધિ માટે મુમુક્ષુ જીવે તેના અવન્ધ્ય કારણરૂપ મોક્ષસાધક યોગ-બીજનો ચિત્તભૂમિમાં પ્રક્ષેપ કરવા યોગ્ય છે.

જિનભક્તિ: ઉત્તમ યોગબીજ.

અને તે યોગ-બીજમાં સૌથી પ્રથમ અને સૌથી પ્રધાન એવું પરમ યોગબીજ શ્રી **જિનેશ્વરની** ભક્તિ છે, કારણ કે વીતરાગ દશાને પામેલા શ્રી જિનેશ્વર ભગવાન રાગ-દ્વેષ-મોહાદિ સમસ્ત અંતરંગ શત્રુઓને જીતી લઈ, સકલ કર્મકટકનો પરાજય કરી, શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં બિરાજમાન થયેલા શુદ્ધ આત્મા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યથી યુક્ત એવા મુક્ત સિદ્ધ પરમાત્મા છે. એવા પરમ યોગી સાક્ષાત્ શુદ્ધ સ્વભાવમય મોક્ષને પામેલા સિદ્ધ આત્માને આદર્શ સ્થાને સ્થાપી, તેની એકનિષ્ઠ આરાધના કરવી, તે મુખ્ય-પ્રધાન-અનુત્તમ યોગબીજ થઈ પડે એમાં જરાયે આશ્ચર્ય નથી.

> "जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
> प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥"
>
> શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય.

'અજકુલગત કેસરી'

ઘેટાના ટોળામાં ચિરકાળથી વસેલા સિંહ શિશુનું દૃષ્ટાંત અત્ર ઘટે છે. કોઈ સિંહનું બચ્ચું જન્મથી માંડી ઘેટાના ટોળામાં વસ્યું છે, ઉછર્યું છે અને ચિર સહવાસથી તે પોતાને ઘેટું જ માની બેઠું છે ત્યાં કોઈ સિંહ દેખાય છે તેને દેખી તે સિંહશિશુ ધારી ધારી તેનું રૂપ જુએ છે, અને પછી પોતાનું રૂપ નિહાળે છે, તો બન્નેનું સ્વરૂપ

સમાન દેખાય છે, અને તેને ભાન થાય છે કે હું ઘેટું નથી પણ સિંહ-શિશુ છું. તેમ આ આત્મા પણ અનાદિકાળથી પરભાવના સંવાસમાં વસેલો છે, અને પોતાને પરરૂપ જ માની બેઠો છે. તેને સમાધિરસભર્યા સ્વરૂપસિદ્ધ પ્રભુના દર્શનથી ચિરવિસ્મૃત નિજ સ્વરૂપનું ભાન થાય છે.

> " અજકુલગત કેસરી લહે રે, નિજ પદ સિંહ નિહાળ;
> તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ
> અજિત જિન તારજો દીનદયાળ ! "
>
> —શ્રી દેવચંદ્રજી

સ્વરૂપરુચિ : અંતરાત્મભાવ.

અને આમ તે જિનસમ સ્વરૂપસત્તા ઓળખે છે, એટલે તેના પ્રાગ્ભાવની—પ્રગટ આવિર્ભાવની ઇહા—ઇચ્છા તેને પ્રગટે છે, કે આવું જિન ભગવાન જેવું પરમાનંદમય શુદ્ધ આનંદઘન સ્વરૂપ મને પ્રગટે તો કેવું સારું ! એવી અંતરંગ રુચિરૂપ તીવ્ર ઇચ્છાથી તે પરપરિણતિમાં નિરીહ—નિષ્કામ અંતરાત્મા બની આત્મપરિણતિ ભણી વળે છે.

> "જિન સમ જિન સમ સત્તા ઓળખી હોજી,
> તસુ પ્રાગ્ભાવની ઈહ;
> અંતર અંતર આતમતા લહી હોજી,
> પરપરિણતિ નિરીહ...નમિપ્રભ૦ "

પ્રતિછંદસ્થાનીય પ્રભુ.

અને પછી એવો તે અંતરાત્મા આદર્શ પરમાત્મસ્વરૂપની સાધના કરે છે. જેવો ઉપાસ્ય આદર્શ તેવી સિદ્ધિ થાય છે. કુશલ શિલ્પી જેમ આદર્શને (Model) નિરંતર દૃષ્ટિસન્મુખ રાખી પોતાની કલાકૃતિ ઘડે છે, તેમ મુમુક્ષુ આત્મા પણ પ્રતિછંદસ્થાનીય—આદર્શરૂપ પ્રભુને નિરંતર દૃષ્ટિ સન્મુખ [illegible] આત્મસ્વરૂપની પૂર્ણકલામય ઘટના કરે [illegible] [illegible] [illegible] પ્રભુ [illegible] નિજ સ્વરૂપનું દર્શન કરે [illegible]

"પ્રતિછંદે પ્રતિછંદે જિનરાજના હોજી,
કરતાં સાધક ભાવ;
દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી,
શુદ્ધાતમ પ્રાગ્ભાવ...નમિપ્રભ."

આત્માર્થે ઉપાસના.

એટલે સ્વરૂપદર્શનના કામી એવા મુમુક્ષુ જીવે તે ભગવાનનું આરાધન-સેવન કરવા તત્પર થવું તે પોતાના જ આત્મકલ્યાણની—આત્મહિતની વાત છે. એથી કરીને સૌથી પ્રથમ તે ભગવાનનું સેવન કરવા આત્માર્થી મુમુક્ષુએ સર્વાત્માથી પ્રવર્તવું જોઈએ.

"સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાનક પર્યંત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે."

શ્રીમદ્ રાજચંદ્ર

અર્હંત અને સિદ્ધની ઉપાસના.

સ્વરૂપસિદ્ધ એવા જિન ભગવાનને ભજો કે સિદ્ધ ભગવાનને ભજો તે બન્ને એક જ છે માત્ર ફરક એટલો જ છે કે જિન-અર્હંત ભગવાન્ સયોગી સિદ્ધ છે, દેહધારી સિદ્ધ આત્મા છે, દેહ છતાં દેહાતીત દશાએ વિચરનારા સાકાર સજીવન મૂર્તિ છે, સદેહ મુક્ત-જીવન્મુક્ત છે, અને સિદ્ધ ભગવાન્ અયોગી સિદ્ધ છે, દેહરહિત સિદ્ધ આત્મા છે, નિરાકાર શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, વિદેહ મુક્ત છે, ઘાતી-અઘાતી બન્ને પ્રકારના કર્મનો ક્ષય થયો હોવાથી સિદ્ધ ભગવાન્ સર્વથા કર્મ રહિત છે; અને માત્ર વેદનીય આદિ ચાર અઘાતિ કર્મના હોવાપણાને લીધે જિન ભગવાનને દેહધારીપણું અને તત્પ્રારબ્ધાનુસાર વિચરવાપણું છે પણ ઘાતિ કર્મનો સર્વથા ક્ષય થવાથી અનંત દર્શન અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અનંત વીર્ય—એ અનંતચતુષ્ટયનો

આવિર્ભાવ બન્નેમાં સમાન છે, બન્નેનું સ્વરૂપરમણપણું એક સરખું છે, બન્નેનું સહજાત્મસ્વરૂપે સુસ્થિતપણું તુલ્ય છે. એટલે સહજ સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામેલા સિદ્ધ ભગવાન્ કે અર્હંત ભગવાનની ઉપાસનાથી આત્મા સ્વરૂપલયને પામી શકે છે, માટે તે બન્નેની ઉપાસના સ્વરૂપ જિજ્ઞાસુ પુરુષોએ કર્તવ્ય છે. મહર્ષિ કુંદકુંદાચાર્યજીએ શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે—"જે ભગવાન્ અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે, અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે."

"जो जाणइ अरिहंते दव्वगुणपज्जवेहिंय ।
सो जाणइ निय अप्पा, मोहो खलु जाइय तस्स लयं ॥"

"શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યય ધ્યાને,
શિવ દીએ પ્રભુ સપરાણો રે."

—શ્રી યશોવિજયજી.

તીર્થંકરદેવ.

આ અર્હંત ભગવંતોમાં પણ જેણે 'સવિ જીવ કરું શાસનરસી' એવી પરમ ઉદાત્ત વિશ્વવત્સલ ભાવનાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું હોય છે, તે ધર્મ—તીર્થની સ્થાપના કરનાર એવા તીર્થંકર કહેવાય છે. વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિરૂપ આ તીર્થંકર ભગવંતોનો પુણ્ય પરિપાક અસાધારણ અદ્ભુત હોય છે, વચનાતિશય આદિ અતિશયો અસામાન્ય હોય છે, અને પરમાર્થ તત્ત્વના સદુપદેશદાનથી જગજ્જનો પર તેઓનો ઉપકાર અનન્ય હોય છે. એક અર્ધ કાળચક્રમાં એવા ચોવીશ જિનેશ્વરો થાય છે. આ વર્તમાન અવસર્પિણી કાળમાં પણ એવા ચોવીશ તીર્થંકરો થયા છે—શ્રી ઋષભદેવથી વર્દ્ધમાનસ્વામી પર્યંત.

ભૂતપ્રજ્ઞાપનીય નયથી સ્તુતિ.

તે અર્હંતો પણ પોતાનો તે ચરમ દેહપર્યંય પૂરું થતાં સિદ્ધ રૂપ છે, તેમ આ તીર્થંકર ભગવંતો પણ વર્તમાનમાં સિદ્ધસ્વરૂપ બિરાજે—

છે પણ ભૂતપ્રજ્ઞાપનીય નયથી શ્રી આનંદઘનજીએ તે જિનેશ્વર ભગવંતોની અત્ર સ્તુતિ કરી છે, અર્થાત્ ભૂતકાળમાં બની ગયેલા તે ભાવસ્તું વર્તમાનમા તાદૃશ્યપણે સ્મરણ કરી તે ભગવાનોની તે જિનસ્વરૂપે સ્તવના કરી છે. રાગદ્વેષાદિ અરિદલનો સર્વથા સંહાર કરી, સકલ ઘાતિ કર્મદલકનો સંક્ષય કરી, તે ભગવંતોએ શુદ્ધ સહજ આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યું હતુ. અને દેહ છતાં દેહાતીત એવી પરમ ઉદાસીન કાયોત્સર્ગ દશાએ શુદ્ધસહજાત્મ સ્વરૂપમા બિરાજમાન તે પ્રભુ નિષ્કારણ કરુણાથી આ જગતીતલ પર વિહાર કરી, જગત્જનને પરમ કલ્યાણમાર્ગનો ઉપદેશ દેતા હતા, પરમાર્થ મેઘની વૃષ્ટિ કરી પરમ શાન્તિપ્રદ ધર્મામૃતનો પ્રવાહ વહાવતા હતા.

‘સંભવ દેવ તે ધુર સેવો સવે રે’

એવા તે પરમ ઉપકારી સદેહે વિચરતા તે જિન ભગવંતોને શ્રી આનદઘનજીએ જ્ઞાનદૃષ્ટિથી સાક્ષાત્ દર્શન કરી તેમની અત્ર સ્તવના કરી છે, અને સર્વ મુમુક્ષુ આત્મબંધુઓને આહ્વાન કર્યું છે કે—આ અર્હંત ભગવતને તમે ધુરે-સૌથી પ્રથમ સેવો, ‘સભવ દેવ તે ધુર સેવો સવે રે.’ “અર્થાત્—આ વિવેચના આ પ્રસ્તાવના લેખકે પ્રદર્શિત કર્યું છે તેમ-આ પરમ ઉપકારી પરમ કરુણાસિંધુ જિનદેવને તમે ‘ધુરે’ સૌથી પ્રથમ, સૌથી પહેલું, પરમ પ્રધાન પદ આપીને સેવો, બીજા બધા કાર્ય કરતા એને પહેલું સ્થાન આપીને સેવો. જગતના બીજા બધા કામ પડતા મૂકી, આ પ્રભુની સેવા કરવારૂપ આત્માર્થનું કામ સૌથી પહેલું કરો જગત્‌ના બીજાં બધાં કામ તુચ્છ—અલ્પ ફળદાયી અને આ લોક પૂરતા જ ઉપયોગી કે ઉપકારી છે. પણ આ પ્રભુસેવારૂપ ખરેખર ‘સ્વાર્થ’ કાર્ય તો પરમ મોક્ષફલદાયી અને આ લોક-પરલોકમાં આત્માનું પરમ કલ્યાણકારી, પરમ ઉપકારી છે; માટે તે પ્રભુસેવાને પરમ ઉપાદેય ગણી, બીજા બધા કાર્ય કરતા એ પ્રત્યે અનત અનંત ગુણ વિશિષ્ટ પરમ ‘આદર’ ધારણ કરી, તે સેવનકાર્યમા પરમ પ્રીતિ-ભક્તિથી લાગી જાઓ! લીન થઈ જાઓ! તાત્પર્ય કે—જગત્‌ના અન્ય કોઈપણ પદાર્થ કરતા અનત અનતગણા મહિમાવાન એવા આ પરમ ‘અર્હંત

પ્રભુને પરમ પૂજાના પાત્ર, પરમપૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, અને પરમસેવ્ય ગણી તેની પૂજામાં, તેની આરાધનામાં, તેની ઉપાસનામા, તેની સેવનામાં સૌથી પ્રથમ તત્પર થાઓ; હે સર્વ મુમુક્ષુ આત્મબંધુઓ! આ પરમ પ્રભુની સેવામાં લાગી જવા માટે હું તમને સર્વને પરમ પ્રેમથી આમંત્રણ કરું છું."

સાકાર-નિરાકાર: સ્વરૂપાવલંબન.

આમ આ આનંદઘનજી આદિ પરમ ભક્ત મહાત્માઓના વચન પરથી ફલિત થાય છે કે-આત્માર્થી મુમુક્ષુએ અર્હંત-સિદ્ધ ભગવંતની ભક્તિ અવશ્ય કરવા યોગ્ય છે. અને અભેદ સ્વરૂપ હોવાથી એકની ભક્તિમાં અન્યની ભક્તિ અંતર્ભાવ પામે છે. તેમાં પણ સાકાર સજીવન મૂર્તિ હોવાથી અર્હંત ભગવાનની ભક્તિ પ્રાથમિક દશાવાળા સામાન્ય જનને પણ વિશેષ ઉપકારી થાય છે. સિદ્ધ ભગવાન નિરાકાર હોવાથી એનું સ્વરૂપ એકદમ ચિંતવવું દુર્ગમ્ય થઈ પડે છે. જો કે મૂળ સ્વરૂપ જોઈએ અર્હંતનું સ્વરૂપ ચિંતવન તેવું જ દુર્ગમ્ય છે, તો પણ સાકાર હોવાથી સામાન્ય જીવને પણ તે ધ્યાન માટે અનુકૂળ આલંબનરૂપ થઈ પડે છે. અરે! તે સજીવન ચૈતન્ય મૂર્તિની સ્થાપનામૂર્તિ-વીતરાગ ભાવનું પ્રતિબિંબ પાડતી પાષાણ પ્રતિમા પણ તેવી જ ધ્યાનાલંબનરૂપ ઉપકારી થઈ પડે છે. અને એટલા માટે જ 'જિનપડિમા જિન સારિખી' એમ શાસ્ત્રમાં કહ્યું છે.

"ચરમ જિનેસર વિગત સ્વરૂપનું રે, ધ્યાવું કેમ સ્વરૂપ?
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકારી અરૂપ."

—આનંદઘનજી (?)

[illegible]

'સર્વ જીવ છે સિદ્ધ સમ'

અને આમ શુદ્ધ નિશ્ચયથી તો સર્વ જીવ સિદ્ધ સમાન છે, પણ તે તો જે સમ્યક્‌પ્રકારે સમજે તે થાય. અને તેમ થવામાં નિમિત્ત કારણરૂપ સદ્‌ગુરુ આજ્ઞા, જિનદશા આદિ છે. પણ ઉપાદાનનું નામ લઈ જે આ અનુપમ નિમિત્તને છોડી દે છે, તે કદી સિદ્ધપણું પામતા નથી, અને ભ્રાંતિમાં જ સ્થિતિ કરે છે.

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.
ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;
પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત."

—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

ઉપાદાન અને નિમિત્ત.

કેટલાક લોકો સમજ્યા વિના ઉપાદાનની વાતો કર્યા કરે છે, અને જાણ્યે-અજાણ્યે નિમિત્તની ગૌણતા ગણી તેનો અપલાપ-નિહ્નવ કરે છે તે તેમની અણસમજરૂપ મિથ્યા ભ્રાંતિનો દોષ છે, કારણ કે ઉપાદાન અને નિમિત્ત એ કાંઈ પરસ્પર વિરોધી નથી, કે પ્રતિપક્ષી નથી, પણ અવિરુદ્ધ સહકારી અને સહયોગી છે. ઉપાદાનની જાગ્રતિ અને શુદ્ધિ તો અવશ્ય કર્તવ્ય છે, અને શુદ્ધ નિમિત્તના સેવનનો ઉદ્દેશ-લક્ષ્ય પણ તે જ છે. પણ ઉપાદાનની શુદ્ધિ-જાગ્રતિ અર્થે, ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા અર્થે પણ જિનભક્તિ આદિ પરમ ઉપકારી નિમિત્ત કારણના અવલંબનની અનિવાર્ય આવશ્યકતા છે, એ આ મહાનુભાવો ભૂલી જાય છે પ્રભુસેવા એ ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા પુષ્ટ આલંબન-પુષ્ટ નિમિત્ત છે. શાસ્ત્રકારોએ તો પોકારી પોકારીને કહ્યું છે કે-સમતા અમૃતની ખાણ એવા જિનરાજ જ પરમ નિમિત્ત હેતુ છે, અને તેના અવલંબને જ 'નિયમા' સિદ્ધિ હોય છે. આત્મશિરોમણિ દેવચંદ્રજીએ ભાવથી ગાયું છે કે.—

" ઉપાદાન આતમા સાચો રે, પુષ્ટાલંબન દેવ...
—જિનવર પૂજો:
ઉપાદાન કારણપણું રે, પ્રગટ કરે પ્રભુ સેવ...જિન."

" નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી:
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી.
પ્રણમો શ્રી અરનાથ."
—શ્રી દેવચંદ્રજી

'પ્રભુ અવલંબન સિદ્ધિ'

આવા પ્રબલ નિમિત્ત આલંબન વિના સીધેસીધું (Directly) સ્વરૂપસિદ્ધિએ ચઢવું અતિ અતિ દુષ્કર છે; પણ જેને પ્રગટ આત્મસ્વરૂપ પ્રગટ્યું છે એવા સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપી અર્હંત-સિદ્ધ પ્રભુના આલંબનથી તે શ્રેણિએ ચઢવું સુગમ થઈ પડે છે. કારણ કે શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેમ ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમ દૃષ્ટિવાન્ પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે, જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.' શ્રી દેવચંદ્રસ્વામીએ પણ કહ્યું છે કે 'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે.'

શુદ્ધ અધ્યાત્મના ભયસ્થાન

કોઈ કહેશે કે આ નિમિત્તનું શું કામ છે? આપણે તો સીધા ઉપાદાન આત્માને જ વળગીએ, માત્ર અધ્યાત્મ સ્વરૂપનું જ ચિંતવન કરીએ. પણ આ તેમનું માનવું ભૂલભરેલું છે, કારણ કે આલંબન વિનાનું તેવું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન તો અતિ ઉચ્ચ અપ્રમત્ત દશાને પામેલા ઉત્તમ અધિકારીઓ માટે છે. પણ તેવા તથારૂપ ઉચ્ચ અધિકાર દશા વિના સમયસાર-વેદાંત આદિ જેવા અધ્યાત્મ ગ્રંથો સ્વમતિ-[illegible] [illegible] માત્ર અધ્યાત્મ સ્વરૂપ-ચિંતવન [illegible] [illegible] [illegible] રહેલ છે. જેમ કે-કદાચિત્ તેથી [illegible]

વ્યામોહ ઉપજે છે. પોતાની તેવી આત્મદશા થઈ નહિં છતાં, પોતાની તેવી દશાની કલ્પનારૂપ ભ્રાંતિ ઉપજે છે. 'અહં બ્રહ્માસ્મિ'ને બદલે ભ્રમાસ્મિ થઈ જાય છે! ક્વચિત્ ભક્તિરસની આર્દ્રતાના અભાવે શુષ્કતા આવી જાય છે, શુષ્ક અધ્યાત્મીપણું થાય છે બંધ-મોક્ષ તો કલ્પના છે એમ વાણીમાં બોલે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્તે છે, એવું શુષ્કજ્ઞાનીપણું ઉપજે છે અને તેથી સ્વચ્છંદાચારપણું હોય છે, અથવા જ્ઞાનના અજીર્ણરૂપ-અપરિણમનરૂપ ઉન્મત્ત પ્રલાપ થાય છે અંતરનો મોહ છૂટ્યો નથી, 'સકલ જગત્ તે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન' જાણ્યું નથી, અને એવી અમોહરૂપ જ્ઞાનદશા ઉપજી નથી, છતાં ઉન્મત્તની જેમ 'વાચાજ્ઞાન' દાખવે છે કે 'હમ તો જ્ઞાની કે બંધેલા જ નહિ તો મુક્ત કૈસે હોવે!' તેમજ કૃત્રિમતા, દાંભિકતાદિ દોષ પણ ઉપજે છે. ઇત્યાદિ પ્રકારે અનેક દોષની ઉત્પત્તિ, એકાંત નિરાલંબન અધ્યાત્મ ચિંતનમાં સંભવે છે. પણ ભગવદ્ભક્તિના આલંબનથી તેવા કોઈપણ દોષની સંભાવના નથી હોતી. અને આત્મા સ્વાભાવિક એવી અધ્યાત્મ ગુણશ્રેણીએ આરોહણ કરતો જાય છે આ અંગે પરમ તત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના આ ટંકોત્કીર્ણ વચનો પ્રત્યેક અધ્યાત્મપ્રેમી મુમુક્ષુએ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે.—

"વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારિપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્ત પ્રલાપ દશા ઉત્પન્ન કરે છે, ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે જેથી શુષ્કતા, સ્વેચ્છાચારિપણું અને ઉન્મત્ત પ્રલાપતા થતાં નથી. આત્મદશાબળ વધવાથી સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણને ભજે છે. એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી, અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાવલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે ત્યાં—" **શ્રીમદ્ રાજચંદ્ર.**

ભક્તિપ્રધાનપણે સહજ અધ્યાત્મદશા

એટલે આમ ભક્તિમય અધ્યાત્મ અથવા અધ્યાત્મમય ભક્તિના માર્ગે સહજમાં ઉક્ત દોષરૂપ પતન સ્થાન (Pitfalls) નથી હોતા. ભક્તિપ્રધાનપણે વર્તતાં જીવ અનુક્રમે ઉચ્ચ ઉચ્ચ અધ્યાત્મ ગુણસ્થાનો સ્પર્શતો જાય છે, વ્યક્ત ગુણીના ગુણગ્રામથી સહજ અધ્યાત્મદશા પ્રગટે છે, અને છેવટે પૂર્ણ આત્મગુણવિકાસને પામે છે.

" લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામ રે;
પ્રગટે અધ્યાતમ દશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. "

—શ્રી દેવચંદ્રજી

જિન આલંબને નિજ આલંબની

જેમ જેમ જિનવરના અવલંબને જીવ આગમ વચનો જોઈ એકતાનતા સાધતો જાય છે, તેમ તેમ તે આત્માવલંબની થતો જાય છે; અને પ્રભુના સ્વરૂપમાં ચિત્તવૃત્તિની તન્મયતારૂપ લય થતાં સંપૂર્ણ સ્વરૂપાવલંબની થાય છે, એટલે કે શ્રીમદ્ રાજચંદ્રજીના મનનીય શબ્દોમાં 'પ્રભુના સ્વરૂપ ધ્યાનાવલંબન વગર–નિરાલંબનપણે વૃત્તિ આત્માકારતા ભજે છે.'

" જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત;
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત. "

" પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એકતાને, પહોંચે પૂરણ થાને. "

—શ્રી દેવચંદ્રજી

[illegible]માર્ગ અને એકપક્ષી

[illegible]

પરમાનંદ સંપદાઓનું બીજ છે.'—એમ સર્વશાસ્ત્રપારંગત શ્રી યશોવિજયજીનું સુભાષિત છે.

" सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं परमानंदसंपदाम् ॥ "

આનંદઘનજીનું દિવ્ય સંગીત

અને આવા ભક્તિપ્રધાનપણે વર્તતો જીવ અધ્યાત્મમાર્ગે—મોક્ષસાધક યોગરૂપ મોક્ષમાર્ગે કેવી સરલતાથી—સુગમતાથી આગળ વધે જાય છે, તે જ મહાયોગીનાથ શ્રી આનંદઘનજીએ આ પોતાના સ્તવનોમાં પરમ ભક્તિભાવથી સંગીત કર્યું છે, દિવ્ય ધ્વનિથી લલકાર્યું છે,—જે દિવ્ય ધ્વનિ હજુ તેવો ને તેવો તાજો સકર્ણ જનો સાંભળે છે, અને નિરવધિ કાળ પર્યંત સાંભળશે ! જય આનંદઘન !

૫, ચોપાટી રોડ, મુંબઇ, ૭ | ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. એમ. બી. બી. એસ.




શ્રી આનંદઘન ચોવીશી

॥ श्रीसद्गुरवे नमः ॥

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજીકૃત
વીતરાગ સ્તુતિ.

શ્રી ઋષભદેવ ભગવાનનું સ્તવન.



ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.
ઋષભ૦ (ટેક) ૧.

શબ્દાર્થ.

ઋષભ=જેમને વૃષભનું ચિહ્ન છે એવા પ્રથમ તીર્થંકર ભગવાન્ ઋષભદેવ. જિનેશ્વર=રાગાદિ શત્રુઓ જેમણે જીત્યા છે એવા સામાન્ય કેવળજ્ઞાની મહારાજો તે જિન તેમના ઈશ્વર. પ્રીતમ=પતિ. માહરો રે=મારા છે. (તેથી) ઓર=બીજો, ન ચાહું રે=નથી ઇચ્છતી. (શું તો કે) કંત=પતિ. (કેમકે) રીઝયો=પ્રસન્ન થયેલો. (આ) સાહેબ=ભગવાન. સંગ=સોબત. ન પરિહરે રે=નહિ છોડે (ક્યાં સુધી) ભાંગે સાદિ અનંત=

અનંત કાળ સુધી=ભાંગે=પ્રકારે સાદિ=જેની આદિ છે તે, અનંત=જેનો અંત નથી તે, (અથવા સંગ કેવો તો કે) સાદિ અનંત ભાંગાવાળો સંગ તે નહિ છોડે.

ભાવાર્થ.

શુદ્ધ ચેતના શ્રદ્ધાને કહે છે:—રાગાદિ શત્રુઓ જેમણે જીત્યા છે તે જિન અને તેમના ઇશ્વર તે જિનેશ્વર, એવા ઋષભ નામના જિનેશ્વર મારા પતિ છે; તેથી હું અન્ય પતિને ઇચ્છતી નથી. પ્રસન્ન થયેલા એ મારા પતિ અનંતકાળ સુધી મારો સંગ છોડનાર નથી.

પરમાર્થ.

શુદ્ધ ચેતનારૂપ અંતર્વૃત્તિ પોતાની શ્રદ્ધારૂપ સખીને કહે છે, એ પ્રકારે સ્થાપના કરી શ્રી આનંદઘનજીએ સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો છે આ બન્ને શક્તિઓનો આત્મા સાથે તાદાત્મ્યસંબંધ છે, તેથી ચેતન શક્તિ, પરમાત્મતાને પામેલા શ્રી ઋષભદેવસ્વામી સાથે પોતાનો સંબંધ કેવો છે તે જણાવે છે.

ચેતના—હું શુદ્ધ આત્મા વિના અન્યને ઇચ્છતી નથી, તેમજ પરમાત્મા ચૈતન્યશક્તિ વિના બીજા પરપદાર્થોથી પ્રસન્ન થતો નથી. જ્યારથી પરપદાર્થો તરફથી લક્ષ્ય વિરામ પામી પોતાના સ્વરૂપ તરફ લક્ષ લાગવારૂપ આત્માનુ પ્રવર્તન થાય છે ત્યારથી ચૈતન્યની ચૈતન્યશક્તિથી આત્મપ્રસન્નતા થાય છે અને તે જ દિવસથી સ્વરૂપપ્રાપ્તિની આદિ અનુભવમાં આવે છે.

અ[illegible] શુદ્ધાત્મદ્રવ્ય [illegible] થયા [illegible] અનંતકાળ પણ કોઈ વખત [illegible] અનંત, અનાદિ [illegible] અને અનાદિ [illegible] અનંત છે તે પ્રકારે

જગતના જીવો જે પ્રીતિસંબંધ કરે છે, તે સોપાધિક છે. શરીરરૂપ ઉપાધિનો આશ્રય કરી રહેલું ચૈતન્ય તેવી જ ઉપાધિવાળા અન્ય ચૈતન્યની સાથે પોતાના સંબંધની કલ્પના કરે છે અને તેને પ્રીતસગાઈ ગણે છે.

આવી રીતની સગાઇ જ્યાં સુધી અનુકૂળપણું હોય ત્યાં સુધી રહે છે. અથવા વધારેમા વધારે શરીરાદિકના સંબંધને લઇને સગાઈ થઈ હોય તે જ્યા સુધી રહે ત્યાં સુધી રહે છે. શરીરાદિ નષ્ટ થતાં સગાઇ પણ નષ્ટ થાય છે; એટલે ઉપર જે ચાર પ્રકાર કહ્યા છે તેમાના સાદિસાંત પ્રકારે આ પ્રીતસગાઈ થયેલી જાણવી.

એથી અહિં ચેતનાશક્તિ કહે છે કે-મારી અને ઋષભજિનની પ્રીતસગાઈ સાદિ અનંત ભાગે છે. જે સગાઇ થયા પછી કોઇ પણ કાળે નષ્ટ થતી નથી. તેથી આ અલ્પકાળમા નષ્ટ થવારૂપ સોપાધિકપણાને લઇને થયેલી સગાઈ બરાબર નથી. આવી સગાઇથી તો આત્માની ઋદ્ધિશક્તિ ખોવારૂપ કાર્ય થાય છે.

કોઇ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મળશું કંતને ધાય;
એ મેળો નવિ કઇએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય.
ઋષભ૦ ૩

શબ્દાર્થ.

કોઇ=કેટલીક સ્ત્રીઓ અથવા કોઈક જન, કંત=પતિ (તેને મળવાને) કારણ=માટે, કાષ્ઠભક્ષણ કરે રે=અગ્નિમાં બળી સતી થાય. (શા હેતુથી તો કે) મળશુ=મળીશુ, કંતને=પતિને, ધાય=દોડીને (પણ) એ મેળો=મેળાપ=એ મળવારૂપ કાર્ય તે, નવિ=નહિ, કઇએ=કદિએ=ક્યારે પણ, સંભવે=બની શકે. (કારણ કે) મેળો=મળવાની જગ્યા, ઠામ ન ઠાય=ઠામ=ચોક્કસ ઠેકાણુ, ઠાય=ચોક્કસ ઠરાવ, તે વગરની તે ઠામ ન ઠાય=ઠરઠેકાણા વગરનો છે

ભાવાર્થ.

કેટલીક સ્ત્રીઓ મરણદ્વારા પતિનો વિયોગ થતાં પતિને મળવા માટે અગ્નિમાં પ્રવેશ કરે છે (સતી થઈ પ્રાણત્યાગ કરે છે) અને તેમ કરતાં એમ સમજે છે કે અમે પતિને તુરત મળીશું, પણ મળવાનું ઠામઠેકાણું ચોક્કસ ન હોવાથી આ મેળાપ સંભવી શકતો નથી.

વ્યંગ્યાર્થ.

પરબ્રહ્મને મળવા માટે કેટલાક અજ્ઞાનીઓ અગ્નિમાં પ્રવેશ કરે છે. ઉપલક્ષણથી પર્વત ઉપરથી પડીને, જળમાં ડૂબીને, હિમાલય જઈ હિમમાં ગળીને અને કાશીમાં જઈ કરવત લઈને પ્રાણત્યાગ કરી પરબ્રહ્મરૂપ પતિને તુરત મળવાનું ધારે છે; પણ આ રીતે તેઓનો પરબ્રહ્મ સાથે મેળાપ થવાનો સંભવ નથી; કારણ કે જે નિત્યપ્રાપ્ત છે, અંતર્દૃશ્ય છે, તેની પ્રાપ્તિ બાહ્યકષ્ટ યા પ્રાણત્યાગથી કરવા ઇચ્છવું તે બરાબર નથી. એથી ઉક્ત પ્રકારે તેમની ક્રિયાનું તેમજ પરબ્રહ્મને મળવાનું ઠામઠેકાણું નથી, તેથી પરબ્રહ્મ સાથે તેમનો મેળો સંભવતો નથી.

પરમાર્થ.

લૌકિક પ્રીતસગાઈ ટકાવવાને માટે જે પ્રાણત્યાગ કરવામાં આવે છે તે બરાબર નથી એમ સૂચવ્યું છે. કેમકે જે શરીરાદિકના સંબંધને લઈને તે પ્રીતસગાઈ થયેલી તે નષ્ટ થતાં તેની સગાઈ નષ્ટ થવી જોઈએ અને તેમ ન થાય તો તેને માટે એમ કરવું વ્યર્થ છે.

કોઈ પતિરંજન અતિઘણો તપ કરે રે, પતિરંજન તનતાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ-

આશા પૂરે છે માટે ઇશ્વરપરાયણ રહેવું એ જ યોગ્ય છે. પતિરંજનના બીજા અનેક ઉપાયોની જરૂર નથી.

આ કહેવું પણ બરાબર નથી, કેમકે દોષ રહિત ઇશ્વરમાં લીલા કરવારૂપ સ્વભાવ ઘટતો નથી. કારણ ઇશ્વર નિર્દોષ હોવા જોઇયે અને લીલા કરવી તે તો દોષનો વિલાસ છે—દોષરૂપ છે.

પરમાર્થ.

પરમાત્માપણું પામવાના માર્ગમાં નિરુદ્યમી થઇ ગએલા અને માત્ર ઇશ્વરેચ્છા બલીયસી અથવા "જેવુ ભાવી હશે તેવું બનશે" એમ વિચારી પતિરંજનરૂપ આત્મસ્વરૂપ મેળવવામાં નિરુદ્યમી થયેલાઓને પુરુષાર્થ કરવાની પ્રેરણા કરવારૂપ આ ગાથાનો વ્યાખ્યાર્થ સમજવાનો છે.

જેઓ માત્ર એમ જ કહે છે કે-કર્તા હર્તા ઇશ્વર છે, આપણે માત્ર તેને આધીન રહેવું, પછી જે થાય તે ખરૂ, તેમને ઉદ્યમી કરવા આ પ્રયાસ છે કે જગત્ ઇશ્વરે ક્રીડા કરવા કર્યું નથી ને ક્રીડા કરે તે ઇશ્વર નહિ તેથી તમે પોતે પુરુષાર્થ કરીને છૂટા થાઓ.

ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમઅરપણા રે, આનંદઘનપદરેહ.
ઋષભ૦ ૬.

શબ્દાર્થ.

ચિત્ત=મન, (તેની) પ્રસન્ને રે=પ્રસન્નતા=રાજી થવાપણું=એકતા થવા યોગ્ય ખુશી તે, પૂજન=ભગવાનની પૂજા, (તેનુ) ફળ કહ્યું રે=ફળ કહેલું છે. (અને તે) પૂજા=ભગવાનની ભક્તિ, અખંડિત=નહિ ખંડન થાય=નહિ નાશ થાય એવી, એહ=આ રીતે છે:—કપટ-છળ માયા. (તેથી) રહિત થઇ=વિનાના થઇને. આતમ-પોતાની જાતની. અરપણા રે=અર્પણ

કરવું તે (ખરી પૂજા છે) (અને એવી પૂજા) આનંદઘનપદ-રેહ=મોક્ષપદની રેખા છે.

ભાવાર્થ.

પતિના ચિત્તની પ્રસન્નતા એ જ પતિસેવનનું ફળ છે. અને તે જ અખંડિત સેવના જાણવી કે જે કપટ રહિત થઇ, ભિન્નભાવ છોડી પતિને નિષ્કપટપણે આત્માર્પણ કરાય અને ત્યારે જ ચિત્તપ્રસન્નતારૂપ પૂજાફળ થાય અને ત્યારે જ આનંદના સમૂહરૂપ પદનો મેળાપ થાય.

પરમાર્થ.

ચેતના અને ચૈતન્યનો તાદાત્મ્ય સંબંધ છે, એમ પ્રથમ ગાથામાં જ કહેલું છે. એટલે પતિના ચિત્તની પ્રસન્નતા તે જ આત્મપ્રસન્નતા જાણવી અને પૂજાનું ફળ પણ તે જ સમજવું.

અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી, વીશ પ્રકારી આદિ અનેક પ્રકારની દ્રવ્ય પૂજાઓ અથવા તપ-ઇંદ્રિયદમન-આદિ અનેક ક્રિયાઓ દ્વારા પૂજાની કલ્પના કરી પૂજા માનવામાં આવે છે, પણ તે દ્રવ્ય પૂજા છે. ખરેખરી ભાવપૂજા તો નિર્દંભપણે આત્માર્પણ કર્યાથી જ થાય છે અને તેવી પૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા છે એટલે કે તેવી પૂજાથી જ ચિત્તને શાંતિ મળે છે.

કપટ એટલે માયા અને ઉપલક્ષણથી બીજા ત્રણ કષાય ક્રોધ, માન અને લોભ પણ ગણવા તેથી નિષ્કપટ એટલે નિષ્કષાય થઇ પરમાત્મામાં આત્મ અર્પણ કરવું. આ આત્મ અર્પણ પાંચમા શ્રી સુમતિનાથ જિન સ્તવનમાં કહેલ છે. તે જ પતિરંજનરૂપ પૂજા છે અને તેનાથી જ આનંદઘન [illegible] કે-એ [illegible] સમૂહનું પદ મેળાપ [illegible]

શ્રી અજિતનાથ ભગવાનનું સ્તવન.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,
અજિત અજિત ગુણધામ;
જે તે જિત્યા રે તેણે હું જિતીઓ રે,
પુરુષ કિસ્યું મુજ નામ. પંથડો૦ ૧.

શબ્દાર્થ.

પંથડો=રસ્તો-માર્ગ, નિહાળું રે=જોઉં, બીજા જિનતણો રે-આ ચોવીશીમાં થયેલા બીજા પ્રભુનો, (તે બીજા પ્રભુ કેવા છે કે) અજિત=કોઈનાથી જીતી ન શકાય તે અજિત, (એવા કેવા કે) અજિત=અજિતનાથ નામના ભગવાન, (કેવા કે) ગુણધામ=ગુણ=સદ્‌ગુણોના, ધરરૂપ-રહેવાના સ્થાન જેવા (છે) જે=જે કષાયો-ષડ્‌રિપુ, તે=અજિતનાથ ભગવાને જીત્યા=જીત્યા છે, તેણે, તે કષાયોએ-ષડ્‌રિપુએ, હું=મને જીતીઓ=જીતી લીધો છે. (તેથી) પુરુષ=પૌરુષગુણયુક્ત અતિવાચક, કિસ્યું=કેવું, મુજ=મારું, નામ-ફક્ત નામ (શોભે! આવું ન શોભે.)

ભાવાર્થ.

આનંદ આત્મા સુમતિને કહે છે —બાહ્ય અને અભ્યંતર વૈરી, અ.મ. ન જીતી શકાય એવા બીજા તીર્થંકર અજિતનાથ ભગવાનનું બતાવેલ અભ્યંતર [illegible] ન મળતી શકાય [illegible] મુક્તિના [illegible] સર્વજ્ઞ. મુક્તી

પેઠે હું માર્ગ જોઉં છું અર્થાત્ જે માર્ગે અજિતનાથ ભગવાને મુક્તતા પ્રાપ્ત કરી તે માર્ગ જોઉં છું.

હે સુમતિ! અજિતનાથ ભગવાનની સાથે તાદાત્મ્ય સંબંધથી તેં જે રાગાદિ શત્રુઓને જીત્યા તે રાગાદિ (રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે) શત્રુઓથી હું પરાજય પામ્યો છું. મારાથી હજુ સુધી સંપૂર્ણપણે તેમના ઉપર જય મેળવી શકાયો નથી; તેથી મારું પુરુષ એવું નામ યોગ્ય નથી. જ્યારે શ્રી અજિતનાથ ભગવાનની પેઠે હું કષાયો પર સંપૂર્ણપણે જય મેળવું ત્યારે જ મારું પુરુષ નામ યોગ્ય છે.

આત્મા અને આનંદઘન એ શબ્દો પુલ્લિંગી છે તેમને લઈને પુરુષનામ યોગ્ય નથી એમ કહ્યું છે.

પરમાર્થ.

જ્યારે કોઈ અર્થ સાધવો હોય અથવા વસ્તુ મેળવવી હોય ત્યારે મોટાઓ તે અર્થ સાધવા અથવા વસ્તુ મેળવવા કેવી રીતે પ્રવર્ત્યા હતા? કેવો પ્રયત્ન કર્યો હતો? તે વિચારી તે માર્ગે પ્રવર્તવું એ બુદ્ધિવાનોનો ધર્મ છે.

શ્રી અજિતનાથ ભગવાને સંપૂર્ણ સુખ પ્રાપ્ત કર્યું છે, એમ જાણી સંપૂર્ણ સુખના ઈચ્છક આ સ્તવનના કરનાર આનંદઘનજી પોતાની મતિ અનુસાર કહે છે કે અજિતનાથ ભગવાને પુરુષાર્થ કરી જે રીતે સંપૂર્ણ સુખ મેળવ્યું તે રીતે તે માર્ગે પ્રવર્તન કરી હું પણ સંપૂર્ણ સુખ મેળવું તેને માટે શ્રી અજિતનાથ ભગવાનનું [illegible]

જેમ શ્રી અજિતનાથ ભગવાને કષાયાદિ શત્રુઓને જીત્યા તેમ હું પણ જો પુરુષાર્થવડે કષાયોને જીતું તો નામ પ્રમાણે ગુણ પ્રાપ્ત થતાં મારું પુરૂં નામ સાર્થક થઇ શકે; પણ આ તો તેથી ઊલટું છે.—જે કષાયોને અજિતનાથ ભગવાને જીત્યા, તે કષાયોએ મને જીત્યો છે; તેથી ખેદ સહિત જેમ મૃગના ટોળાથી જુદો પડેલો મૃગ, મૃગોનું ટોળું કઈ દિશાએ નિર્ભય સ્થાનકે ગયું-તે પોતાના ટોળાના માર્ગને જુએ, તેમ હું શ્રી અજિતનાથ ભગવાનનો માર્ગ જોઉં છું.

ચરમનયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇયે રે, નયણ તે દિવ્ય વિચાર.
પંથડો૦ ૨.

શબ્દાર્થ.

ચરમનયણ=ચામડાની આંખો-બાહ્ય ચક્ષુઓ, (તેણે) કરી=તેવડે, મારગ=રસ્તો, જોવતાં=જોતાં, ભૂલ્યો=ભૂલી ગયો=ચૂક્યો, સયલ=સઘળો, સંસાર=લોકોનો સમુદાય=જગત, (કારણ કે) જેણે=જે નયણે કરી=આંખોવડે કરીને, મારગ=રસ્તો, જોઇએ રે=જોવો જોઇએ, નયણ તે=તે આંખો, (કેવી જોઈએ તો કે) દિવ્ય વિચાર=અલૌકિક ચક્ષુઓ (જોઇએ. એમ હે સુમતિ! તું વિચારજે=ધ્યાનમાં રાખજે, અથવા દિવ્ય વિચાર એટલે અલૌકિક વિચારરૂપ જ્ઞાનચક્ષુ જોઈએ. [એમ પણ અર્થ થઇ શકે]

ભાવાર્થ

શ્રી અજિતનાથ ભગવાન મુક્તિના પામ્યા તે માર્ગને બાહ્ય ચક્ષુથી જોતો અને તે જ સત્ય ધારતો આખો સંસાર ભૂલ્યો છે.

હું વારુ પણ તેમ પરમાત્મપણું પામવારૂપ માર્ગ જોવાને દિવ્ય વિચારરૂપ જ્ઞાનચક્ષુ જ જોઇએ અને તે જ આ શ્રી અજિતનાથ ભગવાનનો માર્ગ જોવાય તેમ છે

પરમાર્થ.

અજિતનાથ ભગવાનનું આવું પ્રવર્તન હતું, આમ ઉપદેશ દેતા, આમ આહાર લેતા, આવાં વસ્ત્ર હતાં વા દિગંબર હતા—વગેરે બાહ્ય પ્રવર્તનને બાહ્યચક્ષુએ જોઈ નિશ્ચય કરનાર જગતના લોકો ભૂલ કરે છે.

ભગવાનની બાહ્ય પ્રવૃત્તિ ઉપર નજર ન રાખતા આત્મા સાથે અનાદિ સંબંધમાં આવેલા કર્મ સમૂહનો નાશ કરી તે ભગવાન્ નિરિચ્છકપણે આત્મામાં જ સ્થિતિ કરી કેવી રીતે પરમાત્મપણું પામ્યા, એ આદિ દિવ્ય વિચારરૂપ જ્ઞાનચક્ષુએ પરમાત્મપણું પામવાનો માર્ગ જોવો.

મધ્યસ્થ દૃષ્ટિ રાખી મહાત્માઓનો સત્સંગ કરતા તેમણે આપેલા દિવ્ય વિચારરૂપ જ્ઞાનચક્ષુથી ભગવાનનો માર્ગ જોનાર જ ખરેખરો માર્ગ પામી શકે છે; બાકી જાતિ, કુળ, વેષ વગેરેપર મમત્વ રાખનાર કદી પણ ભગવાનનો માર્ગ જાણવાને સમર્થ થનાર નથી.

પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પળાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ હોય.
પંથડો૦ ૩.

શબ્દાર્થ.

પુરૂષપરંપર=એક પછી એક થતા પુરૂષો અથવા એક આચાર્યની પછી તેના પદ ઉપર નિમાયલા બીજા આચાર્યો. (તેમનો) અનુભવ=માર્ગ–રીતિ–જ્ઞાન, જોવતાં રે=જોતાં અથવા અનુભવથી વિચાર કરી પુરૂષપરંપરા જોતાં, અંધોઅંધ=આંધળાની પાછળ આંધળો દોરાઓ જાય એવું છે. વસ્તુ=તત્ત્વ, (તેને) વિચારે રે જો આગમે કરી રે=જો આગમ એટલે જૈન સિદ્ધાન્ત પ્રમાણે (કો૦) વિચારો જુએ તો. ચરણધરણ=પગ મુકવાનું ઠાણું નથી. હોય=કાણુ.

ભાવાર્થ

જો ગુરુપરંપરાથી ચાલતો આવેલો તે જ માર્ગ એમ વિચા રીએ છીએ તો ગચ્છ અને મતાવલંબીઓની પરંપરા નજરે પડે છે, એટલે પુરુષપરંપરાથી પણ માર્ગ નિરધાર કરવાનું સાધન નથી. ઊલટું જેમ કોઈ અંધપુરુષે આગેવાન થઈ બીજા અંધપુરુષને માર્ગ બતાવવા પ્રયત્ન કર્યો હોય અને એ વા સત્ય માની, પહેલાની પાછળ બીજો અને બીજાની પાછળ ત્રીજો, એમ આંધળાઓની શ્રેણી ચાલતી હોય તેવું થયેલું છે. એટલે તે રીતે માર્ગપ્રાપ્તિ કઠિન છે.

વળી આગમને આધારે વા શાસ્ત્રને આધારે તત્ત્વનો વિચાર કરીએ, અને શાસ્ત્રમાં જે પ્રમાણે શ્રી અજિતનાથ ભગવાનનું પ્રવ ર્તન જણાવ્યું છે તે પ્રમાણે વર્તવા ઈચ્છા કરીએ તો તેમ પણ બનતુ નથી; કારણ ભગવાન્ જે રીતે પ્રવર્ત્યા તે માર્ગે પ્રવર્તવાની વાત તો બાજુ પર રાખીએ પણ તે માર્ગમાં પગ મૂકવાનું ઠેકાણું પણ નથી, અર્થાત્ તે માર્ગમાં પગ મૂકવાનું પણ મારું સામર્થ્ય નથી.

પરમાર્થ.

હું અમુક ગચ્છનો છું, અમારી અમુક ગુરુપરંપરા છે, અને તે પરંપરાને આધારે અમે જે ક્રિયા કરીએ છીએ તે જ સત્ય છે, બીજા નિદ્રા છે–મિથ્યાત્વી છે–એવું કહી અન્યની નિંદામા પ્રવૃત્તિ કરનાર રાગદ્વેષાધીન વૃત્તિથી પ્રવર્તનારે ચલાવેલા ગચ્છો તથા મતોને મૂળ પ્રમાણમા લઇ તેવા મતના આગ્રહી એક આચાર્ય પછી બીજા આચાર્ય અને ગુરુ પછી બીજા ગુરુથી ચાલતા આવેલા સંપ્રદાયના ક્રિયાકાંડ એ જ ભગવાનનો માર્ગ છે, એમ ધારી પ્રવૃત્તિ કરનારને અજિતનાથનો

સત્ય માર્ગ પ્રાપ્ત થતો નથી અને તે માત્ર અંધપરંપરા પ્રમાણે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકતા નથી.

જો સિદ્ધાન્ત પ્રમાણે ભગવાનનો માર્ગ વિચારીએ છીએ તો કર્મો નો નાશ કરી આત્મૈશ્વર્ય પ્રાપ્ત કરી ભગવાને વર્તન કર્યું હતુ પ્રમાણે કષાયોનો નાશ કરવો અતિ કઠણ છે, એટલે આગમ પ્રમ ભગવાનનો માર્ગ વિચારતાં તે માર્ગે પ્રવર્તવું તો શું પણ પગ મૂ વાનું સામર્થ્ય પણ દેખાતું નથી.

તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.

પંથડો૦ ૪.

શબ્દાર્થ.

તર્ક=કલ્પના, (તેના) વિચારે રે=વિચારવાથી, (શું થાય તો કે) વાદપરંપરા રે=વાદની પરંપરા ચાલે છે—પૂર્વપક્ષ ઉત્તરપક્ષ થયા જ કરે છે. (પણ તે રીતે) પાર ન પહુંચે કોય=કોઇ પણ પાર પામી શકતો નથી. વાદવિવાદ એક તર્કમાંથી બીજો તર્ક નીકળ્યા જ કરે છે. અભિમત=ઇચ્છિત પ્રાપ્ત કરવા યોગ્ય, વસ્તુ રે=તત્ત્વ, (તે) વસ્તુગતે=જે પ્રમાણે યથાયોગ્ય છે તે પ્રમાણે, કહે રે=કહી બતાવે, તે=તેવા મહાત્માઓ, વિરલા=થોડા ક્વચિત્, જગજોય=જગતમાં દેખાય છે.

ભાવાર્થ.

પોતાની મેળે તર્કથી વિચાર કરતાં એટલે તર્કોથી શંકા અને સમાધાન કરતાં એક શંકામાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ પરંપરા ચાલ્યા જ કરે છે, તેથી તેવી રીતે કોઇ પણ પાર પહોંચી શકતા નથી. પામવા યોગ્ય વસ્તુ (ભગવાનનો માર્ગ) જેમ સિદ્ધાન્તમાં છે તેમ કહેનાર જગતમાં કોઇક ...લા દેખાય છે

પરમાર્થ.

શ્રી અજિતનાથ ભગવાનનો માર્ગ તર્ક વિચારે કરીને નિશ્ચય કરીશું એમ કોઇ કહે તો તે પણ બને તેમ નથી; કારણ કે શંકાઓ એટલી બધી છે કે એક શંકાનું સમાધાન તર્કવડે કરતાં તેમાંથી બીજી શંકા ઉત્પન્ન થાય છે અને બીજીમાંથી ત્રીજી, એમ થતાં વિવાદ હમેશ ચાલ્યા કરે છે, તેનો છેડો આવતો નથી. આયુષ્ય ઓછું છે, જ્ઞાની મદના છે, તર્કોનો છેડો લાવનાર તેવા જ્ઞાનીમહારાજ દેખાતા નથી માટે વિવાદ અને તર્કોથી માર્ગ પ્રાપ્ત થાય તેમ લાગતું નથી.

વળી વિચાર કરીએ કે "કદિ તર્કોથી ભગવાનનો માર્ગ ન મળ્યો તો સિદ્ધાન્તથી ભગવાનનો તે માર્ગ મળશે, કારણ વાદી પ્રતિવાદીથી થયેલો નિશ્ચય તે સિદ્ધાંત એમ કહેવાય છે. ગણધરોએ અને પૂર્વાચાર્યોએ આવા અનેક સિદ્ધાન્તો કર્યા છે અને પુસ્તકોમાં લખ્યા છે. તે સાંભળી વા વાંચી માર્ગનો નિશ્ચય કરીશું." આમ બનતુ પણ કઠણ છે,

પામવા યોગ્ય એવી વસ્તુ (જિનમાર્ગ) સિદ્ધાન્તોમાં જેમ છે તેમ તથાપ્રકારથી કહેનાર પણ જગતમાં ક્વચિત જ જોવામાં આવે છે. બાકી રાગ-દ્વેષથી જેમનાં ચિત્ત દૂષિત છે, અને જેઓ મતના આગ્રહરૂપ ગ્રાહથી ગ્રસાયલા છે, તેમની પાસેથી શાસ્ત્રશ્રવણ કરી ભગવાનનો માર્ગ પામવો તે સર્પની પાસેથી અમૃત અને મર્કટની પાસેથી શાન્તિ મેળવવા જેવું છે.

વસ્તુ વિચારે રે દિવ્યનયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
પંથડો૦ ૫

શબ્દાર્થ.

વસ્તુ=તત્ત્વ, (તેના) વિચારે રે=વિચારવામાં-શોધવામાં, દિવ્યનયણતણો રે=દિવ્ય ચક્ષુનો-જ્ઞાન ચક્ષુનો, વિરહ પડ્યો=

બંધ છૂટી ગયો-તથાપ્રકારના જ્ઞાની પુરુષો મળતા નથી તે
ય વિરહ પડ્યો, નિરધાર=નક્કી.

(બાકી આપણને હાલમાં તો) તરતમ=તથા વિશેષપણે
ળતા, જોગે રે=સંયોગોના અનુસારે, તરતમ=વિશેષપણે થતી,
ાસના રે-જ્ઞાનરૂપ સુવાસ (તેનાથી) વાસિત-વાસવાળો થયેલ,
જે) બોધ=જ્ઞાન (તે જ) આધાર=અવલંબ રહેલો છે.

અર્થાન્તર.

તરતમ-યથાવિશેષ, જોગે રે-મન, વચન, કાયાનું સામર્થ્ય
ે યોગ તેનાથી, તરતમ-યથાવિશેષ, વાસના રે-જ્ઞાનરૂપ સુવાસ,
તેનાથી) વાસિત-વાસવાળો થાય અથવા બોધવાળો થાય,
કોણ થાય ?) બોધાધાર-બોધના આધારરૂપ જે આત્મા તે.

ભાવાર્થ.

વસ્તુરૂપ ભગવાનનો માર્ગ વિચારવામાં દિવ્ય નયનનો
વિરહ છે એટલે જ્ઞાનરૂપ નેત્ર નથી. બાકી સંયોગો પ્રમાણે
જેવો જેવો સંસ્કાર થાય છે તેના અનુસારે જે બોધ પ્રાપ્ત
થાય છે તે જ આજકાલ આધાર રહેલ છે; તેથી હમણાં ને
હમણાં જ ચોક્કસ નિર્ણય થવો બહુ દુર્લભ છે.

દ્વિતીય ભાવાર્થ.

જેમ જેમ મન, વચન, કાયાના યોગમાં તારતમ્ય એટલે
યથાવિશેષપણું થાય છે, તેમ તેમ બોધના આધારરૂપ આત્મા
પણ વાસનાથી વિશેષ વાસિત થાય છે.

તૃતીય ભાવાર્થ.

ભગવાનના માર્ગ વિચારવારૂપ વસ્તુના વિચાર કરવામાં

દિવ્ય નયનવાળા અપ્રમત્ત મુનિરાજ અથવા તેવા જ બીજા મહાત્માઓ ઉત્કૃષ્ટપણે વિચારીએ તો કેવળજ્ઞાની મહારાજનો વિરહ પડેલો છે, તેથી તે દ્વારાએ પણ વસ્તુ વિચારરૂપ માર્ગ પ્રાપ્ત થતો નથી. મહાત્માના યોગમાં જેટલી તરતમતા–વિશેષના હોય એટલે કે મહાત્માઓનો ઉપયોગ વિશેષ હોય તેમ તેવા બોધના આધારરૂપ આત્મામાં વિશેષ શ્રદ્ધા થઈ શકે, તોપણ નિઃસંદેહ જ્ઞાન કહેવાય નહિ, તેથી દિવ્યચક્ષુ વિના ભગવાનનો માર્ગ યથાર્થ જાણવો અતિ કઠણ છે.

પરમાર્થ.

વિચાર કરતાં તેવાં સાધનોના અભાવે ભગવાનનો તથારૂપ માર્ગ મળવો અતિ કઠણ છે, એમ બતાવી બુદ્ધિની તીક્ષ્ણતાથી અથવા કોઈ મહાત્માઓના સમથી ભગવાનનો માર્ગ વિચારે તો જેટલું યોગ તારતમ્ય એટલે યથાવિશેષપણું હોય, તેટલો માર્ગ પ્રાપ્ત થાય, પણ તેથી તે નિશ્ચય બરાબર સંપૂર્ણ જ છે એમ કહેવાય નહિ કારણ અપ્રમત્ત અવસ્થાવાળા મહાત્મા સિવાય તેવા અનુભવનો કોઈ સાક્ષી નથી.

કાળલબ્ધિ લઇ પંથ નિહાળશુ રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ
પંથડો૦ ૬

શબ્દાર્થ.

કાળલબ્ધિ સમર્થ=વખત મળે, પંથ=માર્ગ, નિહાળશુ=જોઈશું, એ આશા=બીજે વખતે તેવા જ્ઞાની મળતાં માર્ગ જોઈશું એ રૂપ આશાને, અવલંબ=આધાર, એ જન=જન, જીવે [illegible] છે [illegible] જિનજી=હે જિનેશ્વર ભગવાન (આપ [illegible] જાણજો [illegible] આનંદઘન=આનંદ

શ્રી સંભવનાથ ભગવાનનું સ્તવન.

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.
સંભવ૦ (ટેક) ૧

શબ્દાર્થ.

સંભવદેવ=આ ચોવીશીમાં થયેલા ત્રીજા શ્રી સંભવનાથ ભગવાન, તે=તેમને, ધુર=પ્રથમ, સેવો=સેવા કરો, (ભવ્ય) સવે રે=સર્વ પ્રાણીમાત્ર, (શી રીતે ?) લહી=પામી-જાણી (શું ? તો કે) પ્રભુ=ભગવાન, (તેમની) સેવનભેદ=સેવા કરવાનો ભેદ, (જાણીને પ્રભુને સેવો.)

સેવનકારણ=સેવા કરવામાં, પહેલી=પ્રથમ, ભૂમિકા રે=ભૂમિ (પગથિયું) (શું છે ? તો કે) અભય, અદ્વેષ અને અખેદ. (આ ત્રણે પદનો વિશેષ અર્થ આગળ સમજાવ્યો છે તે જુઓ.)

ભાવાર્થ.

અવતરૂ-આત્મ-હે ભવ્ય પુરુષો ! સેવાનુ રહસ્ય સમજીને પ્રથમ ભગવાનની સેવા કરો !

આ સેવાની પહેલી ભૂમિકા તે અભયપણુ, અદ્વેષપણુ અને અખેદપણુ જાણવુ

પરમાર્થ.

હે ભવ્ય [illegible] પ્રેમ કરવુ હે!
[illegible] (અર્થાત્ [illegible] મુક્તપણુ પ્રાપ્ત કરવુ

ગુણ, (તે) અબોધ=અજ્ઞાનતા છે, (એમ) લખાવ=સમજાવ. (અથવા એ દોષો અબોધને ઓળખાવે છે.)

ભાવાર્થ.

પરિણામની ચલચળતા એટલે ચપળપણું તે ભય, અરોચક ભાવ એટલે મનમા વસ્તુનું જે અપ્રિય લાગવાપણું અથવા ન રુચવાપણું તે દ્વેષ, પ્રવૃત્તિ કરતાં અથવા ક્રિયા કરતાં થાકીએ તે ખેદ; આ ત્રણે દોષો સ્વરૂપના અજાણપણાથી થાય છે

પરમાર્થ.

ભગવાનના ગુણોના વિચારાદિ ચિંતવનમાંથી ચિત્ત ચળી જઈ અન્ય વિષય પર જાવું તે અથવા ચિત્તની અસ્થિર સ્થિતિ (ચિત્તનું ચાપલ્ય) તે ભય આવી ભયની સ્થિતિ હોવાથી ધ્યાન થઈ શકતું નથી, માટે ભગવાનની સેવા ઇચ્છનારે પ્રથમ ચિત્તમાંથી ચાપલ્યતા દૂર કરી અભય થવું

જ્યારે એક વસ્તુ વારંવાર પ્રાપ્ત થાય છે ત્યારે અથવા કર્મબંધથી અનાદિથી કુભાવની પ્રવૃત્તિ કરતાં પ્રતિકૂળ એટલે શુભ કાર્ય કરવું હોય છે ત્યારે તેવું પ્રવર્તન જીવને રુચતું નથી, તેથી તેવા પ્રવર્તન ઉપર દ્વેષ થાય છે; અને દ્વેષ થવાથી શુભ ધ્યાન કરતાં તેના ઉપર અભાવ થવાથી ત્યાંથી ચિત્ત ચળી જાય છે; માટે દ્વેષ ત્યાગવા યોગ્ય છે; એટલે ચિત્તમાં સંકલ્પ કરીને શુભ ક્રિયા તરફ જેમ અરુચિ ન થાય તેમ કરવું.

ધ્યાન તથા જ્ઞાનાદિના અભ્યાસમાં પ્રવૃત્તિ કરતાં થાકી જવું તે એ એટલે કે પરમાત્માના વા પોતાના સ્વરૂપ ચિંતવન તરફ અરુચિ ન થાય [illegible]

[illegible]

થશે. ઈત્યાદિ આલસ્ય વધારનાર પ્રમાદરૂપ વાક્યો બોલી પ્રાણીઓને પુરુષાર્થ કરતા રોકે છે તે બરાબર નથી એમ બતાવ્યું છે.

પુરુષાર્થ કરીને જેમણે અભય, અદ્વેષ અને અખેદપણું પ્રાપ્ત કર્યું છે તેમની ભવસ્થિતિ પરિપક્વ થઈ છે, અને તેમણે ગત્યાગતિનો અભાવ કરવારૂપ સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે એમ જાણવું.

તે જ પ્રમાણે તેમનું ચરમાવર્ત બાકી છે, વળી તેમણે જ અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ કર્યું છે એમ જાણવું. ઉપર પ્રમાણે જેમને અભયપણું, અદ્વેષપણું અને અખેદપણું પ્રાપ્ત થાય તેમની દૃષ્ટિ ખુલે છે અને તેમને સિદ્ધાંતના વાક્યો પ્રાપ્ત થાય છે. એટલે સિદ્ધાંતનાં વાક્યો પર તેમને જ ખરેખરી શ્રદ્ધા હોય છે.

નોટઃ—૧ જ્ઞાનસારજીકૃત બાળાવબોધમાં આ ગાથાનો ભાવ બીજી રીતે આપ્યો છે ભય, દ્વેષ અને ખેદરૂપ દોષ કેમ ટળે તો કહે છે કે, અનંત પુદ્ગલપરાવર્તન સંસારમાં જ્યારે જીવને છેલ્લું પરાવર્તન બાકી હોય અને ચરમકરણ એટલે અનિવૃત્તિકરણની પ્રાપ્તિ થાય તેમજ "ભવપરિણતિ"નો પરિપાક—એટલે સંસાર પરિણતિ મોળી પડે ત્યારે જીવના ભય, દ્વેષ અને ખેદરૂપ દોષ ટળે છે. પ્રકાશક.

પરિચય પાતિકઘાતક સાધુશું રે, અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત.
સંભવ૦ ૪

શબ્દાર્થ.

પરિચય=સંબંધ, (કોનો) પાતિકઘાતક=પાપોનો નાશ કરનાર, સાધુશું રે=સાધુઓથી, (સાધુઓ સાથે) (તેથી શું થાય?) અકુશળ=અકલ્યાણકારી, મલિનતાનો અપચય=નાશ થાય. (શાની મલિનતાનો નાશ થાય) ? (તો કે) ચેત=ચિત્તની (મનની) (અર્થાત્ મનમાંથી મલિનતા દૂર થાય) ગ્રંથ=શાસ્ત્રો, અધ્યાતમ=અધ્યાત્મનો વિષય જેમાં મુખ્ય હોય તેવા; શ્રવણ=

સાંભળવું. મનન=મનમાં વિચારવું; તેમ કરીને, (શાને માટે?)
પરિ=સમસ્ત પ્રકારે, શીલન=મળવું તે પરિશીલન, નય=નયોનું
તેના) હેત=માટે.

ભાવાર્થ.

અંતરૂ આત્મા–પાપનો નાશ કરનાર સાધુપુરુષોનો પરિ-
થતાં ચિત્તની અકલ્યાણકારી સ્થિતિનો નાશ થાય, તેથી
ધ્યાત્મિક ગ્રંથના શ્રવણ અને મનનવડે પોતાનું આત્મસ્વરૂપ
સ્તપણે પ્રાપ્ત થાય.

પરમાર્થ.

થમ અભય, અદ્વેષ અને અખેદપણું પ્રાપ્ત થવાથી તેમજ ભ
પરિપાક થવાથી ત્રીજી ગાથામાં કહ્યા પ્રમાણે હેવટે સિદ્ધાંત
ર શ્રદ્ધા થાય.

ન્તનાં વાક્યો પર શ્રદ્ધા થતા, પાપોનો નાશ કરનારા જે સંત
ય છે, તેમનો સત્સંગ થાય. સાધુપુરુષોના સમાગમમાં આવ્યાથી
રી અશુદ્ધ શ્રદ્ધા ચિત્તમાંથી દૂર થાય અથવા ચિત્ત શુદ્ધ
થાય; અને તેમ થતા આધ્યાત્મિક શાસ્ત્રોનું શ્રવણ મનન કરે
ાદ હેતુ નિસારત. ભગવાનના સ્વરૂપ સાથે પોતાના આત્મ-
સ્ત પ્રકારે સરખાવવું થવાથી પોતાને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત
િત પોતાના સ્વરૂપને મેળવવું.)

ા હોય કારણ નિપજે રે, એમાં કોઈ ન વાદ;
િના કારજ સાધિયે રે, એ નિજ મત ઉનમાદ.

શબ્દાર્થ. ના૦.

[illegible]

વાદ=કોઇ પણ પ્રકારનો વિવાદ એટલે તકરાર નથી. પણ કારણ વિણ=જેનાથી કાર્ય થાય એવું કારણ મેળવ્યા વિના, કારજ=કામ, સાધિયે રે=જે સિદ્ધ કરવા જઇએ, એ તો, નિજ=પોતાની, મત=મતિનો, ઉનમાદ=ગાંડાપણું જાણવું.

ભાવાર્થ.

કાર્ય કરવામાં, કારણ એટલે જેનાથી કાર્ય થઇ શકે તે સાધન મળે તો કાર્ય થાય, એમાં કાંઇ વાદ નથી. પણ કારણ મેળવ્યા વિના કાર્ય કરવાનું ધારવું, તે માત્ર પોતાના મતનો ઉન્માદ એટલે ગાડાપણું સમજવું, મતલબ કે જો કારણ મેળવ્યા હોય તો જ કાર્યની સિદ્ધિ થાય.

પરમાર્થ.

જો ઘડો કરવો હોય તો તે ઘટરૂપ કાર્ય કરવામા ઉપાદાન કારણ માટી અને નિમિત્તકારણ દંડ ચક્રાદિ, એ મળે તો કર્તા (ઘડો કરનાર કુંભાર) ઘડો બનાવી શકે કોઇ એમ ધારે અથવા એમ જો કોઇ કહે તો તેમા વાદ નથી, એટલે તેમ બનવુ સંભવિત છે, પણ તેથી જે કોઇ ઉલટું જ કહે કે માટી, ચાક અને દંડ વિના ઘડો બનાવુ, તો એ માત્ર ગાડાપણું જ છે એમ સમજવુ

સ્વસ્વરૂપને પ્રાપ્ત કરવારૂપ, અથવા મુક્તાના પ્રાપ્ત કરવારૂપ કાર્ય કરેવનું કે આ કાર્ય જો પરમેશ્વરના સ્વરૂપ સાથે પોતાના સ્વરૂપનુ મળવું થયું તે જ થાય તેમ છે અને તેને માટે ભગવાનની સેવા કરવી યોગ્ય છે

ભગવાનની સેવા એ મુક્તા[illegible]રૂપ સંપાદન કરણ[illegible] છે તેથી [illegible] ભગવાનની સેવા[illegible] કારણ મેળવે, ત[illegible] મુક્તારૂપ કા[illegible]રી [illegible] એમ [illegible] નથી [illegible] ભગવાનની સે[illegible]રૂપ કારણ મેળવ્યા [illegible] મેળવ[illegible] [illegible] તેમ કરવું તે માત્ર ગાડાપણું [illegible] એમ

પ્રાપ્ત કરવું, તેથી ભગવાનની સેવામાં પણ અનુક્રમે અભય, અદ્વેષ અને અખેદપણું પ્રાપ્ત કરી ક્રમવડે ભગવાનની સેવા મેળવી મુક્તતા પ્રાપ્ત કરવી.

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસરૂપ.
સં૦ ૬

શબ્દાર્થ.

મુગ્ધ–ભોળા પ્રાણીઓ, સુગમ=સહેલી, કરી=ધારી. સેવન= ભગવાનની સેવાને, આદરે રે=આદરે છે (કરવા માંડે છે, પણ) સેવન=ભગવાનની જે સેવા તે, અગમ=ન સમજાય તેવી અને, અનુપ=જેની બીજાને ઉપમા ન આપી શકાય તેવી છે; (તેથી) દેજો=આપજો. કદાચિત=કોઇ વખતે (શું?) સેવક=ચાકર, તેની યાચના=માગણી, (શાની માગણી? તો કે ભગવાનની સેવાની) (કોણ આપજો? તો કે) હે આનંદઘન રસરૂપ! હે આનંદના ગાઢ રસરૂપ પ્રભુ! (કોઇ વખત સેવા આપજો.)

ભાવાર્થ.

અંતરૂ આત્મા–ભોળા લોકો સંભવનાથ ભગવાનની સેવા સુગમ છે એમ ધારે છે અને તેમ ધારી સેવાને આદરે છે.

પણ ભગવાનની સેવાની ઉપમા પણ કોઇને આપી ન શકાય તેવી છે. એટલે તે સેવા) અનુપમ અને અગમ્ય છે.

હે [illegible] આનંદના સમૂહરૂપ (આનંદઘન) પ્રભુ! મને કોઇ [illegible] વખત પણ આપની તેવી સેવા આપજો! એવી મારી [illegible] સેવકની વિનતિ છે

પરમાર્થ.

પૂર્વોક્ત પ્રકારે અભય, અદ્વેષ અને અખેદપણારૂપ પ્રથમ ભૂમિકાવાળી ભગવાનની સેવા અગમ અને નિરુપમ છે, છતાં ભોળા લોકો, તે ભગવાનની સેવા સુગમ છે એમ ધારીને તે કરવા માંડે છે, એ તેમની કેટલી મોટી ભૂલ છે; તે બતાવવા આનંદઘનજી જેવા મહાત્મા પણ ભગવાનની વિનતિ કરી યાચના કરે છે કે–હે પ્રભુ! આ ભવમાં અથવા ભવાન્તરમા પણ આપનો સેવક જે હું, તેને આપની સેવા આપજો! અર્થાત્ આપની સેવા પ્રાપ્ત થજો! અને ભગવાનની સેવા એક વાર પ્રાપ્ત થઇ તો મુક્તતાનું કારણ મળવાથી મુક્તતારૂપ કાર્ય થવામાં સદેહ નથી; એમ ખાત્રી હોવાથી જ ભગવાનની પાસે સેવા આપવાની આનંદઘનજી મહારાજે વિનંતિ કરી છે.

તેથી મહાત્મા પુરુષોદ્વારા ભગવાનની સેવા જાણી તે પ્રાપ્ત કરવાનો મુમુક્ષુ જનોએ પ્રયત્ન કરવો યોગ્ય છે. મતિકલ્પનાથી કે કુળરૂઢીથી કરેલી સેવાનો આચરણ મોક્ષનું કારણ થાય એમ સમજવું નહિ.

---

૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

અભિનંદન જિન દરિસણ તરસિયે, દરિસણ દુર્લભ દેવ;
મતમત ભેદે રે જો જઇ પૂછિયે, સહુ થાપે અહમેવ.
અભિનંદન૦ ૧ (ટેક)

શબ્દાર્થ.

અભિનંદન=ચોથા તીર્થંકર શ્રી અભિનંદન નામના ભગવાન, જિન=રાગાદિ શત્રુઓ જેમણે જીત્યા છે, તેમનું દરિસણ=મત, શાસ્ત્ર અથવા તત્ત્વ તેના પ્રતિ, તરસિયે=ઇચ્છા કરીએ

છીએ, (તૃષ્ણા કરીએ છીએ) (ખરેખરી રીતે પ્રબળ ઇચ્છ
થવી તે, દરિસણ, મત, માર્ગ અથવા દેખવું તે) દુર્લભ=અ
કઠણ છે. (દુઃખે કરી પામીએ તેવું છે) કોનું દર્શન તેવું છે
તો કે) દેવ=અભિનંદન ભગવાનનું.

મતમત ભેદ રે=જુદા જુદા દર્શનોવાળાને. જો=કદાપિ, જ
પૂછિયે=જઈને પૂછીએ કે, (અમારે ભગવાનનાં દર્શન કરવાં
અથવા ભગવાનનો ખરેખરો માર્ગ શું ? તે જાણવો છે, તો
સહુ=બધા, થાપે=સ્થાપન કરે (શું સ્થાપના કરે ? તો કે
અહમેવ=અમારો માર્ગ જ ભગવાનનો માર્ગ છે.

ભાવાર્થ.

અંતરૂ આત્મા—હું અભિનંદન ભગવાનનું સ્વરૂપપ્રાપ્તિ
માર્ગરૂપ દર્શન જોવા ખરેખરો આકાંક્ષી છું. (ખરેખરો ઇચ્છ
છું) પણ ભગવાનનું દર્શન (માર્ગ) ઘણું દુર્લભ છે, અર્થા
દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવું છે. જૂદા જૂદા મતો(દર્શનકારો)
જઈને પૂછીએ કે, પ્રાપ્ત થાય તેવું ભગવાનનું દર્શન કયું છે ? તે
દરેક વણ કહે છે કે—અમારું દર્શન એટલે મત છે તે જ મોક્ષ
પ્રાપ્તિનો માર્ગ છે અને તે જ ભગવાનનું દર્શન છે.

વ્યંગાર્થ.

હું અભિનંદન ભગવાનનું એટલે શુદ્ધ આત્માનું દર્શ
કરવા ઇચ્છુ છું, પણ તે આત્માનું દર્શન અતિ દુર્લભ છે

જૂદા જૂદા મતમા જઈને જો પૂછીએ છીએ તો દરે
[illegible] કહે છે કે-અમા[illegible] [illegible] પદાર્થ પ્રવૃત્તિ કરવાથ
[illegible]
[illegible]

પરમાર્થ.

ભવ્ય પ્રાણીઓ અથવા મુમુક્ષુ જનો હમેશાં શુદ્ધ માર્ગ પામવાની તીવ્ર અભિલાષાવાળા હોય છે. તે માટે અભિનંદન ભગવાનનું દર્શન, અર્થાત્ જિનદર્શન પામવાને ઇચ્છે છે; પણ યથાર્થ રીતે જિનદર્શન પ્રાપ્ત થવું અતિ કઠણ છે.

જે જે ગચ્છોમા અને મતોમાં જઇને પૂછીએ કે ભગવાનનો માર્ગ કયો ? ખરૂં દર્શન કયું ! તો દરેક મતવાળા અને દરેક ગચ્છવાળા પોતાની જ વાત અથવા ગચ્છની પરંપરાને સ્થાપન કરે છે; એટલે કહે છે કે, અમે જે જૈનદર્શન પામ્યા છીએ અને પ્રવૃત્તિ કરીએ છીએ તે જ જૈનદર્શન છે, પણ નિષ્પક્ષપાતપણે ખરું જૈનદર્શન બતાવતા નથી.

સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ શશીરૂપ વિલેખ.
અભિનંદન૦ ૨.

શબ્દાર્થ.

સામાન્યે=સામાન્ય પ્રકારવડે, દરિસણ=આપનો માર્ગ અથવા ભગવાનનું દેખવું, દોહિલું=કઠણ છે અને નિર્ણય=નિશ્ચય, સકળ=સમસ્ત (સંપૂર્ણ), વિશેષ=વિશેષ રીતે થવો (તે કઠણ હોય જ)) જેમકે મદમેં=મદ ચઢવાથી (અથવા નીસો ચઢવાથી થયેલી સ્થિતિ) તેમાં, ઘેર્યો રે=ઘેરાયેલો, એવો (કોણ ?) અંધો=આંધળો માણસ, કેમ કરે=શી રીતે કરી શકે ? (શું શી રીતે કરી શકે ? તો કે) રવિ=સૂર્યનું, શશી=ચંદ્રમાનું, રૂપ=સ્વરૂપનું, વિલેખ=ચીતરવું તે અથવા જાણવું તે.

ભાવાર્થ.

અંતર્ આત્મા—સામાન્ય પ્રકારે વિચારતા અથવા જોતા આપનું દર્શન પામવું કઠણ છે, અને સમસ્ત પ્રકારે વિશેષપણે

(દર્શનનો) નિર્ણય થવો તે અતિ કઠણ છે. કેમકે મદમાં ઘેરાયેલો આંધળો માણસ સૂર્ય અને ચન્દ્રનું સ્વરૂપ કેવી રીતે જાણી શકે?

પરમાર્થ.

સામાન્યપણે અનેક મતમતાન્તરોના ભેદોથી આપણા શુદ્ધ જૈનદર્શનનું પામવું કઠણ છે. તેમ સમસ્ત નય, નિક્ષેપ અને પ્રમાણ આદિથી ભગવાને ધર્મનું સ્વરૂપ વિશેષ પ્રકારે કહેલું છે. તેમ સમજાવું પણ કઠણ છે. સામાન્યપણે અને વિશેષપણે જૈનદર્શનનો નિશ્ચય કરવાનો માર્ગ જો મતવાદીઓ અને ગચ્છવાદીઓને પૂછવા ધારીએ તો, મૂળે જન્માંધ અને તેમાં વળી મદિરા પીવાથી ઉન્મત્ત થયેલો માણસ જેમ સૂર્ય ચન્દ્રનું સ્વરૂપ જાણી શકે નહિ અથવા ચિતરી શકે નહિ, તેમ મતવાદીઓ મૂળે તો મિથ્યાત્વી અને અજ્ઞાની, અને તેમાં વળી તેમણે મત અથવા ગચ્છના આગ્રહરૂપ મદિરા પીધેલી, તેથી તેમનાથી નિષ્પક્ષપાતપણે આપનું દર્શન પ્રાપ્ત કરાવી શકાય નહિ એટલે પૂર્વે કહેલાં કારણોથી તેઓ આપના દર્શનને જાણતા નથી, તેથી સામાન્ય પ્રકારે તેમજ વિશેષ પ્રકારે જૈનદર્શન પામવું અતિ કઠણ છે.

હેતુ વિવાદે હો ચિત ધરી જોઇએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહિ, એ સબળો વિષવાદ.
અભિનંદન૦ ૩

શબ્દાર્થ.

હેતુ=કારણ બતાવી, વિવાદ હો=પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ કરવો તેનાવડે, ચિત્ત ધરી=મનમાં વિચારીને, જોઇએ=જો જોઇએ છીએ તો, અતિ દુરગમ=અત્યંત કઠણ લાગે છે, (શું ? તો કે) નયવાદ=સાતે નયોમાંના દરેક નયનું પ્રતિપાદન.

આગમવાદે=આગમો એટલે સિદ્ધાન્તો, અથવા જિનેશ્વર

ભગવાને કહેલી શિક્ષાઓના મૂળ પાઠો જેમાં છે, તેના વાદ એટલે વિચારથી જો જોઇએ તો, ગુરૂ=ગુરૂએ બતાવેલી કુંચી અથવા ગુરૂએ કહેલુ આગમોનું રહસ્ય કહી બતાવનાર કો નહિ=કોઇ નથી. (એ વિવાદ કઠણ છે તે, અને આગમવાદ બતાવનાર ગુરુ નથી તે) સઘળો વિષવાદ=મોટા ખેદની વાત છે.

ભાવાર્થ.

અંતરૂ આત્મા-સાધવા યોગ્ય કાર્યની જેનાવડે પ્રાપ્તિ કરે તે હેતુ; અથવા હેતુ એટલે કારણ આ કારણનો વિવાદ જો ચિત્તમાં ધારી જોઇએ અથવા વિચારી જોઇએ તો નયવાદ એટલે નયોવડે અપેક્ષાથી કહેલાં વચનો સમજમાં આવવાં ઘણાં કઠણ છે. વળી આગમોનાં વચનો વિચારવામાં ગુરુ મળતાં નથી, એ મોટો ખેદ છે.

પરમાર્થ.

ભગવાનનું દર્શન અથવા આત્મદર્શન હેતુઓ વિચારીને કરશું, એમ કોઇ ધારે તો તેમ થાય તેવું નથી. કેમકે સાતે નયોની સમજણ અને વચનની સાપેક્ષનાદિકની સમજણ પડવી અતિ કઠણ છે, એટલે અનુમાનથી જણાય એવુ આત્મદર્શન અથવા જૈનદર્શન માત્ર હેતુઓનો વિચાર કરી પ્રાપ્ત કરાય તેમ નથી.

આગમો વાંચીને અને વિચારીને દર્શન પામી શકાશે એમ જો ધારીએ છીએ તો આગમોના સત્ય અર્થો કહેનારા ગુરુ કોઇ દેખાતા નથી. આગમો સમજાવવાનો પ્રયત્ન કેવો છે ? તો કે એકથી દશ સુધીના આંકનુ જેણે જ્ઞાન મેળવ્યુ છે, તેવા પાસે ગણિતશાસ્ત્ર સમજાવવાનો પ્રયત્ન કરવા જેવુ છે મતલબ કે વ્યાકરણ અને કોષાદિ જાણનારથી આગમોનુ રહસ્ય કહેવાય તેમ નથી એ અર્થ તો માત્ર ગરૂપરંપરાથી પ્રાપ્ત થયેલો હોવો જોઇએ, અને તેમ હોય તો જ તે જૈનદર્શન પામવાના સાધનરૂપ થઇ શકે. નહિ તો અનેક ચર્ચાઓ ઉત્પન્ન કરી તત્ત્વ કાંઇ અદ્ધ હોય તો તેથી ભ્રષ્ટ

કરવાના સાધનરૂપ થાય તેવું છે. વળી જેમને ગુરુપરંપરાથી આગમનું રહસ્ય પ્રાપ્ત થયું હોય, તેવા ગુરુ પણ જણાતા નથી. ઉપર કહેલી બંને રીતિથી જૈનદર્શન પ્રાપ્ત થવાનાં સાધનો જણાતાં નથી એ મોટી ખેદની વાત છે. દુર્લભ મનુષ્યભવ અને તથાપ્રકારની ધર્મની જિજ્ઞાસા છતાં ધર્મ-પ્રાપ્તિનું સાધન નથી મળતું જેથી અતિશય ખેદવડે મન અસ્વસ્થ થાય છે.

ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઇ કરી મારગ સંચરું, સેગુ કોઇ ન સાથ.
અભિનંદન૦ ૪

શબ્દાર્થ.

ઘાતી=ઘાત કરનારા-વિઘ્ન કરનારા, ડુંગર=પર્વત, આડા= વચ્ચે, અતિ ઘણા=ઘણા વધારે છે (શામાં ? તો કે) તુજ=તારા-તમારા, દરિસણ=દર્શન કરવારૂપ કાર્યમાં, અથવા તમારો મત જાણવારૂપ કાર્યમાં, જગનાથ=હે જગતના સ્વામી !-ભગવાન્ ! ધીઠાઇ=પ્રકાઇ-બેધડક-બેદરકારી, કરી=કરીને જો, મારગ=આપે કહેલો એવો મોક્ષ પામવાનો રસ્તો તેમાં, સંચરું=ચાલું તો, સેગુ= સોબતી-રસ્તો બતાવનાર એવો કોઈ, ન સાથ=કોઈ સાથે નથી.

ભાવાર્થ.

અંતર્ આત્મા-હે ત્રણ જગતના નાથ ! તમારું દર્શન પામવામાં ઘાત-અંતરાય કરનારા-વિઘ્નરૂપે આડા આવનારા મતાગ્રહ, કુગ્રહાદિ ઘણા પર્વતો છે, તે પ્રત્યે બેદરકારી કરી જો આપના માર્ગમાં હું પ્રવૃત્તિ કરું, તો રસ્તો બતાવે તેવો કોઈ [illegible]

દ્વિતીય ભાવાર્થ.

આત્મદર્શન થવામાં અંતરાય કરનારા ઘાતીકર્મરૂપ પર્વતો ઘણા આડા પડેલા છે તેમાં દર્શનમોહનીય મહાન વિઘ્નકર્તા છે તેનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થાય નહિ ત્યાં સુધી સાચું આત્મદર્શન થતું નથી.

વળી હઠ કરી આ કર્મનો ક્ષય કરવાના માર્ગમાં પ્રવૃત્તિ કરનાર કોઇ જાણીતો સોબતી સાથે નથી.

પરમાર્થ.

જેમ કોઇને કંઇ વસ્તુ જોવી હોય અને જોવામાં વચ્ચે કંઇ પણ આડું ન હોય-એવા અંતરાય ન હોય, તો તે વસ્તુ તેને દેખાય છે. તેમ ભગવાનનું દર્શન કરવાની ઇચ્છાને રોકનાર પૂર્વે કહ્યાં તેવાં તથાપ્રકારનાં માપનો ન મળવારૂપ વિઘ્નોરૂપી પર્વતો ઘણા ઘણા આડે આવે છે. તેથી તે વિઘ્નોરૂપી પર્વતો જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી ભગવાનનું દર્શન થવું કઠણ છે.

વિઘ્નોરૂપી પર્વતોને ઓળંગી આપનું દર્શન કરીશ; એમ ધારી હઠ કરીને જો હું વિઘ્નો દૂર કરવારૂપ પર્વતો ઓળંગવાના યોગમાર્ગે પ્રવર્તું તો માર્ગનો જાણનાર કોઈ મોભી-ભોમીઓ સાથે નથી તેથી ખેદ થાય છે.

દરસણ દરસણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન.
અભિનંદન૦ ૫

શબ્દાર્થ.

દરસણ-દર્શન ભગવાનનો માર્ગ, અથવા આત્માનું અવલોકન [illegible] દરસણ=દર્શન શબ્દ [illegible] ભાસતા, જો ફરું=જો ફરું

[illegible] કેમ [illegible] દીઠે [illegible] ?

[illegible] નથી [illegible] કેમ [illegible] ?

[illegible] વિશ્વાસ [illegible] પીવાથી

ભાવાર્થ.

[illegible] દર્શન દર્શન " આ શબ્દ [illegible] નામના [illegible] ઉપમાને [illegible] પણ [illegible] આપનું દર્શન [illegible] નહિ

[illegible] અમૃત પીવાથી [illegible] શી રીતે [illegible] થાય ?

પરમાર્થ.

[illegible] દર્શનનો [illegible] દર્શનોનો [illegible] દર્શન [illegible] આપનું [illegible] દર્શન [illegible] (જૈન દર્શન [illegible]) અને જિનદર્શન [illegible] નથી [illegible]

[illegible] રીતે જૈન દર્શન [illegible] માટે [illegible] જૈન [illegible] નથી [illegible]

[illegible]

[illegible] ([illegible])

---

૫. શ્રી સુમતિનાથ ભગવાનનું સ્તવન.

સુમતિ ચરણકજ આતમ અરપણા,
દરપણ જિમ અવિકાર, સુગ્યાની૦
મતિતરપણ બહુ સંમત જાણીએ,
પરિસરપણ સુવિચાર. સુગ્યાની૦ (ટેક) ૧

શબ્દાર્થ.

સુમતિ-પાંચમા તીર્થંકર ભગવાન સુમતિનાથ મહારાજના, ચરણકજ=ચરણકમળમાં, આતમ=આત્મા, અરપણા-અર્પણ કરવું તે, (યોગ્ય છે.) (ભગવાન કેવા છે ? તો કે) દરપણ= આરસી, જિમ=જેવા, અવિકાર=વિકારરહિત છે. મતિ-બુદ્ધિની, તરપણ=તૃપ્તિ, બહુસંમત=ઘણા જણા માને છે. જાણીએ=એમ જાણીને રહીએ. પણ આ વિચારથી, પરિસરપણ=પાછા ઓસરવું તે પણ. સુવિચાર=સારો વિચાર છે

અર્થાન્તર.

[illegible] પાંચમા [illegible] ચરણકજ=ચરણ કમળ [illegible] અર્પણ કરવું તે [illegible] ચરણ [illegible] આરસીના માફક, [illegible]

કાર-વિકારરહિત છે. (એવા ચરણકમળમાં આત્માનું અર્પણ કરવું, તેથી) મતિ-બુદ્ધિનું, તરપણ=તૃપ્તિ=પુષ્ટિ (થાય છે, એ વાત) બહુસંમત=ઘણા જણાઓએ માન્ય રાખેલી છે, એમ, જાણીએ=જાણવું, (વળી) પરિસરપણ=ફેલાવો (થાય છે, કેનો ? તો કે) સુવિચાર=સારા વિચારોનો.

ભાવાર્થ.

દર્પણ જેવા અવિકારી સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્મઅર્પણ કરવું (યોગ્ય છે) બુદ્ધિની તૃપ્તિ એ "આત્મઅર્પણ" એમ ઘણાઓનું માનવું છે, પણ આ વિચારથી પાછા હઠવુ તે જ સારો વિચાર છે.

દ્વિતીય ભાવાર્થ.

શ્રી સુમતિનાથ ભગવાન જેમ કેવલ્યજ્ઞાનથી આરિસાની પેઠે સમસ્ત પદાર્થોનુ પોતામાં પ્રતિબિંબિત થયેલ જાણે છે અથવા આરિસામાં શુભાશુભ, શીત, ઉષ્ણ વિગેરે પદાર્થોનું પ્રતિબિંબ પડતા આરિસો જેમ વિકારવાન થતો નથી, તેમ ભગવાન પણ વિકારવાન થતા નથી આવા સુમતિનાથ ભગવાનના ચરણકમળમા આત્માનુ અર્પણ કરવું (યોગ્ય છે) એટલે તદાકાર થઇ આવા સુમતિનાથ ભગવાનના ચિતવન અથવા ધ્યાનવડે સ્વરૂપ વિચારવુ યોગ્ય છે, અને તે જ આત્મઅર્પણ કહેવાય છે

બુદ્ધિની તૃપ્તિ, તે આત્મઅર્પણ, તેવુ બહુસંમત કહેતાં ઘણા મતવાળાઓનું કથન છે, અર્થાત્ ઘણા મતવાળાઓ બુદ્ધિની તૃપ્તિ એટલે (બુદ્ધિના છવટે આત્મામા લય) તેને આત્મઅર્પણ કહે છે એમ માનીએ છીએ, નથી તે વિચારથી પાછા

કહેવું, એટલે તે વિચાર બરાબર નથી એમ જે જાણવું તે સારો વિચાર છે.

તૃતીય ભાવાર્થ.

શ્રી સુમતિનાથ ભગવાનના આરસી જેવા સ્વચ્છ ચરણકમળમ આત્માને અર્પણ કરવામાં બુદ્ધિની તર્પણા એટલે પુષ્ટિ થાય છે, તેથી તે બુદ્ધિ ઘણા લોકોને સંમત એટલે માનવા યોગ્ય થાય છે, તથા સારા વિચારોનું પરિસરપણ એટલે ફેલાવે થતો રહે છે.

પરમાર્થ.

શ્રી સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્મઅર્પણ કરવું તે મુક્તિના પ્રાપ્ત કરવાનું સાધન છે. આ આત્મઅર્પણ શી રીતે કરવું ? સ્તવનમાં આગળ બતાવશે. પણ બીજાઓ જે પ્રકારે આત્મઅર્પણ ધારે તે પ્રકાર બરાબર નથી એમ આ ગાથામાં બતાવ્યું છે. હવે આત્મા પ્રકારો બતાવી તેનો માર્ગ બતાવશે.

દ્વિતીય પરમાર્થ.

શ્રી સુમતિનાથના ચરણકમળરૂપ આરસીમાં આત્મઅર્પણ કર્યા મતિ સુધરે છે અને ઉત્તમ પ્રકારના વિચારનો ફેલાવો થવા પામે કારણ કે મૂળે આત્મતત્વ પ્રકાશમય છે, અને તે આરસી જેવા પ્રકાશવ ચરણકમળમાં અર્પિત થાય છે. એટલે તેના મતિ તથા વિચારર ગિરિછે, વધુ ફેલાવે. પામે જ

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ; સુજ્ઞાન૦
બીજો અંતર આતમા તીસરો,
પરમાતમ અવિછેદ. સુજ્ઞાન૦ ૨

શબ્દાર્થ.

ત્રિવિધ=ત્રણ પ્રકારનો, સકળ=બધા, તનુધર=શરીરને ધારણ કરનાર પ્રાણીઓમાં, ગત=રહેલો, આતમા=જીવાત્મા છે. બહિરાતમ=બહિરાત્મા નામનો, ધુરિ=પહેલો, ભેદ=પ્રકાર છે. બીજો અંતર આતમા=બીજો ભેદ તે અંતર આત્મા, તીસરો=ત્રીજો ભેદ, પરમાતમા=પરમાત્મા નામે, અવિછેદ=વિભાગ વિનાનો જાણવો.

ભાવાર્થ.

શરીરને ધારણ કરનારા દેહધારીઓનો આત્મા ત્રણ પ્રકારનો છે. તેમાં બહિરાત્મા છે તે પહેલો ભેદ, બીજો અંતર આત્મા અને ત્રીજો ભેદ પરમાત્મા છે કે જે અવિચ્છેદ એટલે અવિનાશી છે.

પરમાર્થ.

મુક્તતા પ્રાપ્ત થયા પહેલા બધા આત્મા શરીરવાળા હોય છે; અને તે શરીરવાળા આત્માને આશ્રી ભેદો કહેવામાં આવે છે. સ્વરૂપયુક્ત આત્મા અથવા સિદ્ધ ભગવાનનો આત્મા સ્વરૂપથી એક હોવાથી, તેમાં ભેદની કલ્પના નથી, તેથી શરીરવાળા આત્મામાં બહિરાત્મા, અંતર આત્મા અને પરમાત્મા એ ત્રણ ભેદો કહ્યા છે.

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો,
　　બહિરાતમ અઘરૂપ; સુગ્યાની૦
કાયાદિકનો સાખીધર રહ્યો,
　　અંતર આતમ રૂપ. સુગ્યાની૦ ૩

શબ્દાર્થ.

આતમ=આત્માની, બુદ્ધે=બુદ્ધિથી, કાયાદિક=શરીર આદિ, ગ્રહ્યા=ગ્રહણ કરાયો (અર્થાત્ શરીર એ જ આત્મા છે એમ

જે સમજે છે તે) બહિરાતમ=બહિરાત્મા, (કેવો ? તો કે) અઘરૂપ=પાપરૂપ જાણવો.

કાયાદિકનો=શરીર આદિકનો, સાખીધર રહ્યો=સાક્ષી થઈ રહેલો, (શરીર આદિકથી ભિન્ન, પણ તેમાં સાક્ષીરૂપે રહેલો જે જાણે, તેને) અંતર આતમરૂપ જાણવો.

ભાવાર્થ.

હે સુમતિ ! આત્માની બુદ્ધિથી જેણે કાયાદિકનું ગ્રહણ કર્યું તે પાપરૂપ બહિરાત્મા જાણવો.

પણ આત્મા કાયાદિકનો સાક્ષીદાર થઈને રહેલો છે એમ જે જાણે છે તે અંતર આત્મારૂપ છે.

પરમાર્થ.

જે શરીરને જ આત્મા માને છે, એટલે શરીરથી આત્માને જુદો માનતો નથી તે પાપરૂપ બહિરાત્મા છે. શરીરે સુખી તો પોતે સુખી છે અને શરીરે દુઃખી તો પોતે દુઃખી છે તે માત્ર શરીરને અર્થે પ્રવૃત્તિ કરે છે, અને પ્રવૃત્તિથી મુક્ત થવાને બદલે બંધાય છે, એટલે પોતે મિથ્યાજ્ઞાનથી પાપરૂપ થાય છે, માટે બહિરાત્માને પાપરૂપ ગણેલો છે. દૃશ્ય (દ્રવ્ય) દેહથી વ્યતિરિક્ત આત્મા, એવો અન્ય પદાર્થ ન માનનાર સ્વર્ગ, નરક કઈ રીતે માની શકે ? અને બળી ગયેલા અથવા અત્ર નષ્ટ થઈ ગયેલા દેહનો પુનર્ભવ પણ કેમ કલ્પી શકે ? આમ હોવાથી પાપ-પુણ્યનો વિવેક પણ આવા દેહાત્મવાદી એટલે દેહને આત્મા માનનારને હોતો નથી. તેથી બહિરાત્મા પાપરૂપ છે એમ કહેવું યથાર્થ લાગે છે

જે [illegible] શરીરથી [illegible] હિય ને તેને [illegible] માનતો નથી. પણ [illegible] આત્મારૂપ છે.

શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ઇત્યાદિ ઇંદ્રિયજનિત ગુણોના અભાવથી જ્ઞાન, દર્શનાદિ અતીંદ્રિય ગુણો પ્રગટે છે; અને અતીંદ્રિય ગુણો અનંત છે તેથી પરમાત્મા અતીંદ્રિય ગુણોના સમૂહરૂપ મણિઓની ખાણ છે.

આવા ગુણોએ કરીને જે યુક્ત હોય તે પરમાત્મા. હે સુમતિ! હે અંતરઆત્માપણું પામેલા મુમુક્ષુ! આવું પરમાત્મપણું સિદ્ધ કરવા યોગ્ય છે; અને એ પરમાત્મપણું સિદ્ધ કરવાને તું—આત્મા જ યોગ્ય છે.

બહિરાતમ તજ અંતર આતમ, રૂપ થઇ થીર ભાવ;
સુગ્યાની૦
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ.
સુગ્યાની૦ ૫

શબ્દાર્થ.

બહિરાતમ=શરીરને આત્મા માનવારૂપ બહિરાત્મપણું તે, તજ=ત્યાગ કરી (શી રીતે બહિરાત્મપણું તજાય? તે કહે છે કે) અંતર આત્મરૂપ થઇ-કાયાનો સાક્ષી થવું, શરીરથી આત્માને ભિન્ન માનવો; તે રૂપ થઈ એટલે શરીરથી ભિન્ન આત્મારૂપે થઇને બહિરાત્મપણું તજ. (પછી) પરમાતમનું-જે ઉપલી ગાથામાં કહ્યું તે પરમાત્માનું, આતમ=સ્વરૂપ, (પોતાના આત્મામાં) ભાવવું=વિચારવું-હું પરમાત્મા જેવો છું એમ વિચારવું તે, આતમઅરપણ=આત્માર્પણ, દાવ=ઉત્તમ ઉપાય કરવારૂપ કાર્ય જાણવું.

ભાવાર્થ.

બહિરાત્મપણું તજી અંતરઆત્મારૂપ થઇ, સ્થિર ભાવથી પરમાત્માનું સ્વરૂપ પોતાના આત્મામાં ભાવવું તે આત્મ-
[illegible]

પરમાર્થ.

બહિરાત્મપણું એટલે શરીરને આત્મા માનવાપણું, તે છોડી દઇને, શરીરથી આત્મા ભિન્ન છે એમ નિશ્ચયપૂર્વક પોતાને શરીરની ક્રિયાનો અથવા કાયાદિકનો સાક્ષી માનવો, અને દરેક ક્રિયા કરતાં, અહંતા તથા મમતાના ત્યાગપૂર્વક પોતે પોતાને તટસ્થ સાક્ષી તરીકે ગણવો. આ આદિ ગુરૂગમથી વિશેષ વાત જાણી તે પ્રમાણે અંતરઆત્મરૂપ થઇ પૂર્વોક્ત પ્રકારે પરમાત્માના ગુણો અથવા પરમાત્માનું સ્વરૂપ પોતાના આત્મામાં ચિંતવવું. આ કામ કરવાથી પરમાત્માપણું પ્રાપ્ત થશે એટલે પરમાત્મામાં આત્માનું અર્પણ થશે, આત્મઅર્પણ કરવાનો આ જ ઉત્તમ ઇલાજ છે.

આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ;
સુગ્યાની૦
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘનરસ પોષ.
સુગ્યાની૦ ૬

શબ્દાર્થ.

આતમઅરપણ=આત્માને-ભગવાનને અરપણ કરવારૂપ, વસ્તુ=તત્વ-પદાર્થને વિચારતાં-વિચાર કરતાં, ભરમ ટળે-સંશય મટે, (સંશય એ શું છે? તો કે) મતિ=બુદ્ધિ, તેના, દોષ= દૂષણ છે. (અને તેથી) પરમપદારથ=મોક્ષ તે રૂપ સંપત્તિ= ઋદ્ધિ, સંપજે=પ્રકટે. (કેવી ઋદ્ધિ પ્રકટ થાય? તો કે) આનંદ- ઘનરસ=આત્માનંદ સમુદાય, તેનો રસ, તેને પોષ=પોષનારી પ્રાપ્ત થાય.

ભાવાર્થ.

પૂર્વોક્ત આત્મઅર્પણરૂપ વસ્તુનો વિચાર કરતાં ભ્રમરૂપ બુદ્ધિનો દોષ ટળે અને તથા પરમ પદાર્થ જે મોક્ષ તે રૂપી

સંપત્તિ ઉત્પન્ન થાય અને તેથી આનંદના સમૂહરૂપ રસનું પોષણ થાય

પરમાર્થ.

પ્રથમ આત્મઅર્પણ કહ્યા પછી આત્માના ભેદ કહ્યા; તેથી શરીરને આત્મા માનવારૂપ બુદ્ધિનો દોષ ટળે અથવા આત્માથી પરવસ્તુને પોતાની માનવારૂપ, અહંતા મમતાથી ઉત્પન્ન થયેલી તૃષ્ણાને વારે. અનેક વસ્તુઓના સંબંધથી સુખની કલ્પના કરવારૂપ બુદ્ધિની ભ્રાન્તિ ટળી જાય અને એ રીતે અંતરઆત્મપણું પ્રાપ્ત થતાં કહેલા પ્રકારે આત્મામાં પરમાત્માનું ભાવવું થવાથી આત્મા પરમાત્મરૂપ થાય અને તેથી આનંદરસના સમૂહની પુષ્ટિરૂપ જે પરમ પદાર્થ—અનિર્વચનીય મુક્તતા અથવા મોક્ષ તે ઉત્પન્ન થાય (મુક્તતા પ્રાપ્ત થાય.) માટે આત્મઅર્પણરૂપ વસ્તુ વિચારવા યોગ્ય છે એ તાત્પર્ય સમજવું.

---

૬. શ્રી પદ્મપ્રભ ભગવાનનું સ્તવન.

પદ્મપ્રભજિન તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?
કરમવિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંત. પદ્મ૦૧

શબ્દાર્થ.

પદ્મપ્રભજિન=હે છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભ નામના જિનેશ્વર ભગવાન, તુજ=આપનું, અને મુજ=મારું, આંતરું રે=આંતરો-ફેર, કિમ=કઈ રસ્તે ? ભાંજે=ભાંગે; ભગવંત=હે ભગવાન ! (શી રીતે તમારા અને મારા વચ્ચેનો ફેર મટે ?) કરમવિપાકે-પૂર્વે મન, વચન અને કાયાવડે કરેલી ક્રિયાથી આત્મપ્રદેશ સાથે, તે તે ક્રિયાનું ફળ આપવારૂપ મળેલા કાર્મણ પુદ્ગલો

તે ફળ આપવા તત્પર થાય, અને ફળ આપી રહે, તેને કર્મ-વિપાક કહીએ. તેનાવડે કારણ જોઈને=તે કર્મપુદ્ગલના સંબંધરૂપ કારણને જોઈને, કોઇ કહે મતિમંત=કોઈ જ્ઞાની બુદ્ધિવાને ઉપરના પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, કર્મવિપાકે ભગવાનનું અને તમારું અંતર ભાંગે.

ભાવાર્થ.

અંતરઆત્મા—હે પદ્મપ્રભુ પરમેશ્વર ! તમારા અને મારા વચ્ચે જે અંતર પડ્યો છે તે શી રીતે ભાંગે ? આ પ્રશ્નના જવાબમાં કોઈ બુદ્ધિવાન કારણને જોઈને એમ કહે છે કે-કર્મ-વિપાકે આ અંતર ભાંગે.

પરમાર્થ.

છઠ્ઠા પદ્મપ્રભ તીર્થંકર ભગવાનની સ્તુતિ કરતાં પરમાત્મપણું પામવાના ઈચ્છક, એવા આનંદઘનજી મહારાજ પ્રશ્ન કરે છે કે—આત્મતત્વપણે ભગવાન્ અને હું સરખા છતાં ભગવાન્ કૃતકૃત્ય થઈ જન્મમરણના ભયથી છૂટી અનંત ઋદ્ધિ પામ્યા—અર્થાત્ પરમાત્માપણું પામ્યા અને હું તો જેવો ને તેવો ભવભ્રમણ કરતો રહ્યો. ભગવાન અને મારી વચ્ચે જે અંતર પડ્યો છે, તે કઈ રીતે ભાંગે ? એટલે કે હું પરમાત્મપણું કઈ રીતે પામું ?

કારણ ઉપરથી કાર્યનું અનુમાન કરનાર એવો કોઇ બુદ્ધિવાન્ આ પ્રશ્નનો એવો ઉત્તર આપે છે કે કર્મનો વિપાક થયે છતે તમારું અને ભગવાનના વચ્ચેનું અંતર મટી જાય. એટલે કે જ્યાં સુધી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ હોય ત્યા સુધી કર્મબંધ છે અને ભગવાનને પૂર્વોક્ત ચારે કર્મબંધનના કારણો નથી; તેથી જ્યારે તમારાં જ્ઞાનાવરણાદિ આદિ બાંધેલા કર્મોનો ક્ષય કરી અને નવા કર્મો બાંધવના કારણ [illegible] વચ્ચેનું [illegible]

પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂળ ઉત્તર બહુ ભેદ; ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કરમ વિછેદ. પદ્મ૦ ૨

પયઇ=પ્રકૃતિ-કર્મનો સ્વભાવ, ઠિઇ=સ્થિતિ-કર્મ ઉદય આવવામાં અથવા ઉદયમાં રહેવાનું કાળમાન, અણુભાગ=રસ-કર્મનું જોર, પ્રદેશ=કર્મસમુદાયનો વિભાગ, મૂળ=મુખ્ય, ઉત્તર=પેટાના, બહુ=ઘણા, ભેદ=વિભાગો છે. વળી ઘાતી=આત્માના મૂળ ગુણનો નાશ કરે તે, અઘાતી હો=મૂળ ગુણનો નાશ ન કરે તેવાં, બંધ=આત્મપ્રદેશ સાથે કર્મપુદ્ગળનું મળવું, ઉદય=આત્મા સાથે મળેલાં કર્મપુદ્ગલોનો ફળ આપવાનો પ્રવૃત્તિકાળ. ઉદીરણા=કર્મપુદ્ગલોને ફળ આપવા માટે પ્રવર્તવાની પ્રેરણા કરવી તે, સત્તા=કર્મપુદ્ગલો ફળ આપ્યા વિના આત્મા સાથે જોડાઈ રહેલા હોય તે. (છેલ્લે સરવાળે આવા બધી સ્થિતિવાળા) કર્મ=આઠે કર્મોનો, વિચ્છેદ=નાશ, (જ્યારે થાય ત્યારે ટળી જશે.)

ભાવાર્થ.

કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અણુભાગ અને પ્રદેશબંધ, તેમાં પણ મૂળભેદ અને ઉત્તરભેદ ઘણા છે. વળી તેમાં પણ ઘાતીકર્મો અને અઘાતીકર્મોનો ભેદ, આ બધાના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એમ ભેદ પડે છે તે બધાનો જ્યારે વિચ્છેદ થાય ત્યારે પદ્મપ્રભુ ભગવાનનું અને તમારું અંતર ભાંગે એમ મતિમાનો કહે છે.

પરમાર્થ.

પ્રકૃતિ એટલે સ્વભાવ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશનો સમુદાય આ બધાના ભેગા થવાથી કર્મની ફળ આપવાની જુદી જુદી શક્તિ

આ બાંધેલાં કર્મો જ્યારે ફળ આપે છે ત્યારે કર્મનો ઉદય એમ કહેવાય છે; અર્થાત્ ફળ આપવાને પ્રવર્તેલાં ન હોય ત્યારે સ્વ બેઠેલા સિહને શિકારીઓ જેમ છેડીને યુદ્ધને માટે પ્રવર્તાવે છે, તે કર્મોને ફળ આપવા પ્રવર્તાવવા અથવા કર્મોને નિવૃત્ત કરવા માટે ભોગ લેવાને પ્રેરણા કરી સન્મુખ કરવાં તેને ઉદીરણા કહે છે. (ઉદીરણા એટલે પ્રેરણા, કર્મોને ફળ આપવાની પ્રેરણા કરવી, તે ઉદીરણા કહેવાય છે.)

જ્યારે કર્મો ફળ આપવાને ન પ્રવર્ત્યાં હોય, અને તેમને ઉદીરવાની પ્રેરણા પણ ન થઇ હોય, તેવી સ્થિતિમાં રહેલાં અને ફળ આપવાની શક્તિવાળાં કર્મોની સ્થિતિ, તે "સત્તા" કહેવાય છે.

આ કર્મોના વર્ણનનું મુખ્ય શાસ્ત્ર જે "કર્મગ્રંથ" તેનાથી વિશેષ વિસ્તાર જાણી લેવો.

પૂર્વોક્ત પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ તેમના મૂળ અને ઉત્તરભેદો તથા ઘાતી, અઘાતી, તેમ જ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા-એ પ્રકારના કર્મોથી સમસ્ત પ્રકારે જેમને વિચ્છેદ એટલે જુદા થવાપણું થયુ છે, અથવા સમસ્ત કર્મો જેમનાથી જુદા થયાં છે એવા પદ્મપ્રભ ભગવાનનો અને તમારો અંતર ભાગવાનો માર્ગ પણ તે જ છે એટલે ભગવાનની સાથેનો અતર જો તમારે ભાગવો હોય તો એવા પ્રકારના કર્મોનો વિચ્છેદ થવો જોઇએ.

કનકોપલવત્ પયડી પુરુષતણી રે, જોડી અનાદિ સ્વભાવ
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય
પદ્મ૦ ૨

શબ્દાર્થ.

કનક=સોનુ, ઉપલ=પથ્થર, વત્=પેઠે-પ્રમાણે, કનકોપલવત્ એટલે સોનુ અને પથ્થર અથવા માટી જેમ સાથે મળેલ

ખાણમાંથી નિકળે છે. તે પ્રમાણે, પયડી–કર્મપ્રકૃતિ. અને પુરૂષતણી કે=આત્માની. તેહવી–તેવીજ બંધેલું છે. (શાથી ? તો કે) અનાદિ–અનાદિ કાળથી. દ્રવ્યભાવ–દ્રવ્યભાવથી જ બંધેલ છે. અન્ય–પુદ્ગલ આદિ. સંજોગી–સંયોગવાળો. જિહાં લગે–જ્યાંસુધી. આતમા કે=છદ્મસ્થ છે ત્યાંસુધી. સંસારી=સંસારવાળો=સંસારમાં રહેનાર, કહેવાય=બોલાય=ગણાય.

ભાવાર્થ.

જેમ સુવર્ણ અને પાષાણ અનાદિથી ખાણમાં જોડાયેલા (બંધેલા) છે તેમ પુરૂષ (અને કર્મની) પ્રકૃતિ (એટલે જીવ અને કર્મ) અનાદિથી જોડાયેલાં છે, અને જ્યાંસુધી અન્ય એટલે પુદ્ગલ અથવા કર્મજનો સંયોગવાળો આત્મા છે ત્યાં સુધી તે સંસારી કહેવાય છે.

પરમાર્થ.

બીજી ગાથામાં કહ્યું કે કર્મોનો વિચ્છેદ થવાથી ભગવાનની સાથેનો અંતર ભાંગે, તેનું જ આ ગાથામાં સમાધાન છે.

જે વસ્તુનો સંયોગ હોય તેનો વિયોગ થાય એવું હોવાથી આત્માનો અને કર્મનો સંયોગ ક્યારથી અને શાથી થયો ? એવો પ્રશ્ન ઉત્પન્ન થાય તેનું સમાધાન નીચે પ્રમાણે છે.

જેમ અનાદિ કાળથી ખાણમાં પાષાણ સાથે સુવર્ણનો સંયોગ છે તેમ પ્રકૃતિ પુરૂષનો સંયોગ અથવા જીવ અને કર્મનો સંયોગ અનાદિ કાળથી છે.

આ [illegible] કરવી નહીં [illegible] પ્રથમ કર્મ [illegible] પ્રમાણે [illegible]

આ બાંધેલાં કર્મો જ્યારે ફળ આપે છે ત્યારે કર્મનો ઉદય છે એમ કહેવાય છે; અર્થાત્ ફળ આપવાને પ્રવર્તતાં ન હોય ત્યારે ત્યાંસ એટલા સિંહને શિકારીઓ જેમ છંછેડીને યુદ્ધને માટે પ્રવર્તાવે છે, તેમ કર્મોને ફળ આપવા પ્રવર્તાવવા અથવા કર્મોને નિર્જરા કરવા માટે ખેંચી લેવાને પ્રેરણા કરી સન્મુખ કરવાં તેને ઉદીરણા કહે છે. (ઉદીરણા એટલે પ્રેરણા, કર્મોને ફળ આપવાની પ્રેરણા કરવી, તે ઉદીરણા કરી એમ કહેવાય છે.)

જ્યારે કર્મો ફળ આપવાને ન પ્રવર્ત્યાં હોય, અને તેમને તેમ કરવાની પ્રેરણા પણ ન થઇ હોય, તેવી સ્થિતિમાં રહેલાં અને ફળ આપવાની શક્તિવાળાં કર્મોની સ્થિતિ, તે "સત્તા" કહેવાય છે.

આ કર્મોના વર્ણનનું મુખ્ય શાસ્ત્ર જે "કર્મગ્રંથ" તેનાથી વિશેષ વિસ્તાર જાણી લેવો.

પૂર્વોક્ત પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ તેમના મૂળ અને ઉત્તરભેદો તથા ઘાતી, અઘાતી, તેમ જ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા—એ પ્રકારનાં કર્મોથી સમસ્ત પ્રકારે જેમને વિચ્છેદ એટલે જુદું થવાપણું થયું છે, અથવા સમસ્ત કર્મો જેમનાથી જુદાં થયાં છે એવા પદ્મપ્રભ ભગવાનનો અને તમારો અંતર ભાંગવાનો માર્ગ પણ તે જ છે; એટલે ભગવાનની સાથેનો અંતર જો તમારે ભાંગવો હોય તો સમસ્ત પ્રકારનાં કર્મોનો વિચ્છેદ થવો જોઇએ.

કનકોપલવત્ પયડી પુરુષતણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય.
પદ્મ૦ ૩

શબ્દાર્થ.

કનક=સોનું, ઉપલ=પથ્થર, વત્=પેઠે—પ્રમાણે; કનકોપલવત્ એટલે સોનું અને પથ્થર અથવા માટી જેમ સાથે મળેલાં

ત્યારે તમે એમ પૂછો કે જીવને કર્મો શાથી બંધાયાં? તો આ પ્રશ્ન તો ત્યારે થાય કે જ્યારે જીવને કોઇ પણ વખત કર્મસંબંધથી રહિત માની, પછીથી કર્મબંધ માનવામાં આવે ત્યારે, પણ તેનું એ સમાધાન અનાદિ શબ્દથી છે; એટલે અનાદિથી જ જીવનો અને કર્મનો સંબંધ છે એમ કહેલું છે.

હવે બીજી શંકા એમ થાય કે-જ્યારે જીવનો અને કર્મનો સંબંધ અનાદિથી છે, તો તે સંબંધ છૂટે કેમ? ત્યારે તેનું દ્દષ્ટાન્ત આપવામાં આવ્યુ છે કે-સુવર્ણનો અને પાષાણનો અનાદિથી સંબંધ છે, પણ તે સંબંધ જ્યારે તૂટે છે ત્યારે બન્ને જૂદા થાય છે. તે જ પ્રમાણે જીવ અને કર્મો જૂદાં થાય છે.

જ્યાંસુધી અન્ય સંયોગી એટલે કર્મોના સંબંધવાળો આત્મા હોય છે ત્યાંસુધી તે સંસારી કહેવાય છે; અને પછીથી એટલે કર્મના સંબંધ રહિતપણાની અવસ્થાને પદ્મપ્રભુ ભગવાનની અવસ્થા અથવા સિદ્ધાવસ્થા કહે છે. તેથી તે અવસ્થા પામવાને તેવા થવું જોઇએ એ ઉપદેશ છે.

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય.

પદ્મ૦ ૪

શબ્દાર્થ.

કારણ જોગે હો=જે વસ્તુ મેળવવાનું અથવા ઉત્પન્ન કરવાનું જેનાથી થાય તે કારણ, તેને, જોગે હો=સંયોગે, બાંધે=બાંધે કરે, (શું બાંધે?) બંધને રે=કર્મના બંધનને આત્મા સાથે બાંધે કારણ=તેવાં જ કારણોથી, મુગતિ=નિર્જરા-કર્મનું મૂકી દેવું તે અથવા કર્મથી છુટવા પછીની અવસ્થા તે, મૂકાય=થાય-અર્થાત્ કર્મોને દૂર કરાય. આશ્રવ સવર નામ=જેનાથી બંધ બંધાય તેનુ નામ આશ્રવ, અને જેનાથી મૂકાય તેનું નામ સંવર,

આશ્રવ અને સંવર, એ નામો, અનુક્રમે રે=અનુક્રમે કરી, હેય=તજવા લાયક અને ઉપાદેય=ગ્રહણ કરવા લાયક, સુણાય= સંભળાય છે-કહેલાં છે.

ભાવાર્થ.

કારણો મળવાથી (આત્મા) કર્મોનો બંધ બાંધે છે. તે જ પ્રમાણે કારણો મેળવવાથી (આત્મા) કર્મોની નિર્જરા કરી મુક્ત થાય છે-બંધથી છૂટો પડે છે. અનુક્રમે પ્રથમ બંધ કરવાના કારણોનું નામ આશ્રવ છે અને મુક્ત થવાના કારણોનું નામ સંવર છે. વળી તેમાંનો પ્રથમ આશ્રવ તજવા યોગ્ય છે અને સંવર ગ્રહણ કરવા લાયક છે. આ પ્રમાણે પ્રવૃત્તિ કરે તો ભગવાન સાથેનું અંતર ભાંગે તેમ છે અને ત્યારે જ ભગવાનની સમાનતા પામે.

પરમાર્થ.

મિથ્યાત્વ, અવિરતિપણું, કષાય અને યોગ આ ચાર કારણોથી કર્મબંધ થાય છે. જ્યાં સુધી ભગવાને કહેલાં તત્વોમાં રુચિ નથી, અથવા શરીરાદિકથી ભિન્ન સ્વકર્મકર્તા તથા ભોક્તા આદિ લક્ષણોવાળો આત્મા છે, એમ જાણ્યું અને અનુભવ્યું નથી ત્યાં સુધી મિથ્યાત્વ છે અને આવું મિથ્યાત્વ હોવાથી જે જે પ્રવૃત્તિ થાય તે આત્માને બંધન કરવારૂપ જ થાય છે.

મિથ્યાત્વનો ત્યાગ થયા પછી કોઈક પ્રકારાન્તરે અન્ય વસ્તુઓ પર રહેલી રુચિ કિંવા ઇચ્છાનો ત્યાગ તે વિરતિપણું છે. જ્યાં સુધી જૂદી જૂદી ઇચ્છા થાય ત્યાં સુધી તે પ્રાપ્ત કરવાના પ્રયત્નનો પણ સંભવ છે અને તેથી આવી ઇચ્છાનું મૂળ રૂપ અવિરતિપણું તે કર્મબંધનનો હેતુ જ હોય છે.

મિથ્યાત્વ અને ઇચ્છાના મૂળરૂપ ક્રોધ, માન, માયા, અને લોભ આ ચારેને કષાય કહેવાય છે અને જ્યાં સુધી કષાય હોય છે ત્યાં સુધી કર્મબંધ થાય છે. તેથી કષાય એ બંધનનું કારણ છે.

જ્ઞાનદર્શન તે આત્મા અને આત્મા તે જ્ઞાનદર્શન, એમ કાર્યકારણ ભાવના અભેદોપચારીપણાથી આત્મા શુદ્ધ જ્ઞાનદર્શનમય થાય અને ભગવાન્ સાથેનો અંતર ભાગે. ભગવાન્ સાથે અંતર ભાંગવાનો આ જ સારો ઉપાય છે.

પંડિતોએ સિદ્ધાન્તો અને ગ્રંથોના પ્રમાણ સહિત આ ઉપાય આનંદઘનજીને કહ્યો.

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર.
પદ્મ૦ ૬

શબ્દાર્થ.

તુજ=તમારું, મુજ=મારું, અંતર=ભેદ-છેટું, (જે છે તે) અંતર એટલે ભેદ, અથવા મારું અંતઃકરણ, તે વડે તે છેટું; ભાંજશે રે=ભાંગશે. અથવા તુજમુજ અંતર એટલે તારા મારા વચ્ચે (રહેલો) ભેદ જ્યારે ભાંગશે (ત્યારે) વાજશે=વાગશે, મંગળ=માંગળિક, તૂર=વાજાં, (અને તેથી) જીવ=આત્મારૂપ, સરોવર=તળાવ, અતિશય=ઘણું વધારે, વાધશે રે=વધશે-પ્રસન્ન થશે-ભરાશે, (શાથી ? તો કે) આનંદઘનરસ=આનંદના સમૂહના જે રસ, તેનું પૂર=ભરતી ચડવાથી.

ભાવાર્થ.

હે પ્રભુ ! હું આશા રાખું છું કે આપની અને મારી વચ્ચેનો અથવા આપનો અને મારો ફરક ભાગશે; અને જ્યારે તેમ થશે ત્યારે માંગળિક વાજાં વાગશે, અને જીવરૂપ સરોવર આનંદસમૂહના રસના પૂરથી અત્યંત વૃદ્ધિ પામશે

પરમાર્થ.

જ્યારે પૂર્વોક્ત પ્રકારે આત્મા ગુણકરણે પ્રવૃત્તિ કરશે ત્યારે મારા

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાનૂ;' લલના.
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન.લલના.
શ્રી સુપાસ૦ ૩

શબ્દાર્થ.

શિવ=કર્મોપદ્રવ નિવારક, શંકર=સુખનો કર્તા, જગદીશ્વર=જગત્‌ના સ્વામી-ઐશ્વર્યવાન્, ચિદાનંદ=જ્ઞાનાનંદરૂપ, [1]ભગવાન ઐશ્વર્યવાન, જિન=રાગાદિ શત્રુઓને જીતનાર, અરિહા=કર્મશત્રુને હણનાર, તીર્થંકર=ધર્મતીર્થના પ્રવર્તાવનાર, જ્યોતિસ્વરૂપ=શુદ્ધચૈતન્યરૂપ, અસમાન=જેમના જેવું બીજું કોઈ નથી.

ભાવાર્થ.

આ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની આરાધના કરવાનું જ્યારે કહેવામા આવે ત્યારે શ્રી સુપાર્શ્વનાથ પ્રભુમાં, આ ગાથામાં જે નામો કહ્યાં છે તે બધા નામોની સત્તા છે; એટલે શિવપણું, શંકરપણું, જગદીશ્વરપણું, ચિદાનંદપણું, ભગવાનપણું, અરિહંતપણું, તીર્થંકરપણું અને જ્યોતિસ્વરૂપપણું તેમનામાં અર્થથી છે; તેથી આ ભગવાન આરાધ્ય છે. (આ પછીની ગાથાઓમા પણ આ જ પ્રમાણે ઉપાસ્ય દેવોના પર્યાય નામો છે, તેથી ત્યાં પણ આ પ્રમાણે સમજવું.)

પરમાર્થ.

જો આપણે ઉપદ્રવોને નિવારવા હોય, સુખ પ્રાપ્ત કરવું હોય, ઐશ્વર્ય, સત્તા અને જ્ઞાનાનંદ કે અનન્તવીર્ય મેળવવા હોય, રાગાદિ શત્રુઓનો વિજય

૧ ભગ શબ્દના બાર અર્થો છે, તેમાંથી યોનિવાચી અને સૂર્યવાચી અર્થ ન કરતાં બાકીના સઘળા ગુણો ભગવાન્ શ્રીસુપાર્શ્વનાથમાં છે

કરવો હોય, યોગ્યતા પ્રાપ્ત કરવી હોય, માર્ગસ્થાપના કરવી હોય, આત્મસ્વરૂપ મેળવવું હોય અથવા સર્વોત્કૃષ્ટ થવું હોય તો આ સુપાર્શ્વનાથ ભગવાને તે બધું મેળવેલું છે; માટે તેમનો દાખલો લઇ, એટલે કે તેમણે શી રીતે ચાલીને તે બધું મેળવ્યું ! તે જાણી લઇને તે પ્રમાણે વર્તવું.

અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ; લલના.
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લલના.
શ્રીસુપાસ૦ ૪

શબ્દાર્થ.

અલખ=લખ્યો ન જાય તે. નિરંજન=અંજન એટલે લેપ, અને લેપ નહિ તે નિરંજન, વચ્છલુ=સર્વ પ્રાણીઓને હિતકારી, સકળજંતુ વિસરામ=સર્વ પ્રાણીઓને પરમ સત્તા પામવાના સ્થાનક, અભયદાન દાતા=હમેશાં ભયથી બચાવનાર, પૂરણ=સંપૂર્ણપણું પામેલા, આતમરામ=આત્મામાં રહેલા.

ભાવાર્થ.

સર્વ બહિરાત્માઓથી પ્રભુનું સ્વરૂપ જાણી શકાતું નથી, તેથી પ્રભુ અલખ છે, કર્મરૂપ લેપનું પડ પ્રભુ ઉપર નથી તેથી પ્રભુ નિરંજન છે. વિશ્રામ એટલે વિસામાનું સ્થાનક, અર્થાત્ આ ભવરૂપી સમુદ્રમાં ભમતાં થકાં કોઇપણ ગતિમાં વિશ્રાંતિ નથી; એટલે જ્યાં જ્યાં પ્રાણી જન્મ લે ત્યાં ત્યાં મરણ તો છે જ અને રોગાદિથી થતા પરિતાપ તો વળી જુદા. આ પ્રમાણે પ્રાણીઓને હમેશાં જન્મમરણ ભય કરે છે, તેથી જંતુએ ભગવાનનું શરણું લે છે જે ભગવાનનું શરણું લે છે તેને જન્મમરણ કરવું પડતું નથી, અને તે હેતુથી જરામરણ

પ્રવર્તાવ્યા તેથી તેઓ અનેક જાતની તૃષ્ણાથી ઇચ્છાવાન-આતુર થયેલા જગતના પ્રાણીઓની ઇચ્છા પૂરે છે એટલે કે તેમને કંઇ પણ ઇચ્છવાનું રહેતું નથી.) આ પ્રમાણે વિશ્વને ભરે છે તેથી વિશ્વંભર અથવા વિશ્વના આધારરૂપ છે. સંસારી જીવોની તૃષ્ણાને તોડવાના આધારરૂપ છે, તેથી વિશ્વંભર છે.

હૃષીક એટલે ઇંદ્રિયો, તેમને વશમાં રાખનાર હોવાથી ભગવાન હૃષીકેશ કહેવાય છે. વળી પ્રભુ જગતના નાથ છે, તેથી જગન્નાથ તેમજ પાપરૂપ જે અઘબંધ તેને પ્રભુ હરી લે છે, એટલે કે જેઓ પ્રભુને શરણે જાય તેનો અશુભબંધ નાશ પામે ને નવો થતો નથી; તેથી તે "અઘહર" છે. પૂર્વે થયેલો બંધ પણ પ્રભુસેવાથી નષ્ટ થાય છે યા ઢીલો થઇ જાય છે, તેથી તે "અઘમોચન ધણી" છે. વળી મુક્તિ એટલે મોક્ષરૂપ પરમ પદે પહોંચવામાં પ્રભુ સાથી છે; તેથી "મુક્તિ પરમપદ સાથ" એવા ભગવાન શ્રી સુપાર્શ્વનાથને જાણવા.

પરમાર્થ.

જુદા જુદા દેવોના નામોનો અન્વયં લઇએ તો, તે આ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનમાં ઘટિત થાય છે; માટે ખરેખરી રીતે તો તે નામોનો વાચ્ય પદાર્થ અન્ય રાગાદિ સહિત દેવો નહિ પણ વીતરાગ પ્રભુ જ છે.

એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર; લલના
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લલના.
શ્રી સુપાસ૦ ૮

શબ્દાર્થ.

એમ=પૂર્વોક્ત પ્રકારે, આ ભગવાન, અનેક અભિધા=અનેક

શબ્દાર્થ

(આત્મા અથવા આનંદઘનજી કહે છે) દેખણ દે રે= જોવા દે, સખી મુને દેખણ દે=હે સખી! મને જોવા દે. ચંદ્રપ્રભુ મુખ ચંદ=ચંદ્રપ્રભુ ભગવાનના મુખરૂપી ચંદ્રને જોવા દે, ઉપશમ= શાન્તરસનો, કંદ=મૂળ છે, ગતકલિમલ દુઃખદંદ=વળી જેમાંથી ગત એટલે ગયું છે, પાપરૂપ કલિમલ એટલે કીચડ અને દુઃખ-રૂપ દંદ એટલે જોડું, તે શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું મુખ મને જોવા દે.

ભાવાર્થ.

આનદઘનજી અથવા આત્મા-શુદ્ધ ચેતન્ય ધર્મ ધર્મિત શુદ્ધ ચૈતન્ય શક્તિને કહે છે કે-મને જોવા દે, જોવા દે (આ ઠેકાણે પુનરુક્તિ દોષ સમજવો નહિ) કેમકે, વારંવાર " જોવા દે જોવા દે " કહેવું, તેથી જોનારની પ્રબળ ઇચ્છા અને વસ્તુનું અપૂર્વપણું જણાય છે.

આ શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું મુખ કેવું છે ? તે કહે છે. રાગદ્વેષના રહિતપણાથી ઉત્પન્ન થયેલો જે શાન્તરસ તેના કંદ (મૂળ) સરખું છે. કંદની ઉપમા એટલા માટે આપી કે-જેમ કંદમાંથી અનેક અંકુરો ઉત્પન્ન થાય છે તેમ ભગવાનનું જે મુખ છે, તે શાન્તરસના અંકુરોને ઉત્પન્ન કરવાને મૂળરૂપ જણાય છે. વળી જેમાંથી પાપ અને દુઃખનો દંદ ગયો છે, એટલે કર્મક્ષયથી જેમા મુદ્દલ પાપ રહ્યુ નથી, તેમજ દુઃખનો દંદ પણ રહેલો નથી એવું નિર્મળ છે જ્ઞાનસાગરજી મહારાજે આ ઠેકાણે એવો અર્થ કર્યો છે કે-પ્રભુને સેવનાર દેવતા તથા મનુષ્યના સમુદાયનો પાપ અને દુઃખનો દંદ ગયો છે, માટે મને જોવા દે કે જેથી મારા પાપ અને દુઃખના દંદ જાય.

પરમાર્થ.

પ્રથમ જીવ માત્ર અતિ સૂક્ષ્મપણે જે સ્થિતિમાં હોય છે તે સ્થિતિને સૂક્ષ્મ નિગોદ કહે છે.

આ સૂક્ષ્મ નિગોદ[1] આખા લોકમાં જ્યાં સુધી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય છે ત્યાં સુધી એટલે લોકની ઉપરની મર્યાદા સુધી વ્યાપી રહેલ છે. આ કેવળ અજ્ઞાત અવસ્થા જેવી સ્થિતિ છે. આ સ્થિતિમાં દરેક રૂપનો અભાવ છે, તેથી ચક્ષુ હોવાનો સંભવ નથી, તેથી પ્રભુનું મુખ દીઠું નથી એમ જણાવ્યું છે.

[2]બાદર નિગોદ એ પણ ઉપરની સ્થિતિને લગભગ મળતી જ સ્થિતિ છે. અહીંથી આત્માનું પૃથક્પણું સહજ સમજાય છે. અતિ સૂક્ષ્મપણું તથા અજ્ઞાન જેવી જ અવસ્થા આ સ્થિતિમાં છે. ચક્ષુનો સંભવ આ સ્થિતિમાં પણ નથી, એટલે અહ પ્રભુનું મુખ આ સ્થિતિમાં પણ દીઠું નથી એમ જણાવ્યું છે

ત્રીજી સ્થિતિ પુઢવી એટલે પૃથ્વીકાયની છે. આ સ્થિતિમાં કંઈક, એટલે પૂર્વની સ્થિતિના અવ્યક્ત જ્ઞાન કરતાં કંઈક વિશેષ માત્ર સ્પર્શેન્દ્રિયજન્ય અવ્યક્ત જ્ઞાન હોય છે તેમજ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર હોય છે, તેથી સૂક્ષ્મપણું અને ચક્ષુનો અભાવ હોવાથી, હે ચેતન! હજુ પણ આ સ્થિતિમાં લાખો ને કરોડો વર્ષો ગાળ્યાં પણ પ્રભુનું મુખ દીઠું નહિ

આ [illegible] વાયુના શરીરવાળી સ્થિતિ [illegible] નથી હવે મને [illegible]

સ્પર્શેન્દ્રિયવાળાં જ હોય છે. ત્યાર પછી સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિયવાળું અળસિયાં, કૃમિ વિગેરેનું શરીર પામ્યો; તેમજ સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયવાળું કીડી, માંકડ વિગેરેનું શરીર હું પામ્યો અને ત્યાં પણ ચક્ષુને અભાવે મેં પ્રભુનું સુખ દીઠું નહિ.

ત્યાર પછી સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયવાળું વીંછી, ભમરા વિગેરેનું શરીર પામ્યો, ત્યાં પણ પ્રભુનું સુખ દીઠું નહિ.

ચૌરિન્દ્રિયપણામાં આંખો છતાં પ્રભુનું મુખ (સ્વરૂપ) કેમ દીઠું નહીં? એમ પૂછવામાં આવે તો મનને અભાવે પ્રભુને ઓળખવા માટે પૂરું જ્ઞાન નહોતું તેથી પ્રભુનું મુખ દીઠું નહિ; અને પાણીમા કાઢેલી લીંટીથી પાણીના જેમ વિભાગ થતા નથી, અને લીંટી કાઢવાનો શ્રમ જેમ ફોગટ જાય છે તેમ મને ચક્ષુ તો મળ્યાં, પણ પ્રભુનું મુખ દીઠા વિના ફોગટ ગયા. વળી અસંજ્ઞી પંચેન્દ્રિયપણામાં મનના અભાવે પ્રભુનુ દર્શન થઇ શકયું નહિ.

પરમાર્થ.

આ પ્રમાણે સત્ય જ્ઞાનના અભાવે કરીને મન રહિત પચેન્દ્રિયપણું પામ્યો, છતા પણ પ્રભુનુ મુખ દીઠુ નહિ, તેથી હે શુદ્ધ ચેતના! મને પ્રભુનુ મુખકમળ જોવા દે

સુર તિરી નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ;સ૦
અપજ્જતા પ્રતિભાસમાં,સ૦ ચતુર ન ચઢીઓ હાથ. સ૦૪

શબ્દાર્થ.

સુર=દેવ. તિરિ=તિર્યંચ-જળચર, ખેચર, ભૂચર, પશુ,

જાણીએ=અનુભવીએ, (શા વિના ?) દરિસણ વિણુ=(તમારું) દર્શન પામ્યા વિના, (કાળ ગયો) જિણુદેવ=હે જિનેશ્વર ભગવાન્! (હવે) આગમથી=શાસ્ત્રોથી, (ભગવાનની પૂજા અને દર્શનનો) મત=અભિપ્રાય, જાણીએ=સમજીએ, (સમજીને) કીજે=કરીએ, નિરમળ=શુદ્ધ-તથાપ્રકારે, (ભગવાનની) સેવ=સેવા.

ભાવાર્થ.

તથાપ્રકારની જોગવાઇ અને જ્ઞાનને અભાવે, હે શુદ્ધ ચેતના! મારાથી ભગવાનનું મુખ જોવાયું નથી, હવે કેવે પ્રકારે ભગવાનની સેવા કરું ?

આનો ઉત્તર શુદ્ધ ચેતના આપે છે કે-પૂજાનું રહસ્ય સિદ્ધાન્તથી જાણી ભગવાનની શુદ્ધ ચિત્તે સેવા કરો, અથવા શુદ્ધ સેવા કરો.

પરમાર્થ.

તથાવિધ ગુરુનો યોગ થવાથી અથવા વીતરાગભાષિત આગમનાં વાક્યો કર્ણગોચર થઇ જ્યારે અંતરાત્માને જગાડે ત્યારે જ પ્રભુદર્શન થાય છે, માટે જેને તે થયું હોય તેણે તો નિર્મળ રીતે પ્રભુસેવા બજાવવી.

નિરમળ સાધુ ભગતિ લહી, સ૦ યોગ અવંચક હોય; સ૦
ક્રિયા અવંચક તિમ સહી, સ૦ ફળઅવંચક જોઇ. સ૦ ૬

શબ્દાર્થ.

નિરમળ=નિર્મળ-શુદ્ધ, એવી સાધુ=મોક્ષમાર્ગ સાધે તે સાધુ, તેમની એટલે કે સાધુપુરુષોની, ભગતિ=ઉપાસના, લહી=પામીને તેથી, યોગ અવંચક=મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ આત્મગુણોને ન ઠગનારી, તે અવંચક, હોય=થાય, પછી

અથવા પ્રભુના ચરણકમળ આનંદના સમૂહરૂપ, અને મનોવાંછિત પુરવાને સુરતરુ જેવા છે; તેથી મને પ્રભુનું મુખ જોવા દે.

ભાવાર્થ.

પોતાનું સ્વરૂપ બતાવી તે પ્રમાણે વર્તવાની વ્યંગ્યાર્થે પ્રેરણા કરનાર ભગવાન પ્રેરક છે; અને તે પ્રેરણા પ્રમાણે વર્તનાર આત્મ પ્રેર્ય છે.

ભગવાનનું દર્શન પામી સહજ આત્મસ્વરૂપ પામેલો આત્મા, ભગવાનમાં અથવા પોતામાં રમણ કરે છે અને તેથી મોહનીયકર્મનો ક્ષય થાય છે મોહનીયકર્મ બધા કર્મોમાં ભગવાન અને આત્માના ગુણોનો ઘાત કરનાર છે, તેથી અત્રે મોહનીય કર્મ લખ્યું છે ઉપલક્ષણથી તો બીજાં સાતે કર્મોનો પણ ક્ષય થાય એમ જાણવું.

પ્રભુના ચરણકમળ આનંદના સમૂહરૂપ અને મનોવાંછિત પૂરવાને કલ્પવૃક્ષ જેવા છે.

પરમાર્થ.

જ્યારે મોહનીય કર્મનો ઉદય મંદ પડે છે અને તેનો સ્થિતિ બંધ ઓછો થાય છે ત્યારે શ્રી જિનેશ્વર ભગવાનનો ઉપદેશ આત્માને લાગે છે, તથા તે ભગવંતશ્રી જિનેશ્વર ભગવાન્ આત્માને આત્મગુણ પ્રાપ્ત કરવાના [illegible] વર્ષાવે છે અને પ્રભુના ચરણ કલ્પિત પૂરવા માટે [illegible] [illegible]

——

શબ્દાર્થ.

દ્રવ્ય=દ્રવ્યથી-શરીરથી અથવા વસ્ત્રથી, ભાવ=ભાવથી અથવા મનનાં પરિમાણથી, શુચિભાવ=પવિત્રપણું-નિર્મળતા, ધરીને=ધારણ કરીને, હરખે હર્ષસહિત-ઉલ્લાસપૂર્વક, દેહરે=જિનેશ્વર ભગવાનની પ્રતિમાજીની જ્યાં સ્થાપના કરેલી હોય ત્યાં, જઈએ રે=જઇએ.

દહ તિગ=જેમાં ત્રણ વાર કંઈ કરવાનું હોય તે ત્રિક આવી દશ ત્રિક જે ચૈત્યવંદન ભાષ્યમાં કહી છે તે, તથા પણ=પાંચ, અહિગમ=અભિગમ, સાચવતાં=સંભાળતા થકા, સાચવી કરીને, એકમના=એકાગ્ર મનવાળા-જિનપૂજામાં જ મન રાખનાર, ધુરિ=પ્રથમમાં, થઈએ રે=થવું જોઇએ.

ભાવાર્થ.

નહાવાથી તથા શુદ્ધ વસ્ત્રો પહેરવાથી શરીરની અપવિત્રતા દૂર કરી અનેક જાતના સંકલ્પ-વિકલ્પોના ત્યાગથી થયેલાં શુદ્ધ મનથી ભાવશુદ્ધિ કરી, અપૂર્વ વસ્તુનો લાભ થતાં જેમ ખુશી ઉત્પન્ન થાય છે તેમ, જિનપૂજાનો સમય મળ્યો છે એમ જાણી ખુશી થઇને દેહરે જઇએ

જે ક્રિયા કરવી હોય તેમા જ ધ્યાન રાખવાથી તે કાર્ય સારું થાય છે, તેથી પૂજાની ક્રિયા તરફ જ વૃત્તિઓને એકાગ્ર કરી દેરાસરજીમાં પ્રવેશ કરવો.

પ્રવેશ કરતાં જોડા, છત્ર, ચામર, મુકુટ અને ફૂલના હાર વિગેરે બહાર મૂકવારૂપ દેવવંદન ભાષ્યમા લખ્યા પ્રમાણેના પાંચ અભિગમો સાચવવા

ત્યાર પછી ત્રણ નિસ્સિહી, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ એવી દશ ત્રિક કરવી (આ સંબંધી વિશેષ વર્ણન દેવવંદન

ભાષ્ય, શ્રાદ્ધદિનકૃત્ય વિગેરે ગ્રંથોથી જાણવું.)

પરમાર્થ.

હૃદયનો ઉલ્લાસ અને એકાગ્રતા, તથા પ્રભુ તરફ બહુમાનની લાગણી, એ જ પ્રભુભક્તિમાં પ્રધાનભૂત અંગ ગણાય છે. દ્રવ્યભાવથી શુચિ (પવિત્ર) ભાવ ધારણ કરવાથી હૃદયનો ઉલ્લાસ સાધ્ય છે. દશ ત્રિકો સાચવવાથી મનની એકાગ્રતા સિદ્ધ થાય છે અને પાંચ અભિગમો સાચવવાથી પ્રભુ તરફ બહુમાનની લાગણી સિદ્ધ થાય છે માટે તેમ કરવા જણાવ્યું છે.

કુસુમ અક્ષત વર વાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરુમુખ આગમ
ભાખી રે. સુવિધિ૦ ૩

શબ્દાર્થ.

કુસુમ=ફૂલ, અક્ષત=ચોખા, વર=પ્રધાન, વાસ સુગંધો= સારી વાસવાળો=ખુશબોદાર વાસક્ષેપ, ધૂપ=અષ્ટાંગ, દશાંગ નામના સુગંધી પદાર્થો-ભગવાનની આગળ અગ્નિમાં જે બાળવામાં આવે છે તે ભૂકો, દીપ=દીવો, (આ પ્રમાણેની) અંગપૂજા=જિનેશ્વર ભગવાનની પ્રતિમાના શરીરની પૂજા, પણ ભેદ=પાંચ ભેદે, સુણી=સાંભળી છે. ઇમ=એ રીતે, (કોને મુખેથી ? તો કે) ગુરુમુખ-ગુરુ મહારાજના મુખથી અને આગમભાખી રે=સિદ્ધાન્તોમાં કહેલી સાંભળી છે.

ભાવાર્થ.

આ ગાથામાં પાંચે પૂજાને અંગપૂજા ગણી છે; પણ વાસક્ષેપની તથા ફૂલોની પૂજા અંગપૂજા છે બાકી ધૂપ, દીપ અને અક્ષતની પૂજા. તે અગ્રપૂજામાં ગણાય છે. (એમ અમારી સમજ છે) (કોઇક પ્રકારે આ બધી પૂજાને શાસ્ત્રમાં અંગ પૂજા ગણી હશે તે બહુશ્રુત જાણે)

શુભ ગતિ વરી રે=સારી એવી દેવની અથવા મનુષ્યની ગતિ પામે, (અને પરંપરાએ મુક્તતા પામે.)

ભાવાર્થ

પ્રથમ જે પાચ પ્રકારની પૂજા કહી તેવી આ આઠ પ્રકારની પૂજા છે

આમાં ત્રણ અંગપૂજા છે. જળ, ગંધ અને ફૂલની તથા ધૂપ, દીપ, અક્ષત, ફળ અને નૈવેદ્ય તે અગ્રપૂજા છે. અંગ પૂજા અને અગ્રપૂજા એ બન્ને મળીને કુલ પૂજાના આઠ પ્રકાર થાય છે. અને એ આઠ પ્રકારે જે ભવ્ય પ્રાણીઓ સારો ભાવ રાખી ભગવાનનું પૂજન કરે છે તે સારી ગતિ પામે છે અને પરંપરાએ યાવત્ મુક્ત પણ થઇ શકે છે.

પરમાર્થ

ભાવ એટલે પ્રભુ તરફ ભક્તિભાવ, તે સહિત જો પૂજા કરાય, તો જ શુભ ગતિ મેળવી શકાય, ભાવ વિનાની પૂજા તથાવિધ ફળ આપી શકે નહિ; માટે પૂજાના તમામ પ્રકારો સાચવતા સાથે સંપૂર્ણ ભક્તિભાવ અથવા ઉપયોગ રાખવો જોઇએ.

સત્તર ભેદ એકવીસ પ્રકારે, અડોત્તર સત ભેદે રે; ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે.સુ૦૬

શબ્દાર્થ

સત્તર ભેદ=સત્તર પ્રકારની, એકવીસ પ્રકારે=એકવીશ પ્રકારની, અડોત્તર સત=એકસો ને આઠ, ભેદે=પ્રકારે, (દ્રવ્યપૂજા) શાસ્ત્રમાં કહી છે. ભાવપૂજા તો, બહુવિધ=ઘણા પ્રકારે, નિરધારી=કહી છે. (તે કરનાર) દોહગ-દુર્ભાગ્ય તે દુઃખનો પ્રાપ્તિરૂપ

પરમાર્થ

ભાવને પ્રધાન મણ્યો એટલે તેને કાયમ રાખી અનેક પ્રકારે દ્રવ્યપૂજા કરી શકાય છે; તેથી તે દ્રવ્યપૂજાઓ છતાં ભાવવર્ધક અથવા ભાવપૂર્ણ હોવાથી મનોવાછિત ફળ આપે છે.

તુરિય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે, ભાખી કેવળભોગી રે. સુ૦૭

શબ્દાર્થ

તુરિયભેદ-ચોથા ભેદ તે, પડિવત્તી પૂજા-પ્રતિપત્તી પૂજા (પડિવજવું-અંગીકાર કરવું એટલે કે પોતાનું સ્વરૂપ અંગીકાર કરવું તે રૂપ) પૂજા-સેવા, આ પૂજા કયારે થાય? તો કે) ઉપશમ ખીણ સયોગી રે=અગિયારમે ગુણસ્થાનકે આત્મા હોય એટલે ઉપશાંતમોહ થયો હોય ત્યારે તથા બારમે ગુણસ્થાનકે ક્ષીણમોહ થયો હોય ત્યારે તથા તેરમે ગુણસ્થાનકે સયોગી-શુદ્ધતા પામેલા ચૈતન્યને માત્ર યોગ રહેલ હોય તેવી દશામાં આ પડિવત્તી પૂજા થઈ શકે. ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે=આ ચાર પ્રકારની પૂજા ઉત્તરાધ્યનસૂત્રમાં, ભાખી=કહી છે. કેવળભોગી રે=કેવલ્યજ્ઞાનવાન એવા ભગવાને કહી છે. (ઉત્તરાધ્યયન-સૂત્રના સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યયનમાં કહી છે.)

ભાવાર્થ

આ ચોથા ભેદનું સ્વરૂપ અનુભવવેદનરૂપ છે, તેથી તેનો વિશેષ અર્થ ગુરુમુખથી ધારવા યોગ્ય છે

પરમાર્થ

પોતાનું [illegible] સમ્યગ્જ્ઞાન, ભગ[illegible]નની આજ્ઞાનો જે સાર

૧૦. શ્રી શીતલનાથ ભગવાનનું સ્તવન

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શી૦૧

શબ્દાર્થ

શીતલ-શીતલનાથ નામના દશમા, જિનપતિ-જિનેશ્વરનો, લલિત-મનોહર, ત્રિભંગી-ત્રણ પ્રકારવાળી, વિવિધ-જુદી જુદી, ભંગી-ભંગમાળા, મન-ચિત્ત (તેને), મોહે રે-મોહ પમાડે છે-ખેંચે છે. કરુણા કોમળતા-કરુણારૂપ કોમળતા (અથવા) કરુણા તે જ કોમળતા, તીક્ષ્ણતા-કર્કશતા, ઉદાસીનતા-અલિપ્તતા, સોહે રે-શોભે છે.

ભાવાર્થ

શીતલનાથ નામના દશમા ભગવાનની ત્રિભંગી અને તેના જુદા જુદા પ્રકારો મનને આનંદ આપે છે તે ત્રણે પ્રકારોમાં એક કરુણારૂપ કોમળતા, બીજી તીક્ષ્ણતા અને ત્રીજી ઉદાસીનતા જાણવી.

પરમાર્થ

[illegible]

ઘોર તપસ્યા કરીને અને ધ્યાનાગ્નિથી સમસ્ત કર્મસમૂહનો નાશ કરવામાં પણ જેમની પ્રવૃત્તિ થાય છે એટલે કરુણાને અને તીક્ષ્ણતાને પરસ્પર વૈર છતા પણ પૂર્વોક્ત પ્રકારે બન્ને ગુણો પ્રભુમાં જોવામા આવે છે.

જેમને પામવા યોગ્ય આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે, એટલે જગતના અન્ય પદાર્થો પરથી જેમની ઇચ્છા સ્વાભાવિકપણે નષ્ટ થઇ ગઇ છે; તેથી ત્યાગવાનું અને ગ્રહણ કરવાનું કંઇ રહેતુ નથી માટે ઇષ્ટ અનીષ્ટ વસ્તુને અભાવે આખા જગત પર ભગવાનને ઉદાસીનતા છે. પ્રભુને સ્વાભાવિક વસ્તુને ત્યાગવાનાં અને ગ્રહણ કરવાનાં પરિણામ થતા જ નથી, તેથી તે તેનાથી રહિત છે. આવી રીતે પ્રભુમાં ત્રણ ગુણો રહેલા છે.

પરદુઃખછેદન ઇચ્છા કરુણા, તીક્ષ્ણ પરદુઃખ રીઝે રે; ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે૦શી૦૩

શબ્દાર્થ

પરદુઃખ-બીજાનાં દુઃખ, (તેમનુ) છેદન-કાપવું, (તેની) ઇચ્છા-વાંચ્છા, (તે) કરુણા-કરુણા નામે પહેલો પ્રકાર. તીક્ષ્ણ-તીક્ષ્ણતા નામે બીજો પ્રકાર (તે) પરદુઃખ-બીજાના દુઃખમાં-બીજાને દુઃખ પડતાં જોઇ, રીઝે રે-ખુશી થાય, ખુશી થયું તે (છે.) (અને) ઉદાસીનતા-ઉદાસીનતા નામે ત્રીજો પ્રકાર તે ઉભયવિલક્ષણ-કરુણા અને તીક્ષ્ણતા, તે બન્નેથી જુદી જ સ્થિતિ-અર્થાત તટસ્થવૃત્તિ-મધ્યસ્થપણું, આ (ત્રણે પ્રકાર) એકઠામે-એક ઠેકાણે કેમ-શી રીતે? સીઝે રે-સિદ્ધ થઈ શકે! હોઇ શકે?

ભાવાર્થ

અન્ય સંસારી પ્રાણીઓના દુઃખછેદનની જે ઇચ્છા તે કરુણા. પોતાના આત્મા સાથે રહેલા જે જડ પુદ્‌ગલો તેના દુઃખથી રીઝવું એટલે હર્ષ પામવું તે તીક્ષ્ણતા અને અવસ્થિતિ પરિ-

પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪

શબ્દાર્થ

અભયદાન=નિર્ભયતા આપવી-જીવિત આપવું તે, તિમ=પૂર્વોક્ત રીતે, લક્ષણ કરુણા-કરુણાનું લક્ષણ (છે.) તીક્ષણતા-તીક્ષ્ણતા છે તે, ગુણ ભાવે રે-ગુણોને વિચારવામાં (અથવા) ગુણ અને ભાવમાં (છે.) પ્રેરણ-પ્રેરણા-સંકલ્પ, (તેના) વિણ-વિનાની, (જે) કૃતિ-ક્રિયા તે, ઉદાસીનતા-ઉદાસીનતા છે, ઇમ-એ રીતે, વિરોધમતિ-વિરોધનો વિચાર-વિરોધાભાવ, નાવે રે-ન આવે-નહિ આવે

ભાવાર્થ

જન્મ, મરણ, રોગ તથા શોક આદિનો ભય સમસ્ત સંસારી જીવોને છે. તે ભય દૂર કરવારૂપ જ્ઞાન આપવું તેના ચિહ્નરૂપ કરુણા જાણવી.

આત્માના ગુણો જે જ્ઞાનદર્શનાદિ તે વિચારવાથી તીક્ષ્ણતા થાય છે.

(ઇષ્ટ અનિષ્ટ સંયોગથી) પ્રેરણા વિના જે ભાવ રહે, તે કરેલી-થયેલી ઉદાસીનતા જાણવી.

એવી રીતે પૂર્વે જે કહ્યું તેમ વિચારનાં આ ત્રણે ભાવો સાથે રહેવામાં બુદ્ધિમાં વિરોધ ન આવે.

પરમાર્થ

વળી કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા પ્રભુમા કેવી રીતે રહી છે તે જણાવે છેઃ—

ભવ્ય પ્રાણીઓને ભગવાનના સ્વરૂપનો બોધ કરવી સંસારની મોક્ષ

વળી યોગરૂંધન થયા પછી જ્ઞાનનો તેમજ દર્શનનો ઉપયોગ, અનુપયોગ ઠરવાનું પ્રયોજન હોતું નથી, તેથી ઉપરના બન્ને ગુણોથી ભિન્ન એવા ત્રીજા ગુણની સંભાવના થાય છે.

આ પ્રમાણે ત્રિભંગી પ્રભુમાં જ સંભવી શકે છે.

ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમતકાર ચિત દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘનપદ લેતી રે.
શીતલ૦ ૬

શબ્દાર્થ

ઇત્યાદિક-એ વિગેરે, બહુભંગ-ઘણા ભાંગાઓની-ઘણા પ્રકારોની, ત્રિભંગી-ત્રિભંગીઓ. ચમતકાર-અજાયબી ભરેલી ખુબી, ચિત-ચિત્તમાં, મનમાં, દેતી રે-આપે છે, પેદા કરે છે. (ત્રિભંગીઓ કેવી છે ? તો કે) અચરિજકારી-આશ્ચર્યકારક (છે), ચિત્રવિચિત્રા-જુદા જુદા રૂપની (છે), (અને) આનંદઘન-આનંદથી વ્યાપ્ત. આનંદથી ભરપૂર (એવા) પદ-મુક્તપદ, મોક્ષસ્થાન, (તેને) લેતી રે-લાવી આપનાર છે.

ભાવાર્થ

ઇત્યાદિક પૂર્વે કહી તે, તથા બીજી બહુ પ્રકારની ત્રિભંગીઓ મનને ચમત્કાર પમાડે છે અને તે આશ્ચર્યકારી ત્રિભંગીઓ જુદા જુદા પ્રકારોની છે. વળી જેમનામાં તે ત્રિભંગીઓ, કેવળજ્ઞાન ને કેવળદર્શનને આશ્રયે હોય છે તે ત્રિભંગીવાળા મોક્ષપદ પામે છે.

પરમાર્થ

ઇત્યાદિક એટલે ઉપર કહી તે સિવાયની બીજી ત્રિભંગીઓ છે એમ સમજવું. જેઓને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું છે, તેમને આશ્રયે સમસ્ત ગુણો રહે છે એટલે તેમનામાં અનેક પ્રકારના ગુણો પરસ્પર

શબ્દાર્થ

શ્રી શ્રેયાંસ-શ્રીમાન્ શ્રેયાંસ નામે અગિયારમા, જિન-જિનેશ્વર ભગવાન્, અંતરજામી-અંતર્યામી-હૃદયના ભાવને જાણી લેનાર (છે), આતમરામી-આત્મારામ-આત્મસ્વરૂપમાં રમનાર છે, નામી રે-ઉત્તમ નામવાળા અથવા કર્મશત્રુઓને નમાવનાર (છે.) અધ્યાતમમત-અધ્યાત્મમત-આત્મા સંબંધી વિનિશ્ચય (તેને), પૂરણ-સંપૂર્ણ રીતે-પૂરેપૂરું, પામી-પ્રાપ્ત કરીને, સહજ-વગર કષ્ટે, સુગતિ-ગતિ-મુક્તિરૂપ પંચમ ગતિ, (તેના) ગામી રે-જનાર છે.

ભાવાર્થ

શ્રી શ્રેયાંસ નામના તીર્થંકર પ્રભુ હૃદયના ભાવને જાણનારા છે. તથા આત્મારામ નામના ઉત્તમ નામવાળા છે. આત્મા સંબંધી નિશ્ચયને સંપૂર્ણ રીતે પામીને વગર પ્રયાસે મોક્ષે જનારા છે.

પરમાર્થ

શ્રી શ્રેયાંસનાથ નામના ભગવાન્ કેવળજ્ઞાન અને કેવળદર્શનથી વસ્તુમાત્રનું શુદ્ધ સ્વરૂપ જાણી શકે છે, માટે અંતરજામી કહેવાય છે; તેથી જ તેમનું નામ આત્મારામ છે. અથવા આત્મામાં જ જેમનું રમણ છે, તેથી આત્મારામ નામવાળા છે.

આ પ્રભુ સ્વરૂપ સંબંધી સંપૂર્ણતા પામી, અથવા આત્મા જ જેમાં અધિકપણે વર્તે છે તેવા મત પૂર્ણપણે પામી સહજ મુક્તિગતિ પામનાર છે; અથવા સહજ મોક્ષે જનાર છે

સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે.શ્રી૦ ૨

કિરિયા-ક્રિયા-જ્ઞાનધ્યાનાદિ યોગાભ્યાસ, (તેને) સાધે-સિદ્ધ કરે, તેહુ-તે ક્રિયા, અધ્યાતમ-અધ્યાત્મ શબ્દવાચ્ય-આત્માને લગતી, લહિયે રે-લેવી-જાણવી.

(પણ) જે-જે જાતની, કિરિયા-ક્રિયા, કરી-કરીને, ચઉગતિ-ચતુર્ગતિ-ચારે ગતિ, સંસાર, સાધે-સધાય, તે-તે ક્રિયા, ન-નહિ, અધ્યાતમ-અધ્યાતમ શબ્દવાચી, કહિયે રે-કહી શકાય.

ભાવાર્થ

પોતાના આત્મસ્વરૂપની જે પ્રાપ્તિ તેને માટે, અથવા તેમાં રમણ કરવારૂપ જે આવશ્યકાદિક ક્રિયા તેનું જે સાધન તેને અધ્યાત્મ કહીએ, પણ જે ક્રિયા કરી દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીની ગતિ સાધે, એટલે એ ગતિઓમાં જવા યોગ્ય કર્મનો બંધ કરે તેને અધ્યાત્મ ન કહીએ.

પરમાર્થ

આત્મસ્વરૂપમા રમતા જે પ્રાણી પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ સાધે, અને તેનો આત્મ અધિ એટલે મુખ્યતાએ વર્તે, તેને જ અધ્યાત્મ કહેવું; પણ પોતાના સ્વરૂપના જ્ઞાનને અભાવે જે પ્રાણીઓ ક્રિયા કરી ચાર ગતિઓમાં ભ્રમણ કરવારૂપ કર્મોનાં દળ ઉપાર્જન કરે તેને અધ્યાત્મ કહેવું નહિ.

જેમ કોઈ સાધુ શુભ કરણી કરી દેવાયુ બાંધે અથવા મનુષ્યગતિને સિદ્ધ કરે અથવા અશુભ ક્રિયા કરી નરક, તિર્યંચગતિને સિદ્ધ કરે તેને અધ્યાત્મ કહેવુ નહિ

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦ ૪

જેમ કોઈ વસ્તુને તેમાં ગુણ ન છતાં ગુણી માનવામાં આવે છે તેમ, ગુણ ન છતાં કોઇ પુરૂષ બીજાને અધ્યાત્મી છે એમ માને તેને સ્થાપના અધ્યાત્મ જાણવું.

બહારથી યોગની સાધના કરી પ્રાણાયામ વિગેરે ધ્યાન કરે, દેખાવ અધ્યાત્મીનો રાખે અને અંદરખાને વિષયોની વાંછના હોય તે દ્રવ્ય અધ્યાત્મી કહેવાય છે.

બાહ્ય તથા અભ્યંતરની પણ એક સરખી પ્રવૃત્તિ હોય, તથા સ્વરૂપની સુખના સહિત ક્રિયામાં પ્રવૃત્તિ હોય—જેમાં આત્માની અધિકતા સિવાય બીજું કાંઇ ન હોય, તો ભાવ અધ્યાત્મ જાણવું. તેની રચના કરવી જ યોગ્ય છે; અને આ છેલ્લા સિવાયના ઉપરના ત્રણે અધ્યાત્મ છાંડવા યોગ્ય છે.

શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે; શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ૦ ૫

શબ્દાર્થ

શબ્દ અધ્યાતમ=અધ્યાત્મ શબ્દ, (તેનો) અર્થ સુણીને=અર્થ સાંભળીને, નિર્વિકલ્પ=નિર્વિકલ્પપણે-નિઃશંકપણે-બેશક, (તેને) આદરજો રે=આદર આપજો.

(પણ) શબ્દ અધ્યાતમ=(અર્થ વગરનો ફક્ત) અધ્યાત્મ શબ્દ=નામ માત્રથી અધ્યાત્મ. (તેમાં) ભજના=ખરાપણું હોય પણ, ને ન પણ હોય, એમ વિકલ્પ=શંકા=શંકા (રહેલી છે) (માટે તે) જાણી=જાણી કરીને-ચોક્કસ રીતે તેના ખરાખોટાપણાનો નિશ્ચય મેળવી કરીને (ત્યારબાદ જ) હાન ગ્રહણ=તેને છોડી દેવું કે ગ્રહણ કરવું (તેની) મતિ=ધારણા, ધરજો રે=કરજો.

હીન) બીજા–નામ માત્રથી અધ્યાત્મી બની બેઠેલા લોકો, આવ્યુ=નક્કીપણે સમજો કે, લબાસી રે=લબાડ છે.

(માટે) વસ્તુગતે=યથાર્થપણે, જે=જે પુરુષો, વસ્તુ એટલે તત્ત્વ, પ્રકાશે=જણાવે–સમજાવે, (તે જ પુરુષો) આનંદઘન= આનંદથી ભરપૂર રહેલ જે જિનેશ્વર ભગવાન્ (તેના) મત= માર્ગ, (તેમાં) વાસી રે=વસનાર અથવા તેનાથી વાસિત થયેલા (જાણવા).

ભાવાર્થ

ઉપર કહ્યા તે સિવાયના આત્મતત્ત્વની વિચારણા નહિ કરનારા જે મન–મમતીઓ તેમને લબાડ જાણવા. આગમમાં કહેલું જે તત્ત્વ, તે પ્રમાણે અથવા જેમ આગમમાં કહ્યું છે તે પ્રમાણેનું આત્મતત્ત્વ જેઓ શિષ્યાદિકોને કહે તે કેવલજ્ઞાની મહારાજના મતના વાસી થાય; અર્થાત્ જિનમતના વાસિત થાય અથવા આનંદઘનજી મહારાજના મતવાળા થાય.

પરમાર્થ

જે માત્ર આત્મતત્ત્વનો જ વિચાર કરનાર છે તે અધ્યાત્મી કહેવાય. તે સિવાયના મરેલા અધ્યાત્મની વાતો કરનારા, અને નિશ્ચય નર્યું આત્મતત્ત્વ વિચારમાં પ્રવૃત્તિ કરનારા મમતીઓને લબાડી જાણવા. આગમમાં કહ્યા પ્રમાણે આત્મતત્ત્વના જાણનારા અને પ્રરૂપનારા તે જ જિનમતના હોય, અથવા [illegible] મહારાજના મતના છે એમ [illegible]



આકારવાળા છે વળી નિરાકાર અને સાકાર લક્ષણવાળા છતાં ચેતનાના જે જ્ઞાનાદિ ગુણો તે સહિત છે એટલે સચેતન છે.

સામાન્ય શુભાશુભ ઉપયોગે પ્રવર્તતો ચેતન, ક્રિયાના ફળરૂપ પુણ્ય અને પાપ પ્રકૃતિ ફળનો અભિલાષી છે એમ જાણવું.

પરમાર્થ

દેવલોકના ઇંદ્રો, મૃત્યુલોકના ચક્રવર્તીઓ, ભુવનપતિ તથા વ્યંતર લોકના ઇંદ્રોએ ભગવાનનું વંદન, પૂજન વિગેરે કરવાથી તેમજ સમગ્ર આત્મઋદ્ધિ પ્રાપ્ત કરવાથી, અને જેમને કંઇ પણ પ્રાપ્ત કરવાનું બાકી નથી, તેથી ભગવાન ત્રણે ભુવનના સ્વામી છે.

ભગવાનના ઘણા નામો છે અને તે નામ પ્રમાણે પરિણામવાળા છે. વળી ભગવાન નિરાકાર છે તેમ સાકાર પણ છે, અને સચેતન છે.

કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે તમામ આત્મ કર્મના કર્તા છે, અને તેથી શુભાશુભ કર્મથી થયેલા પુણ્ય પાપરૂપ ફળના ભોક્તા તથા ઇચ્છક છે.

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે. વા૦ ૨

શબ્દાર્થ

નિરાકાર=આત્માનું નિરાકારપણું, (શી રીતે? તો કે) અભેદ સંગ્રાહક=અભેદગ્રાહી-સર્વ આત્માઓને એકાત્મભાવથી લેનાર નય (તેના હિસાબે છે) ભેદગ્રાહક=ભેદગ્રાહી (નયોવડે તો) સાકારો=સાકારપણું (રહેલું) છે. દર્શન=દેખવું, જ્ઞાન=જાણવું, (એમ દુભેદ=બે ભેદ (તે) ચેતન=ચેતના કહેવાય. (તે શું છે? તો કે) વસ્તુગ્રહણ વ્યાપારો=વસ્તુને ઓળખવાનો જે વ્યાપાર-ઉપયોગ (તે જ ચેતના) છે.

ભાવાર્થ

[illegible]

પરમાર્થ

[illegible]

[illegible]

[illegible]

અ. [illegible] સામાન્યોપયોગ તે દર્શન; અને વિશેષોપયોગ તે જ્ઞાન. [illegible] વિશેષમાં સામાન્ય [illegible] આવી જાય છે. તો પણ પ્રથમ સામાન્ય જ્ઞાન થયા પછી વિશેષ જ્ઞાન થાય છે, તેથી [illegible]

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરિયે રે. વાસુ૦૩

શબ્દાર્થ

કર્તા—આત્મા, કર્તા પણ છે. (કર્તા [illegible]) પરિણામી= પરિણામ પામતા (જ્ઞાનદર્શનરૂપ પરિણામો=જે પરિણામો

(તેનો), (વળી પૂર્વે કહેવામાં આવ્યું છે કે, ભગવાન્
અને કર્મફળના કામી છો, ત્યાં કર્મ તે શું ? તે બતાવે છે
કર્મ જે જીવે કરીયે રે=જીવ જે કરે-ક્રિયા કરે, તે ક્રિયા તે ક
વળી એક અનેક રૂપ નયવાદે=આત્મા, નયવાદની અપે
લેતાં એક પણ છે, અને અનેકરૂપ પણ છે. (એમ) નિય
નિશ્ચયપૂર્વક, નર=આત્મા છે, (તેને એમ) અનુસરીયે
માનવું જોઇએ

ભાવાર્થ

આત્મામાં કર્મનું કર્તાપણું વ્યાપક પરિણામે છે, વાસ્તવિક ન

નયવાદે આત્મા એક અને અનેકરૂપ કહેવાય છે, પણ
પુરુષ ! નિશ્ચય નયને અનુસરીએ તે જ બરાબર છે.

પરમાર્થ

આત્મામા કર્તાપણાના પરિણામો માત્ર વ્યાપીને રહેલા છે
આવા પરિણામોથી જીવ જે કરે અથવા જીવથી જે ક્રિયા કરાય તે
કહેવાય, નિશ્ચય નયથી આત્મામા કર્તાપણું નથી.

જૂદા જૂદા નયોના મત પ્રમાણે આત્મા એક પણ કહેવાય છે
અનેક પણ કહેવાય છે, પણ હે મનુષ્ય ! તું નિશ્ચય નયનું આશ્ર
ગ્રહણ કરી, તે પ્રમાણે શુદ્ધના પ્રાપ્ત કરવા પ્રવર્ત; એટલે તું ભગવા
પદ પામીશ અને શુદ્ધ આત્મપણુ પણ પ્રાપ્ત કરીશ.

દુઃખ સુખ રૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો
વાસુ૦

શબ્દાર્થ

દુઃખ=આત્મા જેનાથી અસાતા ભોગવે છે તે, સુખ=આ

વેનાથી જ્ઞાનનો અનુભવ કરે છે તે (તે)=રૂપ=તદાકાર કરમ-ફળ ભણિયે=આત્માએ કરેલાં કર્મોનાં ફળો જાણવાં. નિશ્ચય=નિશ્ચય નયને મતે, એક=એક જ, આનંદો રે=આત્મામાં આનંદ છે. ચેતનતા=ચૈતન્યપણું, તદ્રૂપ. પરિણામ=ભાવ, ન ચૂકે=ભૂલે નહિ તો તેને. ચેતન શબ્દ આત્મા, કહે=કહે છે. (કોણ ? તો કે) જિનવરો રે=જિનેશ્વર ભગવાન.

ભાવાર્થ

દુઃખ અને સુખ એ બંને કર્મનાં ફળરૂપ જાણો. નિશ્ચય નયથી તો એક આનંદ જ છે, એવું કેવળી ભગવાનોમાં ચંદ્ર સમાન એવા શ્રી તીર્થંકર મહારાજ કહે છે. જે આત્મા કોઇ પણ દશામાં ચૈતન્યપણાને મૂકતો નથી તે ચૈતન્ય છે, અને નિશ્ચય નયથી તે આનંદરૂપ છે.

પરમાર્થ

જ્યારે ચૈતન્યમાં નિશ્ચય નયથી કર્તાપણું નથી ત્યારે સુખ દુઃખ એ શું છે એમ શંકા થાય તેનું સમાધાન કહે છે:—

સુખ અને દુઃખ એ માત્ર કર્મનાં ફળો છે. આ કર્મનું કર્તાપણું ઉપરની ગાથામાં કહ્યું તેમ નિશ્ચય નયથી આત્મામાં નથી, પણ વ્યવહાર-થી આપણે રહેલું છે; તેથી નિશ્ચય નય પ્રમાણે આત્મામાં સુખ દુઃખપણું નથી; પણ આત્મા આનંદમય છે.

તેથી જિનેશ્વર ભગવાન્ કહે છે કે-આવી ઔપચારિક અસંત સુખ અને દુઃખદશામાં પણ ચૈતન્ય ચેતનતા ચૂકતો નથી. ચૈતન્ય તો ચૈતન્યરૂપે જ રહે છે. કહ્યું છે કે.—

> ધર્મો અપને ધર્મકૂ, ન તજે તીનો કાલ;
> આતમા ન તજે જ્ઞાન ગુણ, જડ કરિયાકી ચાલ.

આ પ્રમાણે આત્મા ચેતન ચેતનતા જ્ઞાનગુણને તજતો નથી;

અને જ્યારે સમય પ્રાપ્ત થાય છે ત્યારે વિભાવનો ત્યાગ કરી, સ્વભાવમાં પ્રવૃત્તિ કરી આત્મા પોતાનું પદ પ્રાપ્ત કરે છે.

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;
જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે.
વાસુ૦ ૫

શબ્દાર્થ

પરિણામી=અદલબદલ થતાં છે, (કોણ ? તો કે) ચેતન-પરિણામો=જ્ઞાન, દર્શનરૂપ ચેતનાનાં પરિણામો તે. (અને) જ્ઞાન=આત્માને એવું જ્ઞાન (રહેલું છે કે) કરમફળ-ક્રિયાનાં ફળ, ભાવી રે=અવશ્ય થનાર જ છે; (ત્યારે) જ્ઞાન કરમ ફળ=કર્મનાં ફળનું જે જ્ઞાન તે (જ્ઞાનરૂપે) ચેતન=ચેતનાવંત આત્મા, કહીએ-કહેવાય છે (માટે) લેજો તેહ મનાવી રે=(કર્મફળ શાંતપણે ભોગવવા માટે) તે આત્માને સમજાવી લેવો જોઈએ.

ભાવાર્થ

(ચેતનતા ધર્મે) વ્યાપી રહેલો જે જીવ, તેનાં પરિણામો તે ધર્મસ્વરૂપનું જાણવાપણું તે જ્ઞાન; તે પૂર્વક જે કરવું તેનું ફળ આગામી કાળે સ્વરૂપપ્રાપ્તિથી થાય છે. જ્ઞાન કહેતાં સ્વસ્વરૂપનું જ્ઞાન અથવા આત્મજ્ઞાન, તેનું કરમ એટલે કરવું-પ્રગટ કરવું-પ્રયુંજવું, તેનું ફળ તે સ્વરૂપપ્રાપ્તિ અને તેને જ ચેતન કહીએ. જાણપણાવાળા ચેતનને લક્ષણા સહિત અને અજ્ઞાની ચેતનને લક્ષણા રહિત ચેતન કહેવુ, એવું શાસ્ત્રોમા કહેલું છે

હે ભવ્યો ! આ (લક્ષણા સહિત) ચેતનને મનાવી લેજો, એટલે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લેજો-સ્વરૂપમા પ્રવર્તજો, એટલે સ્વરૂપ ચિતવન વિના અન્ય ચિતવન કરશો નહિ

આત્મજ્ઞાનશૂન્ય મન મમત્વીઓ તો, દ્રવ્યલિંગી કે=સાધુનો વેષ માત્ર પહેરતા હોવાથી દ્રવ્યલિંગધારી (જાણવા).

માટે વસ્તુગતે-વસ્તુસ્વરૂપને જાણીને (તે પ્રમાણે) જે-જે પુરુષો, વસ્તુતત્ત્વ, પ્રકાશે=જણાવે, (તેઓ જ) આનંદઘન-આનંદથી ભરપૂર એવા (ભગવાનના) મત-માર્ગના, સંગી-પ્રેમધારી હિમાયતીઓ (છે.)

ભાવાર્થ

આત્મના જાણનાર જે આત્મજ્ઞાની તે જ મુનિ કહેવાય, આત્મ વિનાના રજોહરણ, મુખવસ્ત્રિકા વિગેરેને ધારણ કરનાર દ્રવ્યલિંગવાળા હોવાથી દ્રવ્યલિંગી સાધુ કહેવાય આત્માનું યથાર્થ સ્વરૂપ જે પ્રકટ કરે છે, તે આનંદઘનરૂપ જે આત્મા તેની બુદ્ધિ અથવા તે રૂપ સુમતિના સહચારી થાય; અથવા આનંદઘનજી જે ગ્રંથકર્તા, તેમના મતના સહચારી-સોબતી થાય

પરમાર્થ

ખરેખરા ભાવસાધુ તે આત્મજ્ઞાનવાન્ મુનિ જાણવા. ગમે તેટલી ક્રિયા કરતો હોય અથવા ગમે તેવો તપસ્વી હોય તેને ભાવસાધુ કહેવાય નહિ, પણ જો તે યથાર્થ લિંગ ધારણ કરતો હોય તો તેને દ્રવ્યસાધુ કહેવાય.

જે આત્મા જેવો છે તેવો પ્રકાશે, એટલે પોતે જાણે અને લોકોને સમજાવે તે જ માત્ર આનંદઘનજીના સહચારી થવાને યોગ્ય જાણવા; એટલે કે તે જ મુમુક્ષુ અથવા અધ્યાત્મી, આત્માનો જે સમૂહ, તેની મતિના (એટલે તે પ્રાપ્તિ કરવાની બુદ્ધિવાળા) જાણવા, અર્થાત્ તેમને જ આત્માનંદ પ્રાપ્ત થઇ શકે એમ સમજવું

——⁂——

પરમાર્થ

મેં શ્રીવિમળનાથ ભગવાનનાં દર્શન કર્યાં, તેથી મને પોતાનામાં આત્મતત્ત્વ ભાસ્યું; તેથી અજ્ઞાનથી હું જે અનેક કલ્પનાઓ કરી દુઃખી થતો હતો તે અજ્ઞાન મટવાથી દુઃખ અને દૌર્ભાગ્ય પણ દૂર ગયાં.

આમ થવાથી મને મારામાં અનંત અવ્યાબાધ સુખ ભાસ્યું, અને આત્મસંપદા સાથે મારો મેળાપ થયો.

જેમના દર્શન માત્રથી આમ બન્યું તેમનું શરણ લેવું યોગ્ય ધારીને આ પ્રભુનો હું દાસ થયો; એટલે પ્રભુને મેં મારે માથે ધણી કર્યા છે; તેથી નરખેટ-હલકા પુરુષોનો અથવા કષાયાદિ કોઇનો મને ભય રહ્યો નથી; કેમકે તેઓ મને ગાંજી જાય તેમ નથી-મારે માથે પ્રભુ સમર્થ છે.

ચરણકમળ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;
સમળ અથિરપદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિ. દી. ૨

શબ્દાર્થ

ચરણકમળ=(શ્રી વિમળનાથ ભગવાનના) ચરણરૂપ કમળ-પંકજમાં, કમળા=લક્ષ્મી-શ્રી દેવી, વસે રે=નિવાસ કરે છે. (શું જોઇને ? તો કે) નિર્મળ=મળરહિત, થિર=સ્થિર-દૃઢ, પદ=સ્થાન, દેખ=દેખીને-જોઇને, (અને એ લક્ષ્મી) સમળ=મળ સહિત-મળમાંથી પેદા થયેલા, અથિર-અસ્થિર-સહેજ પવનથી પણ કંપતા, પદ=સ્થાન, (તેને) પરિહરે રે=છોડી દે છે (એવું સ્થાન તે કયું ? તો કે) પંકજ=પંકમાંથી પેદા થયેલું કમળ તેમને, પામર=તુચ્છ-હલકું, પેખ=જોઇને-વિચારીને.

ભાવાર્થ

કમળને મેલવાળું તથા થોડા વખતમાં નાશ પામનારું એવું પામર જોઇને લક્ષ્મી મેલ રહિત અને સ્થિર એવા ભગવાનના ચરણરૂપી કમળમાં વાસ કરે છે

પૃથ્વીને, ઇંદ્રલોકને, ચંદ્રલોકને તથા નાગેંદ્રલોકને પણ રાંક જેવા ગણે છે.

પરમાર્થ

જ્યારે પ્રભુના અનંતજ્ઞાનાદિ ગુણોનું જ્ઞાન થવાથી તેમનામાં ચિત્ત લાગે છે ત્યારે બીજી બધી વસ્તુઓ તુચ્છ ભાસે છે; અને મન એવું મોટું થાય છે કે તે કોઇપણ નાશવંત વસ્તુને તુચ્છ ગણે છે. તે જ વાત ગાથામાં બતાવી છે કે, મારા મનરૂપી ભમરો પ્રભુના પદપંકજના ગુણથી તેમાં લીન થઇ ગયો છે; તેથી મને મેરુપર્વતની સુવર્ણમય ભૂમિ તેમજ ઇંદ, ચંદ્ર અને નાગેંદ્ર વિગેરે રાંક જેવા લાગે છે.

ઇંદ, ચંદ્ર, નાગેંદ્ર વિગેરે જેમને મહત્‌પદ પ્રાપ્ત થયું છે, તે પુણ્યના યોગે પ્રાપ્ત થયું છે; અને પુણ્યનો ક્ષય થતાં તે તે પદનો પણ ક્ષય થનાર છે; પણ મારું મન જે પ્રભુના ચરણકમળમાં લાગેલું છે, અને મનની એકાગ્રતાથી મને જે પ્રભુનું પદ મળવારૂપ અતિ હર્ષ પ્રાપ્ત થયો છે, તે એવો છે કે આ વિનાશી પદના ધારક પુદ્‌ગલમાં જ મોહ પામેલા ઇંદ્ર-ચંદ્રાદિક મને રાંક જેવા ભાસે છે.

સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિ૦ દી૦ ૪

શબ્દાર્થ

સાહેબ=હે સાહેબ-હે વિમલનાથ પ્રભુ! સમરથ=પૂરા સામર્થ્યવાળો, તુ ધણી રે=તુ નાયક (તેને હુ) પામ્યો=પામી ચૂકયો છું. (તુ કેવો છે ? તો કે) પરમ ઉદાર=અતિશય ઉદારતાવાળો (છે,) (વળી) મનવિસરામી=મન-(સેવકોનું મન) વિશ્રાંતિ પામી શકે જ્યાં (એવો તુ) (છે,) વાલહો રે=મારો વહાલો છે-મારો ઇષ્ટ નાથ છે. (મારે તુ જ) આતમચો=(મારા) આત્માનો, આધાર=આધારરૂપ છે.

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીયે રે, આનંદઘન પદસેવ. વિ૦ દી૦ ૭

શબ્દાર્થ

એક=ઝાઝી નહીં પણ ફક્ત એક, અરજ=વિનતિ, સેવકતણી રે=આપના દાસની, અવધારો=લક્ષમાં લ્યો, જિનદેવ=હે જિનેશ્વર પ્રભુ! કૃપા=કરુણા, કરી=કરીને, મુજ=મને, દીજીયે રે=આપજો, આનંદઘન=આનંદથી ભરપૂર, (એવા જે તમો તેમની) પદસેવા=ચરણોપાસના.

ભાવાર્થ

હે પ્રભુ! મારી એટલે આપના સેવકની એક વિનતિ છે તે આપ સ્વીકારો, એટલે કૃપા કરીને મને આપ જે આનંદના સમુદ્રરૂપ છો તેના ચરણકમળની સેવા આપો.

પરમાર્થ

સ્તવનકર્તા આનંદઘનજી મહારાજ કહે છે કે—મેં તો શ્રી વિમળનાથ ભગવાનને મારા સ્વામી કર્યાં છે અને હું તેમનો સેવક છું. સ્વામી પાસે સેવક કંઈ માગણી કરે તો તે સ્વામી આપે એમ હોવાથી સેવકો જે જે વસ્તુની ચાહના રાખી સેવા કરતા હોય તે તે વસ્તુ, જેવી કે સંપત્તિ, સ્વર્ગલોક, મણિ, મંત્ર, વિદ્યા ઇત્યાદિની માગણી કરે છે, પણ મારે કોઈ પણ વસ્તુ એટલે પૌદ્ગલિક વસ્તુ જોઈતી નથી, પણ જેનાથી મેં મારું સ્વરૂપ જાણ્યું છે, જેનાથી મારા કર્મરૂપ શત્રુનો ભય દૂર થયો છે, એવા પ્રભુના ચરણકમળની સેવા જ મારે જોઈએ છીએ, અને તેજ હું માગું છું. હે પ્રભુ! આપ મારા પર પ્રસન્ન થઈ આપના ચરણકમળની સેવા આપવારૂપ મારી એક અરજ સ્વીકારો. વળી બીજો અર્થ એ છે કે—હે પ્રભુ! આનંદઘનપદ એટલે મુક્તિ તેનું સ્થાન આપવાની મારી એક અરજ સ્વીકારો.

ચરણકમળની સેવા માગી છે, તો કોઇને શંકા થાય કે એમાં તે શું માગ્યુ ? કેમકે ભગવાનની સેવા તો માગ્યા વગર પણ મળી શકે તેવી છે તેમનો સંશય દૂર કરવા માટે કહેવામાં આવે છે કે ભગવાનની સેવા મેળવવી તે કઇ સહજ વાત નથી. ભગવાનની સેવા તો અતિશય કઠણ છે. તે બતાવે છે કે–તરવારની ધાર પર ચાલવું તે અતિશય કઠણ છે; કેમકે તેમાં ભૂલ થતા પ્રાણ જવારૂપ પણ સંકટ આવે તેવું છે; છતા પણ કોઇ તરવારની ધાર પર ચાલી શકે છે પરંતુ ભગવાનની સેવારૂપ ધાર પર ચાલવુ તો તેથી પણ અતિશય કઠણ છે.

દૃષ્ટાંત કહે છે કે–જેમને અભ્યાસ છે એવા બાજીગરો એટલે નટ લોકો તરવારની ધાર પર ચાલી શકે છે, પણ ભગવાનની સેવા એટલે કે માત્ર ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યની જ સેવા ન જાણવી, પણ ભગવાનની આજ્ઞા પાળવી તે રૂપ ખરી સેવા ગણાય છે. અને વિષયોને જીતવા, તથા વ્રતો ગ્રહણ કરવા, તે રૂપ સેવા દેવોથી પણ થઇ શકતી નથી; તેથી કહ્યુ છે કે–આજ્ઞા પાળવારૂપ સેવાની ધાર પર દેવો પણ રહી શકતા નથી.

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦ ૨

શબ્દાર્થ

એક=કેટલાએક (ક્રિયાવાદીઓ), કહે=બોલે છે કે, સેવિયે=(ભગવાનને) સેવવા, (શી રીતે ? તો કે) વિવિધ=અનેક પ્રકારની, કિરિયા=ક્રિયા–(જાણ્યા સમજ્યા વગરની કાયાને કલેશ દેનારી) તપશ્ચર્યા વિગેરે ક્રિયાઓ, કરી=બનાવીને, (પણ ક્રિયાનું) ફળ=ફળ થવુ તે તો, અનેકાંત=એકાંત એટલે નક્કી થાય નહી તે અનેકાંત છે. થાય પણ ખરૂ ને ન પણ થાય તેવુ

ભગવાનની સેવાનું ફળ નિર્વાણ અથવા મુક્તતા પ્રાપ્ત થવારૂપ હોવું જોઈએ. ચિત્તશુદ્ધિ કરવા માટે અથવા મનનો અને ઇંદ્રિયોનો નિરોધ કરવા માટે જો ક્રિયાઓ થતી હોય, તો તેથી વિપરીત પરિણામ આવતું નથી પણ માત્ર ક્રિયાકાંડમાં જ અટકનારને મુક્તતા પ્રાપ્ત થતી નથી.

ગચ્છના ભેદ બહુ નયણ નીહાલતાં,
 તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતા થકા,
 મોહ નડિયા કળિકાળ રાજે. ધાર૦ ૩

શબ્દાર્થ

ગચ્છના=સમુદાયના-ટોળાંના,ભેદ-પ્રભેદો-તપા, ખરતર, લોંકા વિગેરે બહુ=અનેક, (તેને) નયણ નીહાળતાં=આંખોવડે જોતા રહે છે, (અને એજ પાછા) તત્ત્વની=આત્મતત્ત્વની, વાત=વાર્તા, કરતા=મોઢે કહેતા થકાં,ન લાજે=શરમાતા નથી,ઉદરભરણાદિ=પેટ-પોષણ વિગેરે, નિજ=પોતાના સ્વાર્થભરેલાં, કાજ=કામો, કરતા થકા=સાધતા થકા, મોહ નડિયા=મોહે કનડેલા-મોહ સુભટે પકડેલા છે, કળિકાળ રાજે=આ કળિકાળના રાજ્યમાં.

ભાવાર્થ

તપા, ખરતર, લોંકા વિગેરે ગચ્છના ઘણા ભેદોને આંખોથી અથવા વિચારચક્ષુથી જોતા, (અને પાછા) આત્મતત્ત્વની વાત કરતા થકા તે ગચ્છવાદીઓ શરમાતા નથી.

પેટ ભરવા વિગેરેનું પોતાનું કાર્ય કરતા થકા તેઓને આ દુષમકાળમાં મોહસુભટે પોતાના વશમાં લીધેલા છે

પરમાર્થ

એક તરફ મત અથવા ગચ્છને મમત અને બાજુ તરફ નિમંત્ર

ભૂલી જાઉં, અને તેમ થાય તો વળી હું અત્યંત દુઃખી થાઉં. તેથી પ્રભુ સાથેની પ્રીતિમાં ભંગ ન પડશો એવું હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું.

આ પ્રમાણે પ્રભુની સાથેની પ્રીત તુટવાનું જે કારણ હોય તેને દૂર કરવું જોઇએ. એ વાત ધ્યાનમાં લઇને કહેવામાં આવે છે કે અમારી એટલે અંતર આત્મપણું પામેલા આત્માના કુળની જ એવી રીત છે. તે એ કે શુદ્ધ દેવ વિના બીજાનું ધ્યાન કરતા નથી. તે રીત પ્રમાણે હું બીજા સ્ત્રી, શસ્ત્ર, સૂત્ર અને અક્ષમાળા વિગેરે ધારણ કરનાર રાગી અને દ્વેષી દેવોને મારા મનમાં લાવું તો જ પ્રીતિનો ભંગ થાય અને તેમ હું કરતો નથી. એટલે રાગી અને દ્વેષી દેવોને હું મારા મનમાં લાવતો નથી; તેથી પ્રભુ સાથેની મારી પ્રીતિ અખંડ રહેશે.

ધરમ ધરમ કરતો જગ સહુ ફીરિ,
ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર !
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ જિનેશ્વર. ધ૦ ૨

શબ્દાર્થ

ધરમ ધરમ કરતો જગ સહુ ફીરિ=જગતમાં બધા માણસો "ધર્મ કરવો-ધર્મ કરવો" એમ મોઢથી કહેતા ફરે છે. (પણ) ધરમ ન જાણે હો મર્મ=ધર્મનો અર્થ જાણતા નથી. (ત્યારે ધર્મનો મર્મ શું છે? તેનો ઉત્તર એ છે કે) ધરમ જિનેશ્વર=ધર્મનાથ ભગવાનના, ચરણ ગ્રહ્યા પછી=ચરણોને ભાવપૂર્વક ફરસ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ=કોઇપણ પ્રાણી કર્મથી બંધાય જ નહિ.

ભાવાર્થ

જગતના સર્વ મનુષ્યાદિ પ્રાણીઓ "ધરમ, ધરમ" એમ શબ્દોચ્ચાર કર્યા કરે છે, પણ હે પ્રભુ! તેઓ ધર્મનું

તે પુરુષ) દેખે=દેખી શકે, પરમનિધાન=ઉત્તમ ગુપ્ત ખજાનાને (આ ઠેકાણે) હૃદયનયણ=હૃદયચક્ષુથી, નિહાળે=જોઇ શકે, (કોને ? તો કે) જગધણી=જગતના ધણી (ધર્મનાથ ભગવાનને.) (એ ભગવાન્ કેવા છે ? તો કે) મહિમા મેરુ સમાન=મહિમા-મોટાઇ-તેનાં મેરુ જેવા છે; એટલે કે અતિ મોટાઇવાળા છે.

ભાવાર્થ

પ્રવચન એટલે સિદ્ધાંત, તેરૂપી અંજન જો સદ્ગુરુ હૃદયરૂપી આંખમાં આંજે તો તે અંજન કરાવનાર માણુસ આત્મરૂપી ગુપ્ત ખજાનાને જોઈ શકે, અને તે હૃદયરૂપી આંખોથી ભગવાનને દેખે. પછી એવી રીતે જોનારનો યશ મેરુપર્વત જેટલો થાય.

પરમાર્થ

જો સદ્ગુરુ મહારાજ પ્રવચનરૂપી અંજન કરે, તો પરમનિધાન જે આત્મદ્રવ્ય તે મુમુક્ષુના જોવામાં આવે. જેમ આંખમાં કોઈક પ્રકારનું અંજન કરવાથી જમીનની અંદર રહેલું ધન જોવામાં આવે છે, તેમ સદ્ગુરુ જો આગમનો ઉપદેશ કરે અને તેરૂપી અંજન જો મુમુક્ષુના હૃદયરૂપી આંખમાં આંજે, તો અનાદિકાળથી ગુપ્ત રહેલું આત્મદ્રવ્ય તેના જોવામા આવે.

આ આત્મદ્રવ્યનુ હૃદયમા ભાન થાય એટલે કે આત્મા અરૂપી હોવાથી, ચક્ષુ વિગેરે ઈંદ્રિયોનો વિષય થઇ શકતો નથી પણ તેના અસ્તિત્વાદિનો હૃદયમા અનુભવ થાય છે, તેથી હૃદયરૂપી આંખોવડે જગતના ધણી ભગવાન્ તેમને અથવા તેમના સદૃશ્ય આત્માને જોવાનુ થાય.

આવી રીતે આત્મદર્શન કરનારનો મહિમા મેરુપર્વત જેટલો થાય. કેમકે પુદ્ગલને ભિન્ન જાણી, આત્મામા અનન્ત ઋદ્ધિ જોવાથી અનન્ત સુખ પામે અને ભવન અન્તને પામે, તેથી મેરુ જેટલો તેનો મહિમા થાય.

મને સ્વરૂપપ્રાપ્તિ થશે, એમ ધારી મેં મારા મનની જેટલી શક્તિ હતી તેટલી દોડ કરી જોઈ-ફેરવી જોઈ, પણ યથાર્થ જ્ઞાનને અભાવે મને સ્વરૂપપ્રાપ્તિ ન થતાં ભગવાનનું દર્શન થયું નહિ (માટે હે ભવ્ય પ્રાણીઓ ! તમે તેમ કરશો નહિ).

તમે વિચાર કરો અને ગુરુગમને સાથે જોડો. કારણ કે તમે એકાન્ત વિચાર જ કરશો તો તમને કંઈ મળવાનું નથી, પ્રભુનું દર્શન વા આત્મદર્શન થશે નહિ; પણ જો તમે ગુરુગમ એટલે સદ્ગુરુએ આપેલો ઉપદેશ, તેને સાથે જોડીને વિચારશો તો તમને ભગવાનનું દર્શન વા આત્મદર્શન ઢુંકડું એટલે શરીરમાં જ થશે. પ્રેમ પ્રતીત એટલે પ્રેમ કરવા યોગ્ય જે પ્રભુ, તેની પ્રતીત તે ઢુંકડે જ થશે. તેને માટે મનની કે તનની દોડ કરવાની જરૂર નથી

એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મળ્યા હોય સંધિ;
હું રાગી હું મોહે ફંદીઓ, તું નિરાગી નિરબંધ.
જિનેશ્વર૦ ધ૦ ૫

શબ્દાર્થ

એક પખી=એક પક્ષથી કરવામાં આવતી. કિમ=શી રીતે ! પ્રીતિ=પ્રેમની લાગણી, પરવડે=પોસાય-સાધી શકાય, (કેમકે) ઉભય=બે પક્ષ, મળ્યા=મળતા-મળે ત્યારે જ, હોય=થાય, સંધિ=મળ-જોડાણ.

૧ [illegible] એક પક્ષી શી રીતે [illegible]

[illegible] મોહે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

ભાવાર્થ

ઉત્કૃષ્ટ એવું જે દાટેલું ધન, તે મ્હોં આગળ ખુલ્લું પડેલું છે, પણ તેને જગતના પ્રાણીઓ ઓળંગીને ચાલ્યા જાય છે ભગવાનની જ્યોતિ એટલે પ્રકાશ વિના, જુઓ કે આંધળાની પાછળ આંધળો ચાલ્યો જાય છે.

પરમાર્થ

લોકોને ધન મેળવવાની ઇચ્છા છે અને મ્હોં આગળ ધન પડેલું છે, પણ તે જાણ્યા વિના મ્હોં આગળ પડેલા ધનને ઓળંગીને ધન મેળવવા માટે આઘે ચાલ્યા જાય છે. આત્માનું હિત કરવાની સર્વને ઇચ્છા છે. જો જ્ઞાનદૃષ્ટિથી જુએ તો આત્મા શરીરમાં ભિન્ન જણાય તેવો છે, પણ જગતના લોકો તેમ ન કરતા આત્માની શોધમાં સ્થાને સ્થાને ભ્રમણ કરે છે, અને ઠેકાણે ઠેકાણે પૂછે છે કે—આત્મા અથવા પરમાત્મા કેવા છે? ક્યાં છે? શાથી તે પમાય? આવા પ્રશ્નોનો ઉત્તર ન જાણનારા જ્ઞાનદૃષ્ટિથી રહિત પુરુષો ગમે તેવો માર્ગ બતાવે છે અને અમુક ક્રિયા કરવાથી, અમુક તપ કરવાથી, તીર્થયાત્રા કરવાથી, દાન કરવાથી પરમાત્મતત્ત્વરૂપ નિધાન પ્રાપ્ત થશે એમ બતાવે છે, અને તે પ્રમાણે ગુરુ અંધ અને તેના ચેલા પણ અંધ. એમ આંધળે આંધળાનું રાગુ ચાલ્યું જાય છે, પણ સદ્ગુરુથી મેળવેલી જ્ઞાનદૃષ્ટિથી હૃદયમાં વિચાર કરી પોતાના શરીરમાં રહેલું આત્મતત્ત્વરૂપ નિધાન પામી શકતા નથી.

દ્વિતીય પરમાર્થ

પોતે શુદ્ધ ચૈતન્ય છે, પણ વિભાવમાં પ્રવર્તતાં પુદ્ગલના સંગથી પોતાનું ભાન ભૂલ્યો છે અને તેથી પોતે પરમાત્મા સદૃશ છતાં રંકની પેઠે પરમાત્માની શોધમાં ફરે છે. એટલે પરમનિધાનરૂપ આત્મા પોતે છતાં, તેને ન જાણતાં તેને ઓળંગીને જ જગતના લોકો બીજે પરમાત્માની શોધ કરવા જાય છે

પક્ષી જેવા છે. વળી તે શહેર, તે વખત, તેમનાં માતા, પિતા, કુળ અને વંશને ધન્ય છે કે જેમાં પૂર્વોક્ત જગદીશ્વર ઉત્પન્ન થયેલા છે.

પરમાર્થ

જ્ઞાનસાગરજી મહારાજે નીચે પ્રમાણે અર્થ કર્યો છે.

નિર્મળ એટલે ઉજ્વળ જ્ઞાનાદિક અનંત ગુણોનો આરોહણ એટલે સ્થાપનનો ઉપમાન કરતે છતે ભૂધરા કહેતા પર્વતોપમ છે. વળી મુનિરાજોના માનસ એટલે મન, તેને વિષે હંસતુલ્ય ઉજ્વળ ભાસે છે; અથવા મુનિરાજોના મન જ માનસરોવરના હંસ છે; એટલે મુનિના મનમા વસી રહ્યા છે. (ઇત્યાદિ)

આમા મણિ શબ્દનો અર્થ જણાતો નથી, તેમજ રોહણ શબ્દ છે, અને આરોહણ એવું પદ નિકળતું નથી. મારા સમજવામાં ઉપર શબ્દાર્થમા લખ્યા પ્રમાણેનો અર્થ ઠીક લાગે છે; તેથી વાંચનારે બહુશ્રુત પાસે વિચારી લેવું

નિર્મળ ગુણવાળા મણિઓના ઉત્પત્તિસ્થાન રોહણાચળાદિ પર્વતો છે. તેમ ઉપર કહ્યા છે તેવા જગદીશ પરમેશ્વર પણ આત્માના નિર્મળ ગુણોરૂપી મણિના ઉત્પત્તિસ્થાન છે.

વળી મુનિરાજના મનરૂપી માન સરોવરમાં ભગવાન્ હંસ છે. જેમ માન સરોવર હંસ રહિત હોતું નથી, તેમ મુનિરાજોનુ મન પણ પ્રભુરૂપી હંસવિનાનું હોતું નથી; અર્થાત્ મુનિજનોના ધ્યાનમાં પ્રભુ ધ્યેયરૂપે છે.

આવા પ્રભુ જે માતાપિતાથી જન્મ્યા હોય તેમને ધન્ય છે. તેમજ જે વખત, જે નગરી અને જે વેળાએ જન્મ્યા હોય તેને પણ ધન્ય છે; કારણ જેમનું આલબન ગ્રહણ કરી અનેક ભવ્ય પ્રાણીઓ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, અને આવા જગદીશની જ્યોતિથી આત્મા પરમનિધાનરૂપ પોતાના ગુણોને ન જાણતા જે ભ્રમણ કરે છે તે મટે ... અને પ્રભુના સ્વરૂપને પામે છે

સંવર ભાવ ભરેલી–નવાં કર્મનો બંધ જેમાં ન થાય એવી હોય છે. એટલે કે તેઓ ચારિત્રસંપન્ન હોય છે. (વળી તેઓ) સંપ્રદાયી-ગુરુસંપ્રદાયના સાચવનાર-ગુરુકુળની મર્યાદાઓને જાળવી રાખનાર હોય છે. અવંચક-વંચકભાવ રહિત-નિષ્કપટ-નિર્દંભ હોય છે. શુચી-શુચિ-પવિત્ર અંતઃકરણવાળા હોય છે. અનુભવાધાર રે–અનુભવના આધાર–અનુભવના દરિયા હોય છે (એવા હોય તેને જ ગુરુ જાણવા.)

ભાવાર્થ

જિનેશ્વર ભગવાને કહેલા શાસ્ત્રોના જાણનાર, શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધાવાળા, જેમની ક્રિયા કેવળ નવાં કર્મોના બંધને રોકવારૂપ છે તેવા, વળી ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલી શુદ્ધ પ્રવૃત્તિ પ્રમાણે પ્રવર્તનાર, હમેશા બીજાને ન ઠગનાર, સ્વસંવેદન આત્મજ્ઞાનને ધારણ કરનાર, એવા ગુરુ જોઈએ.

પરમાર્થ

ગુરુ જો બરાબર ન હોય તો જ્ઞાન પ્રાપ્ત થાય નહિ, તેથી શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થાય નહિ, તેથી ગુરુ જો સમગ્ર ગુણવાળા હોય તો જ યથાર્થ સ્વરૂપ શિષ્યને પ્રાપ્ત થવું દુર્લભ છે; માટે ગુરુની પરીક્ષા કરવામાં બહુ જ સાવધાની રાખવાની જરૂર છે.

આગમના જાણનાર ગુરુ જોઈએ. મસ્તરામ જેવા કેટલા ભાઈ પીને, અમુક પ્રસંગે વેશ પહેરીને પરિભ્રમણ કરનાર ગુરુથી તત્ત્વપ્રાપ્તિ થતી નથી. તેમજ માત્ર આગમના જાણનાર હોય, પણ દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા ન હોય તેવા ગુરુથી પણ આત્મકલ્યાણ થઈ શકતું નથી; માટે ગુરુ આગમધર અને શ્રદ્ધાળુ જોઈએ.

આવા ગુરુની [illegible] કર્મબંધ રોકવારૂપ જ [illegible]

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરે, ભજે સાત્ત્વિક સાલ રે.
શાંતિ૦ ૫

શબ્દાર્થ

(એવા ગુરુ હોય તેઓ) શુદ્ધ આલંબન-પુષ્ટ આલંબન, મજબૂત જ્ઞાનવૃદ્ધિ આદિ પ્રયોજનનું અવલંબન (તેને) આદરે-કરે છે, તજી અવર જંજાળ રે-બીજી (સ્વાર્થી) પ્રપંચજાળ છોડી દઈને, (વળી) તામસી-તમોગુણવાળી, વૃત્તિ-વર્તણુક, સવિ-બધી મન વચન કાયાની, (તે) પરિહરે-ત્યાગ કરે છે, (અને) ભજે-સેવે છે-આદરે છે; (કોને? તો કે) સાત્ત્વિક-સત્ત્વ ગુણમય, સાલ રે-(દયામય) શાળા અથવા (ક્ષમારૂપ) શાલદુશાલો=અથવા શાલિ-ભાત તુલ્ય સાત્ત્વિકાહાર અથવા મનરૂપી વણકરની સાત્ત્વિક વૃત્તિરૂપ શાલ તેને.

ભાવાર્થ

બીજી સઘળી ઉપાધિને છોડી દઇને તેવા ગુરુ ખરેખરા આધારને ગ્રહણ કરે છે, તમોગુણવાળી ક્રોધી પ્રકૃતિનો ત્યાગ કરે છે,અને મનોહર એવી સત્ત્વગુણવાળી દયામય પ્રકૃતિને ભજે છે

પરમાર્થ

કષાય અથવા રાગાદિ દોષ અથવા કર્મમલ, તેથી રહિત એવા જે પરમાત્મા જિનેશ્વર ભગવાન વા સિદ્ધ ભગવાન તેમનું જ આલંબન, બીજી જંજાળ અથવા ઉપાધિ ત્યાગીને ગ્રહણ કરનાર હોય, તેમજ તામસી વૃત્તિ એટલે કષાય ભાવ, તેનો ત્યાગ કરી કેવળ સાત્ત્વિક વૃત્તિને ગ્રહણ કરનાર હોય તો જ ગુરુમહારાજ યોગ્ય ગણાય.

જ્યારે એક વેલડીને ઊંચે ચઢવું હોય ત્યારે લાકડી અથવા વૃક્ષાદિનો આધાર ગ્રહણ કરીને તે ઊંચા ચડે છે તેમજ આત્માને જો મુક્તપણ

ઓછા જે સાત નયો, તેઓનું જે કથન, તેમાં વ્યાપી રહેલો ઉપદેશ જેનો હોય, તે ઉપદેશ મોક્ષ મેળવવામાં સંધી કરવા જેવો જાણવો.

પરમાર્થ

ઉપર દર્શાવેલા ગુરુનો ઉપદેશ કેવો હોય ? તેનું અહીં કથન છે. જો કે છપાયેલી અર્થની પોથીમાં આ બધા ગુરુના વિશેષણો ગણેલાં છે; પણ કાવ્ય ઉપરથી મને તેમ ન લાગવાથી શબ્દાર્થમાં પણ મે ગુરુના ઉપદેશનાં વિશેષણો ગણેલા છે. આ સંબંધી વાચનારે વિચાર કરી પોતાને યોગ્ય લાગે તે અર્થ ગ્રહણ કરવા અત્રે સૂચના કરી છે.

ગુરુનું વચન અથવા ઉપદેશ એવો હોય કે જેમા ફળપ્રાપ્તિનો સંશય ન હોય; એટલે તે વચન પ્રમાણે વર્તન કરનારને અવશ્ય ફળપ્રાપ્તિ થાય તેવુ હોય. વળી વચન અથવા ઉપદેશ નિરર્થક ન હોય. જે શબ્દો યોજ્યા હોય તે પ્રયોજન પૂરતા અને અર્થની સાથે સબંધવાળા હોય. વળી આ ઉપદેશ નૈગમાદિ સાતે નયોમાં વ્યાપી રહ્યો હોય અર્થાત્ સાતે નયથી વિરુદ્ધ ન હોય; અથવા સાતે નય પ્રમાણે જેમાથી અર્થ પ્રાપ્ત થાય તેમ હોય; તેવો જે ઉપદેશ હોય તે મોક્ષ પ્રાપ્ત કરવાના મધ્યિરૂપ છે; એટલે તેમાંથી મોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે એમ જાણવું.

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે.
શાંતિ૦ ૭

શબ્દાર્થ

(એ આગમ પ્રમાણથી જોતાં) વિધિ-સ્થાપનવાદ, પ્રતિષેધ-નિષેધવાદ, (તેણે) કરીને એવડે, આતમા-આત્મારૂપ, પદારથ-પદાર્થ-તત્ત્વ, અવિરોધ કેઅપેક્ષાવાદે કરીને વિરોધ રહિતપણે, ગ્રહણવિધિ ગ્રહણ કરવાનો જે વિધિ-સ્વીકારવાનો

ઓછા જે સાત નયો, તેઓનું જે કથન, તેમાં વ્યાપી રહેલો ઉપદેશ જેનો હોય, તે ઉપદેશ મોક્ષ મેળવવામાં સંધી કરવા જેવો જાણવો.

પરમાર્થ

ઉપર દર્શાવેલા ગુરુનો ઉપદેશ કેવો હોય ? તેનું અહીં કથન છે જો કે છપાયેલી અર્થની પોથીમાં આ જગ્યાં ગુરુનાં વિશેષણો મળેલાં છે; પણ કવ્ય ઉપરથી મને તેમ ન લાગવાથી શબ્દાર્થમાં પણ મેં ગુરુના ઉપદેશના વિશેષણો મળેલા છે. આ સંબંધી વાંચનારે વિચાર કરી પોતાને યોગ્ય લાગે તે અર્થ ગ્રહણ કરવા અત્રે સૂચના કરી છે.

ગુરુનું વચન અથવા ઉપદેશ એવો હોય કે જેમાં ફળપ્રાપ્તિનો સંશય ન હોય; એટલે તે વચન પ્રમાણે વર્તન કરનારને અવશ્ય ફળપ્રાપ્તિ થાય તેવું હોય. વળી વચન અથવા ઉપદેશ નિરર્થક ન હોય. જે શબ્દો બોલ્યા હોય તે પ્રયોજન પૂરતા અને અર્થની સાથે સબંધવાળા હોય. વળી આ ઉપદેશ નૈગમાદિ સાતે નયોમાં વ્યાપી રહ્યો હોય અર્થાત્ સાતે નયથી વિરુદ્ધ ન હોય, અથવા સાતે નય પ્રમાણે જેમાંથી અર્થ પ્રાપ્ત થાય તેમ હોય; તેવો જે ઉપદેશ હોય તે મોક્ષ પ્રાપ્ત કરવાના અધિકાર છે, એટલે તેનાથી મોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે એમ જાણવું.

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે.
શાંતિ૦ ૭

શબ્દાર્થ

[illegible] આતમા [illegible] વિધિ—કથાનવાર, પ્રતિ
ષેધ—[illegible] આતમા [illegible]
[illegible] કરીને [illegible]
[illegible]

આત્માનો સ્વભાવ જાણ્યો છે, અને જે સ્વસ્વરૂપમાં રમણ કરનાર છે, તેને કોઇ માન આપે અથવા કોઇ અપમાન કરે; તો તેમ કરનાર પર સમભાવ રાખે, અર્થાત્ માનથી પ્રસન્ન ન થાય તેમજ અપમાનથી ખેદ ન પામે અને પોતે સમભાવમાં રહે.

વળી પૃથ્વીના વિકાર રૂપે જે સુવર્ણ છે તે પુદ્ગલ છે, અને જે પાષાણ છે તે પણ પુદ્ગલ છે; એમ વસ્તુભાવ જાણવાથી બન્નેને પુદ્ગલ જાણે અને પૃથ્વીના વિકારરૂપ સરખાં માને. તે જ પ્રમાણે કોઈ ગુણને યાદ કરી પગે લાગે; તથા કોઇ અછતા દોષો આરોપણ કરી નિંદા કરે તે બન્નેને પોતાના આત્મા તુલ્ય આત્મા હોવાથી, તથા પોતે કરેલા કર્મોનો અથવા કરશે તે કર્મોનો પોતે ભોક્તા થશે, એમ ધારીને સમપરિણામીપણે વર્તતા મહાત્મા બન્નેને સરખા ગણે-એવી રીતે જો તારામાં ગુણ પ્રગટ થશે તો તું તેવો થઇશ અથવા ગુણ પ્રગટાવવા હોય તો એવો તું થા અને એવો જો થઇશ તો જ ગુણ પ્રગટ થશે, અને ભગવાનનું સત્ય સ્વરૂપ જાણીશ.

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજળનિધિ નાવ રે.
શાંતિ૦ ૧૦

શબ્દાર્થ

સર્વ=બધા, જગજંતુને=જગતના જંતુઓને, સમ ગણે=સરખા ગણે એટલે કે શત્રુ મિત્રને સરખા ગણે, ગણે-(સરખા) ગણે, તૃણ મણિ=તણખલાં અને મણિ માણેકરૂપ, ભાવ રે=પદાર્થ (તેને) ; (તેમજ) મુક્તિ=મોક્ષસ્થળ કે મોક્ષ. (અને) સંસાર=ચતુર્ગતિરૂપ ભવસ્થળ, (તેમને) સમ ગણે=સરખા ગણે-સરખા માને, (તે પુરુષ) મુણે=જાણે-સમજે, ભવજળનિધિ નાવ રે=સંસારરૂપ સમુદ્રમાં (તરવા માટે) નાવ સમાન જે (સમતારૂપ) વસ્તુ છે તેને

શબ્દાર્થ

અહો અહો=અહો અહો, એવું માનભરેલું સંબોધન, હું મુજને કહું=હું પોતાને જ કહ્યા કરૂં છું, નમો મુજ નમો મુજ રે=મને નમસ્કાર થાઓ; મને નમસ્કાર થાઓ. (કારણ કે) અમિત=અમાપ-અનંત, ફલ=લાભ, (તેનું), દાન=અર્પણ, (તેવા દાનના) દાતારની=દેનાર, જેહના=જે તું તેનો, ભેટ થઈ=મુલાકાત થઈ, તુજ રે=(હે આત્મા) તને.

ભાવાર્થ

" અહો અહો " એ આશ્ચર્યકારક અથવા આહ્‌લાદદર્શક વચન છે. હું સ્તવના કરનાર અથવા ઉપદેશનો રહસ્ય જાણનાર પોતાને કહું છું કે ' મને નમસ્કાર કરો ' કેમકે માપ વિનાનો બદલો આપનાર જે શાંતિનાથ ભગવાન તેનો તને મેળાપ થયો છે. પોતે પોતાને કહે છે, છતાં " તને " વાપર્યો છે, તે પોતાના અર્થમા જાણવો

પરમાર્થ

પ્રભુના પૂર્વોક્ત ઉપદેશના શ્રવણથી આહ્‌લાદ પામી અંતરઆત્મપણું પામેલા સ્તવન બનાવનાર પોતે પોતાના આત્માને, અજ્ઞાનપણું મટવાથી ધન્ય માને છે; અને પોતાને પ્રભુતુલ્ય જાણવાથી ખુશી થઇ પોતે પોતાને કહે છે કે, મને નમસ્કાર થાઓ ! મને નમસ્કાર થાઓ ! કારણ કે આજે અમૂન ફળ આપનાર અથવા પોતાનુ પદ આપનાર પ્રભુનો મને મેળાપ થયો છે, તેથી હવે મારે કોઈને પણ નમવાની જરૂર રહી નથી, પણ મને પ્રભુત્વ પ્રાપ્ત થયુ છે એટલે હુ નમવા યોગ્ય થયો છુ. જેને પ્રભુ દર્શન થાય તે શુદ્ધ આત્મપણુ પામે છે અને તેની હીનતા દૂર થાય છે જાણ પોતે બહિરાત્મા હોય અને પાછળથી પોતાના આત્મામા અંતર આત્મપણુ પ્રગટયુ, તેથી પોતે શુદ્ધ આત્માતુલ્ય પોતાને ભાસવાથી

પણ મુખકું=તેનું મુખ, થોથું=ખાલી (અતૃપ્ત) રહે છે. એહ=એ, ઓખાણો=કહેવત-ઉપાખ્યાન, ન્યાય હો=વ્યાજબી ઠરે છે.

ભાવાર્થ

રાત્રિએ તથા દિવસે, જ્યાં માણસો વસતાં હોય તેવી જગ્યામા, જ્યા કોઈ રહેતું ન હોય તેવી ઉજ્જડ જગ્યામાં, આકાશમા અને પાતાળમા મન જાય છે, (પણ કંઈ વળતું નથી.) જેને સાપ કરડે છે તેને સાપે ખાધો કહેવાય છે, પણ તે સાપનું મુખ તો ખાલી રહે છે. (સર્પ કરડે તો જેને તે કરડે તેનો જીવ જાય, પણ સર્પના મુખમાં કંઇ આવે નહિ, તે તો ખાલી જ રહે,) માટે એ પૂર્વે કહેલી કહેવતનો ન્યાય તુલ્ય છે.

પરમાર્થ

ભગવાનમા મનને પ્રયત્ન કરી જોડતા જોડાતું નથી, પણ અન્ય સ્થળાન્તરમાં ગમે ત્યારે જાય છે તેને રાત્રિ પણ નડતી નથી કે દિવસ પણ તેને નડતો નથી, ગમે ત્યા જાય છે. આકાશમા અને પાતાળમાં પણ જાય છે. આ ઉપરથી વખતે કોઇ એમ અનુમાન કરે કે, "ફરે તે ચરે" તેમ મનને વિષયોનો આનંદ મળતો હશે, તો તેમ પણ નથી. જેમ કોઇ માણસને વા પશુને સર્પ કરડે છે ત્યારે તેને "સાપે ખાધો" એમ કહેવાય છે, પણ તેથી તે સર્પની ક્ષુધા નિવૃત્ત થતી નથી અને તેના મુખમા પણ કંઇ આવતું નથી તેમ આ મનને પણ વિષયાનંદ મળતા નથી [illegible] "સાપે ખાધો" [illegible]

મુગતિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસેં;
વયરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અવળે પાસે હો. કુ૦ ૩

શબ્દાર્થ

આગમ-સૂત્રો, આગમધરને-અગિયાર અંગસૂત્ર કંઠે ધરનારના અથવા પૂર્વધરના, હાથે-હાથમાં કે નજીક (હોય છે છતાં,) નાવે-નથી આવતું, નથી રહેતું, કિણવિધિ-કોઇ પણ પ્રકારે, આંકુ-અંકુશમાં-વશમાં (આવી જાતનું મન છે, તેને) કિહાં કણે-કોઇ ઠેકાણે, જો-કદાચ, હઠ કરી-બળાત્કાર વાપરી, હટકું-હટકેલું કે અટકાવું-વળગાડું, તો-ત્યારે, વ્યાલતણી પરે-સર્પની માફક, વાંકું-વક્ર (બની રહે છે.)

ભાવાર્થ

સૂત્રોના જ્ઞાતાને, અગિયાર અંગરૂપ સૂત્ર જેમના જિહ્વાગ્રે છે એવા મહાજ્ઞાનીઓના હાથમાં અથવા પાસે મન હોય છે, છતાં પણ કોઈ પ્રકારે તેમના વશમાં રહેતું નથી. આવું મન છે તેને કદાપિ કોઈ સ્થાને બળાત્કારે હડસેલું અથવા રોકું તો સર્પની પેઠે વક્ર ગતિને પામે છે, અર્થાત્ તરત અવળે માર્ગે જાય છે અથવા વાંકુંચુંકું થઇ જાય છે.

પરમાર્થ

આગમ જાણનારા ચૌદ પૂર્વધરો પણ પતિત થયેલા સાંભળ્યા છે, તે આ મનના પ્રતાપથી જ; તેથી આગમ જાણનારનું મન વશ રહે એમ સમજવામાં પણ ભૂલ થાય જ. આગમો વાંચતી વેળાએ તેમાં મનને વશ કરવાનો સબંધ વંચાતો હોય તો તેવે વખતે પણ આ ચપળ મન [illegible]

[illegible] જિનપદ [illegible]

છે, અને તેથી મનને ઠગ કહેવા જાઉં છું પણ તે ઠગપણાનું કાર્ય કરનાર ન હોવાથી ઠગરૂપે દેખાતું નથી.

તેમજ તેને શાહુકાર પણ કહેવાય તેમ નથી, કારણ કે ઈંદ્રિયો મનની પ્રેરણા વિના કંઈ કરી શકતી નથી; અને જે આત્માને ઠગવાની પ્રેરણા કરે અને તેમા આનંદ માને, તેને શાહુકાર પણ શી રીતે કહેવાય! તેથી તે શાહુકાર પણ નથી.

વળી આ મન તો નોઈંદ્રિય છે, પણ પ્રેરકપણે તે તમામ પાંચે ઈંદ્રિયોમા ભળેલુ છે, તેથી તે સર્વે ઈંદ્રિયોમાં વ્યાપક હોવાથી સર્વમાંહી છે; તેમજ દરેક ઈંદ્રિયના વિષયોને તે જાણનાર, તથા સંકલ્પવિકલ્પ કરવાનો જેનો સ્વભાવ છે, એ રીતે મન જુદું પણ છે. આવો સર્વમાંહી અને સર્વથી અળગાપણાનો મનનો સ્વભાવ જાણી, મને આશ્ચર્ય લાગે છે કે-આ બન્ને વિરુદ્ધ ધર્મને પણ ધારણ કરનાર ચપળ મન છે.

જે જે કહું તે કાન ન ધરે, આપમતે રહે કાલો; સુર નર પંડિતજન સમજાવે, સમજે ન મારો સાલો હો. કું૦ ૬

શબ્દાર્થ

જે જે=જે કાંઈ, કહુ=બોલું, તે=તેને (એ મન) કાન ન ધારે=કાને ધરતું નથી, (એ તો) આપમતે=પોતાની સ્વચ્છંદતાના વિચારે કરીને, રહે કાલો=કાલુ થઇને રહે છે-મલિન બની રહે છે. (અને) સુર=દેવ વર્ગના, નર=મનુષ્ય વર્ગના, પંડિતજન=પંડિતલોક, સમજાવે=સમજાવવા માડે છે, (તો પણ) સમજે ન મારો સાલો=(મારી કુમતિરૂપ સ્રીના ભાઈ એ મનરૂપી) મારો સાળો સમજાવ્યો સમજતો નથી.

ભાવાર્થ

મારા મનને હુ જે જે શુભ વાતો કહું છુ તે શુભ વાર્તાને

વાતોમાં, સમરથ છે નર=નર-માણસ બળવાન છે, (પણ) એહને= એ મનને, કોઈ=કોઇ પણ માણસ, ન જેલે=ઝીલી શકતો નથી.

ભાવાર્થ

સ્તવન કરનાર શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે- મેં માન્યું હતું કે એ મન નપુંસક એટલે નાન્યતર જાતિનું છે; પણ એ તો ઘણું બળવાન છે. એટલે સઘળા નરજાતિવાચકોને તે હઠાવે તેવું છે. મનને જીતવા સિવાયની બીજી બાબતોમાં પુરુષ શક્તિવાન્ છે, પણ મનને કોઇ પુરુષ ઝીલી(જીતી) શકતો નથી; અર્થાત મનની ગતિને કોઇ રોકી શકતું નથી.

પરમાર્થ

વ્યાકરણ રીતે " મન કેવુ " એટલે નાન્યતરજાતિનુ અર્થાત્ નપું- સકલિંગ છે. નપુસકો કરતા પુરષમા પુરુષત્વ સ્વાભાવિક રીતે વધારે હોય છે, છતા આ મનની બાબતમા તેથી ઊલટુ છે મન નપુસક છે છતા પણ બધા પુરુષોને હઠાવે છે અથાત્ જીતે છે બીજી સઘળી વાતોમા પુરુષો ઘણુ સામર્થ્યવંત નજરમા આવે છે, પણ આ મનને જીતે એવા પુરુષો તો થોડા જ હોય . મનને કોઇ જીતી શકતુ નથી અર્થાત મનના વેગને કોઇ રોકી શકતુ નથી.

મન સાધ્યુ તેણે સઘળું સાધ્યુ, એહ વાત નહી ખોટી;
એમ કહે સાધ્યુ તે નવિ માનુ, એ કહી વાત છે મોટી
હો. કુંથુ૦ ૮

શબ્દાર્થ

(જેણે) મન સાધ્યુ=મનને વશ કર્યું, તેણે=તે પુરુષે. સઘળુ=બધુ. સાધ્યુ=સિદ્ધ કર્યુ . એહ વાત=એ કથની, નહી

વાય એવું-દુઃસાધ્ય છે, (તેને) તેં=તમે, વશ આણ્યું=વશ કર્યું છે, (એ રીતે) આગમથી=આગમશાસ્ત્રથી (વાંચી કે સાંભળીને) મતિ=વિચાર, આણું=લાવું છું. (પરંતુ) આનંદઘન પ્રભુ=હે આનંદથી ભરપૂર દેવ! (જ્યારે તમે) માહરું=મારું (મન), આણો=ઠેકાણે આણો, મારે વશ કરો તો=ત્યારે (તમે દુઃસાધ્ય મનને વશ કર્યું છે, એ વિચારને) સાચું કરી જાણું હો=સાચે સાચું માનું.

ભાવાર્થ

દુઃખે કરીને આરાધી શકાય તેવું અર્થાત્ દુઃખે કરી વશમા આવે તેવું જે મન, તેને હે ભગવન્! આપે વશ કર્યું છે; એ વાત શાસ્ત્રદ્વારા મેં જાણી છે, પણ હે આનંદના સમુદ્રરૂપ પ્રભુ! અથવા આનંદઘનજી મહારાજ કહે છે કે-પ્રભુ! જો આપ મારૂ મન મારા વશમાં આણો, તો "આપે મનને વશ આણ્યું." એ વચન સત્ય કરીને જાણું.

પરમાર્થ

હે પ્રભુ! આવું દુઃસાધ્ય મન પણ આપે વશમાં આણ્યું છે, એવું શાસ્ત્રોથી મેં જાણ્યું છે મારી બુદ્ધિમાં એ વાત શાસ્ત્રપ્રમાણથી સિદ્ધ માની છે, પણ જો આપ કૃપા કરીને મારૂ મન કે જેને હું આપની સાથે જોડવા ઇચ્છું છું, તેને ઠેકાણે લાવી એને આપના સ્વરૂપમાં લીન કરતા હો તો "આપ મનને વશ આણ્યું" એ વાતને હું ખરી માનું. હે પ્રભુ! [illegible] મનને જો આપ ઠેકાણે લાવો [illegible] સિદ્ધ થાય. [illegible]

શબ્દાર્થ

તારા= તારાઓ, નક્ષત્ર=અશ્વિની આદિક નક્ષત્રો, ગ્રહ= મંગળ, બુધ આદિ ગ્રહો (તે) ચંદની=ચંદ્રમાની, જ્યોતિ=પ્રકાશ (તે) દિનેશ મોઝાર રે=સૂર્યમાં રહેલી છે. (તેમ) દરસન=દર્શન, જ્ઞાન= જ્ઞાન, ચરણ=ચારિત્ર, (તે) થકી તેની (જે) શક્તિ=સામર્થ્ય (તે બધું) નિજાતમ= આપણા આત્મામાં, ધાર રે=ધારી લેવું (અર્થાત્ આત્મામાં બધુ છે.)

ભાવાર્થ

તારા, નક્ષત્રો, ગ્રહો અને ચંદની જે કાંતિ છે તેનો સૂર્યની કાંતિમા સમાવેશ થાય છે, તેમ દર્શન એટલે સામાન્ય રીતે જાણવાપણું અને જ્ઞાન એટલે વિશેષ રીતે જાણવાપણું, તથા ચરણ એટલે સંયમપ્રક્રિયા, તે સર્વની શકિત પોતાના આત્મામાં જાણ

પરમાર્થ

જાણે એમ પ્રશ્ન હોય કે–જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે શું ! અને શુદ્ધ આત્માનુભવ તે શુ ? તેનો જવાબ આ ગાથામા આપ્યો છે.

દૃષ્ટાંત એવુ છે કે–જેમ તારા, નક્ષત્રો, ગ્રહો અને ચદ્રમા, એ જુદી જુદી જાતના પ્રકાશક પદાર્થો છે; છતાં કોઈ એમ પુછે કે–તારા, નક્ષત્રો, ગ્રહો અને ચદ્રમાની જ્યોતિ સૂર્યની જ્યોતિથી ભિન્ન છે કે કેમ ! તેનો જવાબ એટલો કે–એ સઘળી જ્યોતિઓનો સૂર્યની જ્યોતિમા અંતર્ભાવ થાય છે, તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો પણ આત્માની ગુણરૂપી શક્તિમા અતર્ભાવ થાય છે, અર્થાત્ આત્માના ગુણથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર ભિન્ન નથી, તેથી તે આત્માની શક્તિરૂપ છે. હે આનંદઘનજી ! જ્ઞાન, દર્શન અને ચારિત્રને આત્માની શક્તિરૂપ ધારો. આત્મામાં આનંદ વીર્યરૂપ જેમ શક્તિ છે, તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રને પણ આત્માની શક્તિ જાણવી.

તેથી વ્યવહારથી વિચારનાર અને નિશ્ચય નયથી વિચાર કરનારાના બે ભેદો આ ગાથામાં બતાવી, તેઓ કેવી રીતે આત્માને જાણે છે તે દર્શાવ્યું છે.

નિશ્ચય નયની અથવા પરમાર્થની દૃષ્ટિ જોતાં ભેદની કલ્પના રહિત શુદ્ધ એક આત્મા, અને વ્યવહારથી ગુણપર્યાયની અપેક્ષા સર્વને અનંત ભેદયુક્ત આત્મા ભાસે છે.

વ્યવહારે લખ દોહિલો, કાંઇ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવી રહે દુવિધા સાથ રે.
ધરમ૦ ૭

શબ્દાર્થ

વ્યવહારે-વ્યવહાર નયે, લખ-લક્ષ્ય, દોહિલો-(સચ્ચિદાનંદરૂપ તત્ત્વ) દુર્લભ કઠિન છે, (તેથી) કાંઇ-કંઇપણ (સંગીન લાભ) ન આવે હાથ રે-હાથમાં આવી શકતો નથી-પ્રાપ્ત થતો નથી. (કિંતુ) શુદ્ધનય-નિશ્ચય નય (તેની) થાપના-સ્થાપના-દઢ ચિંતના, (તેને) સેવતાં-જારી-કાયમ રાખતાં, નવી રહે-રહે નહિ, દુવિધા-વિભાવ (તેનો) સાથ-સંબંધ-જડ ચૈતન્યનો અનુભાવ (અર્થાત આત્મા જડ પુદ્ગલોથી અલગ થઇ શુદ્ધાત્મ ભાવ પામે) અથવા દુવિધા એટલે જુદાપણું-જુદાઈ, સાથ-એટલે તમારા સાથે મારી જુદાઈ ન રહે.

ભાવાર્થ

ક્રિયાકાંડિક પ્રવૃત્તિરૂપ ક્રિયાથી અથવા વ્યવહાર નયે લક્ષ્ય-રૂપ તે મહાકષ્ટે આવે (અને પામે તો પણ) કંઇ પણ તત્ત્વ હાથમાં આવે નહીં પણ નિશ્ચય નયની કાર્યકારી ભાવનાને ભાવતાં થકા વિભાવભાવ એટલે જડ ચૈતન્યનો વિવેક ન રહે અને શુદ્ધ આત્મપદ પામે.

ભાવાર્થ

હે જગતના સ્વામી એવા શ્રી અરનાથ ભગવાન્ ! મારી આપની સાથેની એક તરફની જ પ્રીતિ જાણીને, મારા ઉપર કૃપા કરીને, મારો હાથ પકડીને આપના ચરણકમળ નીચે તે હાથને રાખજો.

પરમાર્થ

ઉપર પ્રમાણે શુદ્ધ નયથી વિચારતાં તો જેવા આપ શુદ્ધાત્મા છો તેવો હું પણ શુદ્ધાત્મા છું; તોપણ વિભાવથી હું રાગના વશમાં છું અને આપ નિરાગી છો, હું દ્વેષી છું અને આપ અદ્વેષી છો; ઇત્યાદિ આપનામાં અને મારામાં ઘણું અંતર છે.

"समाने शोभते प्रीतिः" એ રીતે તો વૈર, વિવાહ અને પ્રીતિ તે સરખા સાથે કરવાથી જ શોભે છે એવી રીતની લોકોક્તિ પ્રમાણે મારાથી આપની સાથે પ્રીતિ થાય નહીં અને તેમાં પણ વળી આપ નિરીચ્છક અને પૂર્ણ પરમાનંદમય છો, અને હું જગતના (વિષયોનો) ભિખારી છું; તો પછી મારી અને આપની પ્રીતિની તો વાત જ શી! અને તે હેતુથી મારી આ એક પક્ષની પ્રીતિ છે, હું પ્રીતિ કરવાનો ઇચ્છક છું અને આપ નિરીચ્છક છો, એટલે તે એકલી એકપક્ષની પ્રીતિ થઇ, તેથી વધારે તો શું કહું ? પણ આપ કૃપા કરી, ભવસાગરમાં તણાતા મને હાથ પકડી આપના ચરણ નીચે રાખજો, અર્થાત્ મને આપના ચરણકમળનું શરણ આપજો અને આપની સમીપ રાખજો, એટલે હું કૃતકૃત્ય થઇશ. જો કે પ્રભુ નિરાગી છે, અરૂપી છે, તો પણ ભક્તો તેમને ગમે તેવી વિનતિ કરી શકે છે, માટે આ ભક્તિનું વચન હોવાથી દૂષિત નથી.

ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ તતસાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધરમ૦ ૯

જે તીર્થમાં આવા પ્રભુ છે, તે તીર્થનું જે સેવન કરે, તે નિશ્ચે કરીને મુક્ત થાય, એવું શ્રી આનંદઘનજી મહારાજ કહે છે. અક્ષય આનંદનો સમૂહ પામે એવો એનો અર્થ છે.



૧૯. શ્રી મલ્લિનાથ જિનસ્તવન.



સેવક કિમ અવગણિયે હો,
મલ્લિજિન ! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીયે,
તેહને મૂલ નિવારી હો. મ૦ ૧

શબ્દાર્થ

સેવક-સેવા કરનાર-સાથે રહેનાર, (તેને) કિમ-શી રીતે? અવગણિયે, અવગણ્યા છો, હે મલ્લિજિન-હે મલ્લિનાથ નામના ઓગણીશમા જિનેશ્વર ! એ-આ સેવકની અવગણના કરવી તે (શું ?) અબ-અત્યારે, શોભા સારી-સારી શોભા ગણાશે ? અવર-સાધારણ જનો, જેહને-જેમને, આદર અતિ દીયે-અતિ સત્કાર આપે, તેહને-તેમને (તમે) મૂળ નિવારી હો-મૂળથી રૂખસદ આપી દીધી છે.

ભાવાર્થ

હે શ્રી મલ્લિનાથ પ્રભુ ! આપનો દાસ એવો હું, તેની અવગણના એટલે ઉપેક્ષા આપ કેમ કરો છો ? શું આપની તેથી સારી શોભા કહેવાય છે ? (અરે ! પણ આપનો તો માર્ગ જ



અતીંદ્રી સિદ્ધપણામાં હમેશાં ઉજ્જવળદશા હોય છે. આ દશામાં આત્મામાં અખંડ ચૈતન્યપણું અને સંપૂર્ણ જ્ઞાયકપણું હોય છે.

હે પ્રભુ! આપને ચોથી દશા પ્રાપ્ત થઈ છે; એટલે આપને પરમ ઉજ્જવળદશા પ્રાપ્ત થઇ છે, તેથી આપની પૂર્વની નિદ્રાદશા તથા સ્વપ્નાવસ્થારૂપ સ્ત્રીઓને આપે મનાવી નહિ, એમ તે બન્ને દશારૂપ સ્ત્રીઓએ જાણ્યું તેથી તે બન્ને દશારૂપ સ્ત્રીઓ આપનાથી રીસાઇને જુદી રહી. આપે તેમને પણ સ્વરૂપમાં અંતરાયકારક જાણી તેમની અવગણના કરી છે.

સમકિત સાથે સગાઇ કીધી, સપરિવારસું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો. મ૦ ૪

શબ્દાર્થ

સમકિત-સમ્યકત્વ-સાચાની શ્રદ્ધા, (તેની) સાથે-સંધાને, સગાઇ કીધી-સગપણ કર્યું. (સગાઇ તે કેવી? તો કે) સપરિવારસુ-સમ્યકત્વનો પરિવાર તે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય, તેણે કરી સહિત તે સપરિવાર, એવા સપરિવારે સમ્યકત્વની સાથે, ગાઢી-મજબૂત (સગાઈ કરી છે) (અને) મિથ્યામતિ-અસત્યબુદ્ધિ, (તેને) અપરાધણ-અપરાધ કરનારી, જાણી-સમજીને, (તેને તમે) ઘરથી-આત્મરૂપ મંદિરથી, બાહિર કાઢી-દૂર કાઢી મૂકી છે.

ભાવાર્થ

ઉપશમ, વિવેક અને સંવરરૂપ અથવા ખરેખરા વસ્તુભાવના જ્ઞાનરૂપ જે સમ્યકત્વ તેની સાથે તેના પરિવાર સહિત મજબૂત સગાઇ કરી છે, અને મિથ્યામતિ એટલે ખોટી બુદ્ધિને આપે ગુન્હેગાર જાણીને ઘરમાંથી બહાર કાઢી મૂકી છે

અને આ મોહને મદદ કરનારા કામ તથા ક્રોધાદિક બીજા સુભટો છે. અને તેઓમા સર્વથી અગ્રેસર રાગ, દ્વેષ અને અવિરતિરૂપ આત્માના પરિણામો છે જ્યારે અજ્ઞાનનો નાશ થાય છે ત્યારે રાગદ્વેષનો અને અવિરતિનો પણ નાશ થાય છે, તેથી ભગવાનને કહે છે કે—આપના જૂના—અનાદિ કાળના સબધી એવા રાગ—દ્વેષ અને અવિરતિની પરિણતિરૂપ યોદ્ધાની પણ આપે અવગણના કરી છે.

વેદોદય કામા પરિણામા, કામ્યક રસ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસસાગર, અનંતચતુષ્ક પદ પાગી હો.
મ૦ ૭

શબ્દાર્થ

વેદોદય=વેદનો ઉદય, (પુરુષવેદરૂપ કર્મપ્રકૃતિનો ઉદય—તેનાથી થતાં જે) કામા પરિણામા=કામા—કામિની—સ્ત્રી તેના સંબધી અથવા કામા—કામના—સ્ત્રી ઇચ્છા, તેને લગતા, અથવા કામા=કામને—કંદર્પને લગતા પરિણામો (તે રૂપ) કામ્યરસ=કામરસ, સહુ=તે બધા ત્યાગી એટલે છાડીને, નિકામી—કામના રહિત થએલા, (અને) કરુણારસ=કરુણારૂપ રસ (તેના) સાગર=સમુદ્ર (તેમજ) અનંત=(દેશ અને કાળથી) અંત વગરના એવા, ચતુષ્ક=ચોકડી—અર્થાત્ અનંત જ્ઞાન, અનત દર્શન, અનત ચારિત્ર અને અનત વીર્ય. એ ચારે વસ્તુ, (તે છે જ્યાં એવુ) પદ=સ્થાન (તેના) પાગી=પદાનુસારી શોધક છો

ભાવાર્થ

[illegible] આની [illegible] [illegible] કરી તથા આત્મ
[illegible] [illegible] કરી [illegible], તેથી
[illegible] [illegible] [illegible], [illegible]

અથવા મુક્તિરૂપ) ઉત્કૃષ્ટ લાભ, (તેના) રસ=સ્વાદ, (તેમાં) માતા=પુષ્ટ બનેલા છો.

ભાવાર્થ

હે પ્રભુ ! આપ દાનાંતરાય કર્મને નિવારીને સઘળા અન્ય જીવોને, જેનાથી ડર ન થાય એવી અભયદાનની પદવીને આપનારા છો વળી લાભાંતરાય કર્મનું નિવારણ કરીને આપ જગતના વિઘ્નોને નિવારનારા છો, તેમ અજરામર થવારૂપ જે ઉત્કૃષ્ટ લાભ તે રૂપી રસમા આપ પુષ્ટ થયેલા છો

પરમાર્થ

દાનાંતરાય એટલે જે દાન આપવામાં રોકનાર કર્મસમૂહ છે, કે જેના જોરથી, જો કે માણસ પાસે આપવાની વસ્તુ હોય, તેમ આપવાનું મન હોય અને પાત્ર પણ હોય, તો પણ વસ્તુ અપાય નહીં; એવા કર્મના સમૂહને દૂર કરીને આપ જગતના જીવોને અભયદાન આપનારા છો. તે જ પ્રમાણે વસ્તુ મેળવવામાં રોકનાર જે કર્મસમૂહ, કે જેને લાભાંતરાય કહેવામા આવે છે, તેને પણ દૂર કરવાથી આપ મુક્તપણારૂપ પરમ લાભને પામ્યા છો, અને તેમાં મગ્ન છો; વળી જગતના જીવોને તે અંતરાય દૂર કરવાનો માર્ગ બતાવનારા છો અને સર્વ જીવોને કરુણાબુદ્ધિથી આપ મુક્ત કરવા ઇચ્છો છો

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી
હો. મ० ૯

શબ્દાર્થ

વીર્ય વિઘન=બળ સ્ફુરવામાં પડતા વિઘ્નો-વીર્યાંતરાય કર્મ (તેને) પંડિત વીર્યે=સમજદારના જોરથી હણી=નાશ કરીને,

પૂર્ણ પદવી યોગી=પૂર્ણ—ન્યૂનતા વગરની પદવી-મોટાઈ, (તેના) યોગી=યોગવાળા (આ)-સંબંધી થયા છો. ભોગોપભોગ=એક વાર ભોગવાય તે ભોગ, અને વારંવાર ભોગવાય તે ઉપભોગ, (એ) દોય=બન્નેના વિઘન=વિઘ્નો-અર્થાત્ ભોગાંતરાય કર્મ તથા ઉપભોગાંતરાય કર્મ. (તેને) નિવારી=નિવારણ કરીને. (તમે) પૂરણ ભોગ સુભોગી હોય=(તીર્થંકરની ઋદ્ધિનો) જે સંપૂર્ણ ભોગ (તેના) સુભોગી=રૂડી રીતે ભોગવનાર થયા છો.

ભાવાર્થ

વીર્યની સ્ફુર્તિને અટકાવનારું જે વીર્યાંતરાય કર્મ, તેનો વિદ્વત્તારૂપી શક્તિથી નાશ કરીને, ન્યૂનતા વિનાની જે પદવી તેના સંબંધવાળા આપ થયા છો. વળી ભોગાંતરાય તથા ઉપભોગાંતરાય, એમ બન્ને વિઘ્નોને દૂર કરીને, આપ સંપૂર્ણ પદવીરૂપ જે સિદ્ધપણું અથવા તીર્થંકરપણું તેને સારી રીતે ભોગવનારા થયા છો,

પરમાર્થ

આત્મામાં અનંત શક્તિ છે, અને તે શક્તિરૂપ ગુણને અનંતવીર્ય એવું નામ આપેલ છે. હે પ્રભુ! આપે પંડિતતારૂપી શક્તિથી અજ્ઞાનનો નાશ કરી, જે કર્મ આપની અનંત શક્તિને [illegible], તેને દૂર કરી [illegible]

[illegible]

શ્રી જિનેશ્વર ભગવાનના જેઓ ગુણ ગાય છે, તેઓ અનાથના બંધુ એવા શ્રી મલ્લિનાથ પ્રભુની કૃપાદૃષ્ટિથી, અનિંદ્રિયાનંદનો સમૂહ જે મોક્ષપદ તેને પામે છે.

પરમાર્થ

પૂર્વે જે અઢાર દોષો કહ્યા તે કોનામાં છે ? અને કોનામાં નથી ! તે તપાસી જોવું; અને જેનામાં તે દોષો ન હોય તેને અરિહંત ભગવાન્ માનવા અને તે જ મનને વિરામ પમાડનાર છે એમ સમજવું. આવી રીતે પરીક્ષા કરીને જે જિનેશ્વર ભગવાનના ગુણોને ગાય છે અથવા જે જિનેશ્વર ભગવાનની સ્તવના કરે છે તેઓ દીનબંધુ એવા શ્રી જિનેશ્વર ભગવાનના એટલે શ્રી મલ્લિનાથ મહારાજની કૃપાદૃષ્ટિએ મોક્ષપદ પામે છે

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે " ગતાનુગતિકા લોકા " એ ન્યાયે જિનેશ્વર ભગવાનની સ્તવના કરવા કરતાં જેઓ પરીક્ષા કરીને પ્રભુના ગુણો ગાય છે, તેમને ગુણો તરફ રાગ હોવાથી, પ્રભુના ગુણોનું અનુકરણ કરવાથી અને તે મેળવવા માટે દૃઢ અભ્યાસ કરવાથી પ્રભુના ગુણો પ્રાપ્ત થાય છે અને તેથી સ્તવના કરનાર મુક્ત થાય છે.



૨૦. શ્રીમુનિસુવ્રત જિન સ્તવન.



મુનિસુવ્રત જિનરાજ, એક મુજ વિનતિ નિસુણો, મુ°
આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ,
એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમળ,
ચિત્ત સમાધિ નવિ લહિયો. મુ° ૧

શબ્દાર્થ

મુનિસુવ્રત=મુનિસુવ્રત નામના, જિનરાજ=વીશમા જિનેશ્વર (તમે), એક=એકાદ, મુજ=મારી, વિનતિ=અરજ, નિસુણો= સાંભળો. આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ=હે જગદ્‌ગુરુ! આત્મતત્ત્વને (તમે) શી રીતે જાણ્યું છે? એહ વિચાર=એ બાબતનો વિચાર, મુજ=મને, કહિયો= કહો, (કારણ કે) આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમળ=નિર્મળ રીતે આત્મતત્ત્વ સમજ્યા વગર, ચિત્તસમાધિ=મનની શાંતતા, નવિ=નહિ જ, લહિયે-મેળવી શકાય.

ભાવાર્થ

હે શ્રી મુનિસુવ્રત નામના વીશમા તીર્થંકર ભગવાન્! આપ મારી એક વિનંતિને બરાબર સાંભળો.

હે જગતના પ્રાણીઓમાં મોટા પ્રભુ! એ આત્મતત્ત્વ જાણવાની રીત આપ મને કહો; કેમ કે આત્મારૂપી સાર પદાર્થને જાણ્યા વિના, શુદ્ધ એવું જે ચિત્તનું એકાગ્રપણું તેને હું પામી શકતો નથી.

પરમાર્થ

[illegible]

કોઇ અબંધ આતમ તત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨

શબ્દાર્થ

કોઇ=કેટલાક, અબંધ આતમતત માને=આત્મતત્ત્વ-આત્માને, અબંધ-બંધ વગરનો=એકાંત નિર્લેપ માને છે. (અને તેમ માનતાં છતાં,) કિરિયા કરતો દિસે-(પોતે તપોઽનુષ્ઠાનાદિ) ક્રિયાઓ કરતા દેખાય છે. (હવે આત્મા અબંધક હોય તો), ક્રિયાતણું ફળ=ક્રિયાનું ફળ, કહો=બોલો, કુણ=કોણ ? ભોગવે= મેળવે, ઇમ=એ રીતે: પૂછ્યું=પૂછતાં, [તે], ચિત્ત=ચિત્તમાં-મનમાં, રીસે=રીસે ભરાય છે.

ભાવાર્થ

કોઇક મતવાળા આત્માને બંધ વિનાનો માને છે; અને તે જ આત્મા ક્રિયા કરતો દેખાય છે. ત્યારે જે ક્રિયા કરે છે તેનું ફળ કહો કે કોણ ભોગવશે ? એમ પૂછવાથી તે મનમાં રીસે ભરાય છે.

પરમાર્થ

કેટલાક સાંખ્ય મતવાળા અને વેદાંતીઓ આત્માને અબંધ માને છે, અને એમ કહે છે કે-આત્માને સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ બાધા કરતા નથી આત્મા એટલે જે પુરુષ, તે નિર્લેપ છે.

વેદાંત પણ એમ કહે છે કે-બ્રહ્મમાં બંધનો સંભવ નથી બંધ, મોક્ષ એ બધું કાલ્પનિક .. બ્રહ્મ શુદ્ધ છે, તેમાં બંધનો સંભવ નથી.

જો કે નિશ્ચય નયની અપેક્ષાએ આત્મામાં બંધ નથી, તો પણ જિનેશ્વર ભગવંતે ઉભય નયો, એટલે નિશ્ચય નય અને વ્યવહાર નય, અથવા

સાતે નયોને પોતપોતાની અપેક્ષાથી સત્ય કહેલા છે તેથી સાંખ્ય અને વેદાંતનું કથન બરાબર વાસ્તવિક નથી, કારણ કે તે એકાંત છે.

ઉપર કહેલા સાંખ્ય અને વેદાંતીઓ આત્માને અબંધ માનતા છતાં પણ ક્રિયા કરતા દેખાય છે; તેથી મેં તેમને પૂછ્યું કે, તમે આત્માને અબંધ માનો છો અને ક્રિયા કરો છો, તો કહો કે તમારી કરેલી ક્રિયાનું ફળ કોણ ભોગવશે ?

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારજો પરિખો.
મુ૦ ૩

શબ્દાર્થ

જડ ચેતન=જડ અને ચૈતન્ય, એ=એ બંને, એક જ આતમ=એક જ આત્મા છે—અર્થાત્ જડ પણ આત્મારૂપ છે અને ચૈતન્ય પણ આત્મારૂપ છે. (તેમજ) સ્થાવર=સ્થિર રહેતા પદાર્થ, (અને) જંગમ=હાલતાચાલતા પદાર્થ (એ બન્ને) સરિખો=સરખા છે (આવું માનીએ તો), સુખ દુઃખ=સુખ અને દુઃખ ભોગવવામાં, સંકર દૂષણ=ન્યાયપ્રસિદ્ધ સંકર દોષ, આવે= લાગુ પડશે (માટે) ચિત્ત=ચિત્તમાં, વિચારજો=(તમે) વિચારજો, અને પરિખો=પારખું-પરીક્ષા કરજો.

ભાવાર્થ

જડ એટલે જેનામાં ચૈતન્ય શક્તિ નથી, તથા પોતાની મેળે જે હાલીચાલી ન શકે, તેમજ પોતાને જાણી ન શકે, એવી અચેતન સડી જાય, બળી જાય તથા ગળી જાય એવી વસ્તુ. અને ચેતન એટલે જે પોતે પોતાને જાણી શકે, સુખ દુઃખને અનુભવ કરે, અને જડને સંયોગે જે જડમાં હાલવ.

ચાલવાની શક્તિ આપે, એવી અરૂપી વસ્તુ એ આત્મા એક જ છે જડ પણ આત્મારૂપ છે અને ચૈતન્ય પણ આત્મારૂપ છે. સ્થાવર એટલે પોતાની મેળે હાલીચાલી ન શકે તે, અને જંગમ એટલે પોતાની મેળે હાલવાચાલવા વિગેરેની ક્રિયા કરે તે. તે બન્નેને એક સરખા માને; તેમને સુખ એટલે જે ભોગવતા જીવને આનંદ થાય તે, અને દુઃખ એટલે જે ભોગવતા જીવને કલેશ થાય તે માનતાં ન્યાયમતમાં કહેલું સંકરદૂષણ આવે છે, માટે એક આત્મા માનનારા એવા અદ્વૈત મતવાળાઓને કહે છે કે, તમો ચિત્તમાં વિચારીને પરીક્ષા કરી જોજો.

પરમાર્થ

અદ્વૈત મતમા "एक ब्रह्म, द्वितीयं नास्ति." એવુ વચન છે,-એક બ્રહ્મ વિના જગતમા બીજું કઇ નથી. સ્થાવર-જંગમ વિગેરે જે કઇ દેખાય છે અને નથી દેખાતુ, તે એક બ્રહ્મરૂપ જ છે. એમ માનનારાઓ માટે આ ઉપદેશ છે કે-જો જડમા અને ચૈતન્યમાં ફેર ન હોય; અને જે વિશિષ્ટાદ્વૈતવાળા કહે છે તેમ "एक. सर्वगतो नित्य·" આ શ્રુતિને અવલબીને સ્થાવર અને જંગમમા એક સરખો આત્મા માનતા હો તો, સુખ અને દુઃખ માનતા સંકર દૂષણ આવશે ચૈતન્યનું સુખ દુઃખરૂપ જે કૃતકર્મ તે જડને ભોગવવુ પડે. અને જડનુ દુ.ખરૂપ સુખરૂપ કરેલુ કર્મ ચૈતન્યને ભોગવવુ પડે, માટે જરા ચિત્તમા વિચાર કરીને એક જ આત્મા છે, એમ પરીક્ષાપૂર્વક બોલો

સુખ અને દુ ખને પરસ્પર અભાવીપણુ છે જે સુખ તે દુ ખ નહિ થાય અને જે દુ ખ તે સુખ નહિ થાય તેથી આ સુખ અને દુ ખને સમાન એવુ એક અધિકરણ, એટલે ઉપર કહ્યા પ્રમાણે સુખનો કર્તા પણ સ્થાવર, જંગમ અને દુ ખનો કર્તા પણ સ્થાવર, જંગમ એમ થવુ અસંભવિત લાગે છે, માટે વિચાર કરો

અકૃતાગમ દૂષણ-અથવા અકૃતાભ્યાગમ નામનું દૂષણ, (એ બે દૂષણો આવે છે) તે નવિ દેખે મતિહીણો=બુદ્ધિહીન (એકાંત પક્ષી) જોઇ શકતો નથી

ભાવાર્થ

એક મતવાળા કહે છે કે-નિશ્ચયથી જેમાં ફેરફાર ન થાય તેવું, અર્થાત હમેશાં એક જ રૂપે રહે તેવું આત્મતત્ત્વ છે; કેમકે આત્મા પોતાના સ્વરૂપ દર્શનમાં વ્યાપક છે. આ પ્રમાણે કહેવાથી કરેલાનો વિશેષ પ્રકારે નાશ, અને નહિ કરેલાનું આવવુ થાય છે તે રૂપ દૂષણને તે બુદ્ધિ વિનાનો કહેનાર દેખાતો નથી

પરમાર્થ

અદ્વૈતવાદી, તેરાપંથી, (આ તેરાપંથ એ જૈનના પેટામાંનો વિભાગ છે) અમેસારીયા, વાસીષ્ઠ-વસીષ્ઠ મુનિના મતાવલંબી, સાંખ્ય વગેરે એમ માને છે કે-આત્મા પોતાના સ્વરૂપમાં હમેશાં લીન છે: અને વેદાંતીઓનુ આ બાબતમા દૃષ્ટાંત છે કે જેમ સૂર્યનું પ્રતિબિંબ પાણીના ઘડાઓમા પડે છે, તેમ બ્રહ્મનુ પ્રતિબિંબ માયામાં પડે છે, પણ બ્રહ્મ પોતાના સ્વરૂપમા અખંડ એકરસ નિરાકારપણે હમેશાં લીન છે. પ્રતિબિંબમા થતા વિકારોથી આત્મા અભિન્ન છે આવી રીતે આત્માને અવિકૃતપણે પોતાના સ્વરૂપમા હમેશા લીન માનનારા નીચે જણાવેલી બાબતનો વિચાર કરતા નથી.

[illegible]

અકૃતાગમ દૂષણ-અથવા અકૃતાભ્યાગમ નામનું દૂષણ, (એ બે દૂષણો આવે છે) તે નવિ દેખે મતિહીણા=બુદ્ધિહીન (એકાંતપક્ષી) જોઇ શકતો નથી

ભાવાર્થ

એક મતવાળા કહે છે કે-નિશ્ચયથી જેમાં ફેરફાર ન થાય તેવું, અર્થાત્ હમેશાં એક જ રૂપે રહે તેવું આત્મતત્ત્વ છે; કેમકે આત્મા પોતાના સ્વરૂપ દર્શનમાં વ્યાપક છે. આ પ્રમાણે કહેવાથી કરેલાનો વિશેષ પ્રકારે નાશ, અને નહિ કરેલાનું આવવું થાય છે તે રૂપ દૂષણને તે બુદ્ધિ વિનાનો કહેનાર દેખાતો નથી.

પરમાર્થ

અદ્વૈતવાદી, તેરાપંથી, (આ તેરાપંથ એ જૈનના પેટામાંનો વિભાગ છે) સમેસારીયા, વાસીષ્ટ-વસીષ્ઠ મુનિના મતાવલંબી, સાંખ્યથી વગેરે એમ માને છે કે-આત્મા પોતાના સ્વરૂપમાં હમેશાં લીન છે; અને વેદાંતીઓનું આ બાબતમાં દૃષ્ટાંત છે કે જેમ સૂર્યનું પ્રતિબિંબ પાણીના ઘડાઓમાં પડે છે, તેમ બ્રહ્મનું પ્રતિબિંબ માયામાં પડે છે, પણ બ્રહ્મ પોતાના સ્વરૂપમાં અખંડ એકરસ તદાકારપણે હમેશાં લીન છે. પ્રતિબિંબમાં થતા વિકારોથી આત્મા અબાધિત છે. આવી રીતે આત્માને અવિકૃતપણે પોતાના સ્વરૂપમાં હમેશાં લીન માનનારા નીચે જણાવેલી બાબતનો વિચાર કરતા નથી.

કારણ વિના કાર્ય હોતું નથી, જગતમાં સુખી અને દુઃખી જે જણાય છે તેનું મૂળ કારણ સંચિત કર્મ છે. જ્યારે આત્મા સ્વરૂપમાં લીન હોય ત્યારે તે શુભાશુભ કરણી કરી શકતો નથી અને તેથી તે શુભાશુભનો ભોક્તા પણ થઈ શકતા નથી, એટલે કર્યા વગર આત્મા જે શુભ અથવા અશુભ ભોગવે તેને અકૃતાગમ પણ જાણવું. તેમજ

દશારૂપ સુખ, તથા જે દશામાં આત્માને કંટાળો ઉપજે અર્થાત્ ખેદ ઉપજે તેવી દશારૂપ દુઃખ—તે સઘળું સંભવી શકશે નહીં. અને એવી રીતનો વિચાર જો મનમાં લાવશો તો આત્માને ક્ષણિક માની શકાશે નહીં.

પરમાર્થ

બુદ્ધદેવના અનુયાયીઓ એમ કહે છે કે—નિત્ય એવો આત્મા છે જ નહીં, પણ પંચ સ્કંધથી પ્રાણી માત્રની પ્રતીતિ થાય છે. તેમાંનો વિજ્ઞાન સ્કંધ, કે જેનાથી જ્ઞાન થાય છે તે અને બીજા સ્કંધો ક્ષણે ક્ષણે બદલાય છે; એટલે " અહં—હું " એવું જ્ઞાન જેને છે તેને જો બીજા મતવાળા આત્મા કહેતા હોય તો, આ " હું " એવા જ્ઞાનનો આધાર અધિકરણ વિજ્ઞાન સ્કંધ ક્ષણે ક્ષણે બદલાય છે, જ્ઞાનમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે, માટે આત્મા ક્ષણ જીવનાર છે એવું માનવું.

આ ક્ષણવાર જીવવાનું કહેનારા બુદ્ધદેવના અનુયાયીઓને નીચે પ્રમાણેનો વિચાર મનમાં આણવાનું કહે છે જો આત્મા ક્ષણવાર જીવનાર હોય, અને પ્રત્યેક ક્ષણે બદલાતો હોય તો પછી " સુખ અને દુઃખ " એ શબ્દો જ નકામા છે. કારણ કે, ક્ષણવારની સ્થિતિમાં સુખનો કે દુઃખનો અનુભવ શો સંભવે ? તેમજ બંધ અને મોક્ષ પણ માત્ર કલ્પનારૂપ છે એમ થશે, કારણ કે ક્ષણવારમાં કોઈ ક્રિયા થાય, અને તેનો બંધ પડે એ બનવું અસંભવિત છે, અને જ્યારે બંધ ન હોય ત્યારે મોક્ષ પણ શાનો ? એટલે આત્માને ક્ષણિક માનતા, બંધનો, મોક્ષનો, સુખનો તથા દુઃખનો પણ અભાવ થતા જશે, તેથી બુદ્ધદેવે સંસારને જે દુઃખરૂપે કહ્યો છે, અને ચાર આર્યસત્ય કહી દુઃખમાંથી છૂટવાનો જે વિચાર કહ્યો છે તે ટાકઈ જશે, માટે ક્ષણવારની સ્થિતિવાળા આત્માને માનવાથી ઉપર જણાવેલા દોષો આવે છે અને તેથી આત્મા ક્ષણિક સંભવે નથી જે બુદ્ધદેવે તેનુમા ભવમા એક પુરુષને ભાલાથી વીંધ્યા અને તે કર્મ બંધ થયું, તેના ઉદયમા બુદ્ધદેવને કાંટો વાગ્યો એક ક્ષણવારની સ્થિતિમા

પુગ્ગલને ભાળથી વીંધનાર આત્માએ કેવું કર્મ ત્યારપછી અસખ્ય આત્માએ બાંધ્યાં ગયા બાદ તેણ આત્માને ભોગવવું પડે તે અન્યાયરૂપ છે. કર્મ કરે બીજો અને ભોગવે બીજો એ વાત યોગ્ય નથી.

વળી એકસોપચાસ દિવસ સુધી બુદ્ધદેવે સમાધિનું સુખ અનુભવ્યાની વાતમાં પણ વિચારવા જેવું છે કે આત્મા ક્ષણાવસ્થાયિ હતા, જે સુખ અનંત આત્માઓએ ભોગવ્યું, તે બુદ્ધદેવે ભોગવ્યું, એમ કહેવામાં અસત્ય થાય છે; કેમકે તે કરવાની બુદ્ધદેવની આજ્ઞા નથી. મતલબ કે ક્ષણિક હોવાથી તે વાત ઘટતી નથી, પણ આ વાત પર્યાયના ઉપર નજર દેવાથી થાય છે.

ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુ૦

શબ્દાર્થ

(ચાર્વાક દર્શનાનુયાયીઓ કહે છે કે) ભૂતચતુષ્ક=(પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ) ચાર ભૂત, (તેણે કરી) વરજિત= તે ચારે ભૂત સિવાય આતમતત=આત્મતત્ત્વ-આત્મા નામનો પદાર્થ, (તેની) સત્તા=હૈયાતિ-હોવાપણું, અળગી=ચારે ભૂતથી અલગ=જુદી, ન ઘટે=ઘટી શકે નહિ (અર્થાત્ ચાર ભૂતની શક્તિ તે જ આત્મા છે. અને તેથી જુદો આત્મા નથી; આવું બોલનારા ઉપર આક્ષેપ કરે છે કે) અંધ=આંધળો માણસ, શકટ=ગાડાંને. જો=જો કદિ, નજરે ન દેખે=નજરે જોઈ ન શકે તો=ત્યારે. શું કીજે શકટે=ગાડાથી શું કરાય? તેમાં ગાડાંનો શો વાંક

ભાવાર્થ

[illegible]

નથી એમ ચાર્વાક મતવાળો–નાસ્તિક મતવાદી કહે છે. (તેના પર આનંદઘનજી મહારાજ આક્ષેપ કરે છે કે–જો આંધળો માણસ ગાડાને આંખે દેખી ન શકે, તો તેમાં ગાડાનો શો અપરાધ છે ?)

પરમાર્થ

નાસ્તિક મતવાળા અથવા બૃહસ્પતિના અનુયાયીઓ એમ કહે છે કે–પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપી ચાર ભૂતો એકઠા થવાથી સર્વ પદાર્થો થાય છે પણ તે સિવાય " આત્મા " એવો ભિન્ન પદાર્થ છે જ નહી. આ ચારે ભૂતો મળવાથી જ ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે; અને જ્યારે એ ભૂતો વિખરાઇ જાય છે ત્યારે તે નષ્ટ થાય છે એટલે ચારે ભૂતોથી ભિન્ન એવી આત્માની સત્તા સંભવી શકતી જ નથી. આ વાત પ્રત્યક્ષ બાધાકારક લાગે છે એટલે કે મુડદામાં ચારે ભૂતો હોય છે, છતાં ચૈતન્ય દેખાતું નથી, એ વાત દરેકને અનુભવિત છે તેમજ જો ચારે ભૂતો મળવાથી ચૈતન્ય શક્તિ પ્રગટ થતી માનવામાં આવે છે, તે ચારે ભૂતોમાં પૃથક્ પૃથક્ ચૈતન્ય શક્તિની સત્તા પણ દેખાતી નથી. આવું છતા પણ માનવામા આવતુ નથી; તેથી કહે છે કે–આંધળો જો ગાડા જેવો સ્થૂલ પદાર્થ પણ ન જોઇ શકે, તો પછી તેમા ગાડાને શું કરીએ ! મતલબ કે જેને દૃષ્ટિ નથી તે ગાડું પણ નજરે ન જોઇ શકે, તેમાં કંઇ ગાડાનો અભાવ કે અપરાધ બનતો નથી, તેમ પોતે આત્મારૂપ હોવા છતાં અનુભવમા આવતા છતા, આત્મા ન માને તેનું શું કરીએ ?

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત કોઇ ન કહે.
મુ૦ ૭

શબ્દાર્થ

એમ–એમ તેમ અનેક મતવાદી જુદા જુદા મતવાદીઓના,

જાણરૂપે જ જાણવું; અને એવી રીતના તત્ત્વને મન અંદર ચિંતવવું.

પરમાર્થ

યોગશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણા સાધીને, સાતમી દશા જે ધ્યાન, તે ધ્યાન અન્યનું ધ્યાન ન કરતાં, જો માત્ર આત્માનું જ ધ્યાન કરે તેનું ભ્રમણ ટળી જાય, તથા તે અન્ય દર્શનીઓની જાળમાં પણ ન ફસે, અ તેને આત્માનું સંપૂર્ણ સ્વરૂપ સમજાય તેમ છે. આ સિવાય બીજાં ક્રિયાકાંડ વિગેરેના કથનો છે તે વાગ્જાળરૂપ છે. તેનાથી ચિત્તશુદ્ધિ થાય ખરી, પણ આત્મસ્વરૂપ પ્રાપ્ત થતું નથી. જ્ઞાનસાગરજી મહારાજનું કહેવું છે કે–જપ, તપ, નિયમ, પૂજા વિગેરેને વચનોનું જાળ જાણે, અને તેમ જાણી જો આત્મ ધ્યાન કરે, તો ઈયળ ભમરીને દૃષ્ટાંતે "જેવું ધ્યાવે તેવો થાવે" એમ પોતે પોતાનું ખરૂં સ્વરૂપ, જે અનેક કલ્પના ઓથી અનાદિ કાળથી ભૂલી ગયો છે, તે પ્રાપ્ત કરે.

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તતજ્ઞાની કહીએ,
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહીએ.
મુ૦ ૧૦

શબ્દાર્થ

(મારે) જેણે=જે પુરુષે, વિવેક–સદ્અસદ્વસ્તુ પરીક્ષકબુદ્ધિ, ધરી=ધારણ કરીને, એ=એ પૂર્વોક્ત, (નિરાલંબધ્યાનરૂપ), પખ=એ પક્ષ, ગ્રહિયો=ગ્રહ્યો હોય, તે=તે પુરુષ જ, તતજ્ઞાની=તત્ત્વજ્ઞાની=તત્ત્વજ્ઞ કહિયે=કહેવાય. [illegible]), શ્રી મુનિ-સુવ્રત [illegible] મુનિસુવ્રત નામના વીશમા [illegible] કૃપા [illegible] [illegible] ([illegible]) [illegible] સંબંધે

દર્શન, સાંખ્યદર્શન અને જૈનદર્શન), એ છએ દર્શનો, જિન-જિનેશ્વર ભગવાન, (તેમના મહાન્ શરીરના), અંગ-અંગરૂપે, આલિંગ-આરૂપ છે. (તે શી રીતે ? તો કે), ન્યાયપૂર્વક એ ભાવ જેનો ભંગ ન્યાસ-છ અંગોમાં ન્યાસ-જિન ભગવાનની આકૃતિમાં છ અંગોમાં છ દર્શનોની સ્થાપના, સાધિ કે-સાધવામાં આવે-ભાવનામાં આવે (તો છ દર્શનો જિનના અંગરૂપ જણાશે).

(૬) નમિ-નમિનાથ નામના એકવીસમા તીર્થંકર ભગવાન, જિનવરના ચિરંતનના, ચરણ ઉપાસક-પર્યુપાસનાપૂર્વક કિંવા તેમની પ્રતિપાદિત પ્રવૃત્તિઓને સાધનાર (ખરા જૈનો) જ; ઉત્તમ આશાએ ષટ્-છએ દર્શનોને આરાધનારા જાણવા.

ભાવાર્થ

છએ દર્શનોને શ્રી જિનદર્શનના અંગરૂપ જણાવી એ પ્રમાણે છએ દર્શનોની સ્થાપના કરીને, તેમના દર્શનને આરાધ[illegible] શ્રી નમિનાથ નામના એકવીસમા તીર્થંકરના [illegible] છએ દર્શનોને [illegible] છે એમ જણાવે [illegible]

વિશેષાર્થ

[illegible]

પરમાર્થ

સાંખ્યમત અને યોગમતને આ જિનમતરૂપી કલ્પવૃક્ષના બે પગરૂપ ધારવા. સાંખ્યમતનું અને યોગમતનું કહેવું આત્માની સત્તાના સબંધનું છે; અને તેઓ આત્માની સત્તાનું જ વર્ણન કરનાર છે; તેથી એવો મત શ્રી જિનેશ્વરના મતના પગરૂપ છે એમ ધારો.

"સાંખ્યદર્શનમાં અનેક આત્માઓ માનેલા છે, પ્રત્યેક શરીરે ભિન્ન આત્મા માનેલો છે તેમના મૂળતત્ત્વો પચીશ છે, તેમાં પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ ભૂત, પાંચ તન્માત્ર તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, આ ચોવીસ તત્ત્વોથી ભિન્ન એવો આત્મા છે અને અકર્તા તથા અભોક્તા છે. પ્રકૃતિના વિકારરૂપ જગત્ છે. આ પ્રમાણે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી, પોતે આત્મા ક્લેશથી મુક્ત થાય છે; અને મુક્ત આત્મા અકર્તા, અભોક્તા વિગેરે નિર્ગુણી થઈ રહે છે માટે રાગદ્વેષાદિ મૂકી પ્રકૃતિના કાર્યને પોતાનું કૃત્ય ન માની, તટસ્થ થઈને વર્તવું. જગતનો કર્તા કોઈ નથી, અને આત્માને કર્મબંધ થતો નથી."

જૈન દર્શનમાં નિશ્ચયનય છે, નયથી પણ આત્માને કર્મબંધ માનેલો નથી. વળી મોક્ષદશામાં આત્માના અનંત જ્ઞાન, દર્શન વીર્ય અને સુખ એ ગુણો રહે છે પરંતુ પણ વીર્યનો ઉપયોગ થતો નથી, વિગેરે જેવા જેવા આત્માની સત્તાનું વર્ણન આવે છે, ત્યાં ત્યાં બધી બાબતોમાં સાંખ્ય દર્શનના વિચારોને મળતા છે, તથા આ અંશે જૈન દર્શનના અંશરૂપ છે. [illegible]

[illegible]

લગન ધ્યાન થઈ શકે છે. અને આવા ધ્યાનના અભ્યાસી મહાયોગીઓના ગંભીર આશયને જાણવા યોગ્ય છે; તેથી અભ્યાસ કરનાર યોગીઓએ ગુરુમહારાજથી જ્ઞાન મેળવી, દર્શનોને જિનેશ્વર ભગવાનના અંગરૂપ સ્થાપી, ધ્યાન કરી, આ દર્શનો જિનના અંગરૂપ છે કે કેમ? તેનો અનુભવ કરવો, એમ કર્તાનો આશય જણાય છે; પછી તો બહુશ્રુત મહારાજ કહે તે ખરૂં.

લોકાયતિક કૂખ જિનવરની, અંસવિચાર જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે?

ષ૦ ૪

શબ્દાર્થ

લોકાયતિક=લોકમાં ફેલાયેલ તે લોકાયત=ચાર્વાક દર્શન=બૃહસ્પતિપ્રણીત નાસ્તિક મત તેમજ વર્તમાન કાળમાં ચાલતો પરિણામવાદ (ઇવોલ્યુશન થિયરી) તે. કૂખ જિનવરની=જિનેશ્વર ભગવાનની કુક્ષિરૂપ છે. (કેમકે, જગત્નો કોઇ કર્તા નથી, પણ વસ્તુસ્વભાવના અનુસારે અનાદિ કાળથી જગત્માં ઉત્પત્તિ, સ્થિતિ અને લય-અથવા આવિર્ભાવ અને તિરોભાવ થયાં કરે છે એ સિદ્ધાંતને અનુસરી લોકાયત મતને કૂખરૂપે ગણી શકાય; તે જ વાત કહે છે કે), અંસવિચાર જો કીજે=જો અંસ એટલે અમુક ભાગ-અમુક સિદ્ધાંત. તેનો વિચાર કરીએ. અર્થાત અમુક અપેક્ષાથી વિચાર કરીએ તો તે અંશે, તે કથનનો વાદ યથાર્થ છે [illegible] (પરંતુ આવી રીતની), તત્ત્વ વિચાર સુધારસધારા=તત્ત્વ વિચારરૂપ અમૃતરસની ધારા તે, ગુરુગમ [illegible] ગુરુમહારાજની પાસેથી [illegible] કેમ [illegible] શી રીતે પી શકાય? શી [illegible]

એકત્ર થઇને સમાય છે; (પણ) દર્શને=તે તે અમુક દર્શનમાં, જિનવર=જિનેશ્વરની (શૈલીની), ભજના રે=કોઇક બાબતમાં શૈલી સચવાય છે ત્યારે કેટલીક બાબતમાં નથી સચવાતી. (હવે આ વાત દાખલો આપી સિદ્ધ કરે છે.) સાગરમાં=દરિયામાં, સઘળી=બધી, તટની=નદીઓ, સહી=નક્કી, (સમાઈ જાય છે), (પણ) તટનીમાં=અમુક નદીમાં, સાગર ભજના રે=અમુક મર્યાદા લગી સાગરરૂપ ગણાય છે, અને તે મર્યાદા બહાર સાગરરૂપ નથી પણ ગણાતી.

ભાવાર્થ

જૈન દર્શનમાં તે છ, અને તે સિવાયના બીજા પણ સઘળા મતો છે, અથવા તે સઘળા મતોનો તેમાં સમાવેશ થાય છે અને બીજા મતોમાં જૈનદર્શનનો તો માત્ર એક અંશ, અથવા થોડો જ ભાગ આવે છે જેમ સમુદ્રમા સઘળી નદીઓનો સમાવેશ થાય છે, પણ નદીના સમુદ્ર તો અશમાત્ર છે એમ જાણવું.

પરમાર્થ

જેમ તમામ નદીઓનો સમુદ્રમા સમાવેશ થાય છે, તેમ ધર્મના જુદા જુદા મતોનો જૈન દર્શનમા સમાવેશ થાય છે નદી પર્વતમાથી નીકળી, અનેક બાજુએથી જગ્યામા થઇને છેવટે જેમ સમુદ્રને આવીને મળે છે, તેમ બીજા દર્શનો પણ તે ન મરતા અનેક પ્રવર્તક મહાત્મા [illegible]

ક્રિયા માત્રથી જે ઠગે નહિ, તે ક્રિયા અવંચક ગણાય, તેવો હોવાથી, વિષયભોગથી છેતરાય નહિ-વિષયભોગમાં ફસાય નહિ-અથવા ભવાંતરમાં પ્રાપ્ત થનાર દેવગતિના ભોગોથી ઠગાય નહિ; એટલે કે અવશ્ય તેને તે ભોગો મળવાના જ.

ભાવાર્થ

ધ્યાન કરતાં અમુક રીતે અંગોપાંગની આકૃતિ કરે, તે મુદ્રા અથવા બાહ્ય દેખાવ; ધ્યાન કરતાં કાર્યને ઉદ્દેશીને ધ્યેય સાધવા, અથવા બીજા કોઈ હેતુથી ૐકાર, હ્રીંકાર આદિ અક્ષરોને અમુક કમળમાં સ્થાપન કરવા તે બીજ; ધારણા એટલે અષ્ટાંગ યોગનું છઠ્ઠું અંગ, અથવા શરીરમાં વાયુને અમુક સ્થાને ધારણ કરવો, અથવા અમુક તત્ત્વોનું ચિંતવન કરવું તે ધારણા. આ ધારણા સાધ્ય થયા પછી ધ્યાન થાય છે અને ત્યારપછી સમાધિપદ પ્રાપ્ત થાય છે. અક્ષર ધ્યાન કરતાં અ, ઇ, ઉ, આદિ અથવા કકારાદિ અક્ષરો, સ્થિર અથવા ફરતા અમુક અમુક કમળો ઉપર સ્થાપવામાં આવે છે તે, અક્ષર ન્યાસ એટલે સ્થાપન કરવાની વિધિ. અર્થવિનિયોગ એટલે અર્થનો વિશેષ પ્રકારે સંબંધ કરવો તે, અથવા અર્થનું વિશેષ પ્રકારે જ્ઞાન હોવું તે તેવો જ્ઞાનવાન્ ઉપર કહેલા ૭ અંગોનો યોગ કરે એવો જે યોગી અથવા પ્રાણી, ધ્યેય વસ્તુ જે આત્મતત્ત્વ અથવા પરમાત્મા અથવા સમગ્ર પુરુષને ધ્યાવે, તે યોગી શત્રુઓથી છેતરાય નહીં, કેમકે તેની ક્રિયા આત્માને ન ઠગવારૂપ છે, તેથી તે ઠગાય નહીં

પરમાર્થ

જેમ ઉપર સમગ્ર પુરુષના ૭ અંગ કહ્યાં હતાં, તેમ અહીંઆ ૭ અંગ કહ્યાં છે ૧ મુદ્રા ૨ બીજ, ૩ ધારણા, ૪ અક્ષર, ૫ ન્યાસ,

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સેવના, (તે પણ કેવી? તો કે) શુદ્ધ=નિર્મળ, દેજો=આપજો, જિમ=જેમ, આનંદઘન=ભરપૂર આનંદ, લહિયે રે-હું મેળવું.

ભાવાર્થ

ઉપર પ્રમાણે દેશકાળ છે તેથી શ્રી જિનેશ્વર ભગવાનની હજૂરમાં હું હાથ જોડીને ઊભો છું અને કહું છું કે-શાસ્ત્ર પ્રમાણે ચારિત્રની આરાધના મને દેજો કે જેથી હું આનંદઘન એટલે મુક્તતા પામું.

પરમાર્થ

હે પ્રભુ! તથાપ્રકારના ગુરુ મળતા નથી, તેમજ ગુરુને અભાવે ક્રિયા કરી સાધુપણું સાધવાની મારી શક્તિ નથી; માટે હવે તો મારી પાસે માત્ર એક જ ઇલાજ છે, તે એ કે-આપની ભક્તિ કરવી. તેથી હે પ્રભુ! હું આપની પાસે હાથ જોડીને ઊભો છું અને વિનંતિ કરું છું કે-મને યોગ્ય અવસરે આપના સિદ્ધાંત પ્રમાણે ચારિત્ર પ્રાપ્ત કરવારૂપ સેવા આપજો કે જેથી હું આનંદઘન એટલે આનંદના સમૂહરૂપ મુક્તપણું પામું.



૨૨. શ્રી નેમીશ્વર જિન સ્તવન.

અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ રે,
　　　　　　　　　　　　　મનરા વાલા૦
મુગતિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઇ ન કામ. મ૦ ૧
ઘર આવો હો વાલિમ ઘર આવો,
મારી આશાના વિસરામ;　　　　　　　　મ૦
રથ ફેરો હો સાજન રથ ફેરો,
સાજન મારા મનરા મનોરથ સાથ.　　　　મ૦ ૨

હે સાજન ! રથને પાછો વાળો. વળી હે સાજન ! મારા મનના મનોરથો કે જે હાલ જતા રહ્યા છે તે મનોરથો, જો આ રથને પાછો ફેરવો, તો પાછા આવે તેવું છે, તેથી હે પ્રભુ ! મારા મનના મનોરથની સાથે આપ રથ પાછો ફેરવો અને મારે ઘેર આવો.

પરમાર્થ

ભગવાન્ શ્રી નેમીશ્વર પ્રભુ, મહાસતી રાજિમતી નામની ઉગ્રસેન રાજાની કન્યા સાથે પરણવા માટે જાન લઈ આવ્યા હતા, પણ પશુઓની કરુણાને લીધે પરણવાનું બંધ રાખી, પોતાનો રથ પાછો લઈ જતા હતા. તે વખતે રાજિમતીએ કરેલી વિનતિરૂપ આ સ્તવના છે. જ્યારે પ્રભુએ તોરણે આવી, ત્યાંથી રથને પાછો વાળવા સારથીને આજ્ઞા કરી અને બધા વડીલોએ વાર્યા છતાં, પોતે રથને પાછો વાળીને જતા હતા તે વખતે દેવી રાજિમતીએ કહ્યું છે કે—આ વખતે આપ નેમીશ્વર થયા છો. આ ભવથી પહેલા મારો આપની સાથેનો સબંધ આઠ જન્મો સુધીનો છે. આઠ જન્મો સુધી આપે મને પ્રિયા ગણી છે, અને આપ મારા પ્રાણનાથ થયેલા છો, તેથી આ નવમે ભવે પણ આપ જ મારા આત્મારામ છો. મારા આત્મામાં આપ જ રમી રહેલા છો. વળી મારા મનના પણ આપ જ સ્વામી છો; તેથી હું કહું છું કે, હવે આપે જે મુક્તિરૂપી સ્ત્રી સાથે પરણવાની ઇચ્છા કરી છે, તેની સાથે સગપણ કરવાનું કંઇ કામ નથી; કારણ કે મારો અને આપનો આજે આઠ જન્મોનો સ્નેહ છે તેથી હે સજ્જન ! આપના મનમા જે મુક્તિરૂપી સ્ત્રી સાથે પરણવાની ઇચ્છા થઇ છે તે કાઢી નાખો અને આપ રથને પાછો વાળો, અને મારા પિતાના ઘરમા જ્યા હુ છુ ત્યા આપ પાછા આવો મારી તમામ આશાઓ આપનાથી સફળ થવાની છે, તેથી મારી આશાના આપ વિશ્રામરૂપ છો, તે આપ છતા મારી આશાઓ નષ્ટ થાય છે, માટે તેમ ન કર વળી આપની સાથે મારા મનના

પરમાર્થ

હે જગતના પ્રભુ! હું સાચું કહું છું કે-માત્ર સ્ત્રીના તરફનો જ સ્નેહ હોય, અને આપ નિઃસ્નેહવાન્ થાઓ એ યોગ્ય નથી, કારણ કે બન્ને તરફના સ્નેહની જરૂર છે; અને તમે સ્નેહ કરો તે કંઈ નવાઈની વાત નથી. મહાદેવ અને પાર્વતી વચ્ચે કેવો સ્નેહ છે? તે વિચારો. પાર્વતી વિના ક્ષણવાર પણ શંકર દૂર રહી શકતા નથી; તેમને અર્ધાંગમાં ધારણ કરેલા છે. મોટાઓ આવો સ્નેહ રાખે છે અને આપ તો મારું પાણિગ્રહણ પણ કરતા નથી. એ વાત કેટલી અયોગ્ય છે તેનો આપ વિચાર કરી રથને પાછો વાળો.

પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર;
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર? મ૦ ૪

શબ્દાર્થ

(તમે જ્યારે), પશુજનની-પશુજાતિની ઉપર, કરુણા-દયા-અનુકંપા, કરી રે-કરી બતાવો છો, આણી હૃદય વિચાર-હૃદય-મન તેમાં વિચાર લાવીને (ત્યારે તમને) માણસની-મનુષ્યજાતિ જે હું, તેની, કરુણા નહિ રે-કરુણા નથી આવતી, એ-એ તે, કુણ-કયા, ઘર-ઘરનો, આચાર-રીત-મર્યાદા છે?

ભાવાર્થ

હે પ્રભુ! તમોએ મનમા વિચારીને પશુ, પક્ષી, જળચર, ભૂચર વિગેરે જનાવરો પર દયા કરી, પણ મનુષ્યો કે જેઓ જનાવરો કરતા જાતિ શ્રેષ્ઠ છે, તેના પર તમારા મનમાં દયા નથી, આ ત કેના ઘરની રીત છે?

પરમાર્થ

[illegible]

ખરા કે આપને આવું ચાતુર્ય શિખવવામાં જગતમાં શૂરો એવો કયો ગુરુ મળ્યો છે ?

પરમાર્થ

હે પ્રભુ ! આપે પ્રેમરૂપી કલ્પવૃક્ષને કાપી નાખીને, તેને ઠેકાણે યોગરૂપી ધતૂરો વાવ્યો, તે ઘણું સારું કર્યું, પણ મને જરા કહો કે–આવી ચતુરાઈ શિખવનાર જગતમાં શૂરો એવો આપને ગુરુ કોણ મળ્યો !

જે પ્રેમને જગત્ આધીન છે, તે પ્રેમને સહુ પશુ, પક્ષી આદિ પણ પ્રાપ્તિ કરી રહ્યા છે; તેવા શુદ્ધ પ્રેમને તોડવાને આપને કયા ગુરુએ ઉપદેશ કર્યો છે ? તે આપના શૂરા ગુરુનું જરા નામ તો જણાવો.

આ વચન કહેવામાં પોતાના પક્ષનું અતિ સબળાપણું જણાવ્યું છે સાથે એમ પણ જણાવ્યું છે કે–આપનું આ કામ હોય નહિ–આપને તે ઘટે નહિ. આપ પ્રેમને તોડવાને ઇચ્છો એ મને લાગતું નથી, પણ આપને કોઈએ ભમાવ્યા છે. આપે પ્રથમ વિવાહ કબુલ્યો, પછી જાન લઈને આવ્યા, અને છેવટે તોરણેથી રથ ફેરવીને પાછા જાઓ છો, અને આ જન્મ સુધીના પ્રેમને તોડો છો તે આપને ઘટતું નથી, માટે આપ પાછા વળો.

મારું તો એમાં કહીં નહિ રે, આપ વિચારો રાજ;
રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ ? મ० ૬

શબ્દાર્થ

મારું તો એમાં કહીં નહિ રે–એ આમાનમાં મારો તો કંઈએ જનાએ આવજગ જણાતો નથી. (પણ). આપ વિચારો રાજ–જ રાજકુમાર ! તમારે વિચાર કરવાનો છે. (આ હીન વર્તન) રાજસભામાં બેસતાં – રાજસભામાં બિરાજતાં માટે, અથવા મહાન સભામાં બેસતાં આપ કિસડી કાની ? અથવા

શબ્દાર્થ

પ્રેમ કરે જગજન સહુ રે-જગતમાં સૌ જનો, અથવા સર્વે જગજ્જનો-જગત્‌વાસી લોકો, પ્રેમ તો કરે છે-કરી જાણે છે (પણ) નિરવાહે-(જેઓ તે પ્રેમનો) નિર્વાહ કરે-પ્રેમને ટકાવી રાખે, તે-તેવા જનો તો, ઓર-કંઇ જુદા જ હોય છે. (બાકી) પ્રીત કરીને-પહેલી પ્રીત બતાવીને, (પછી), છોડી દે રે-તેને તોડી પાડે, તેસુ-તેવા સાથે, ન ચાલે જોર-કંઇ જોર વાપરવું ચાલી શકે નહિ.

ભાવાર્થ

આ જગતના સઘળા પ્રાણીઓ પ્રીતિ તો કરી જાણે છે; પણ તે કરેલી પ્રીતિને જે ટકાવી રાખે, તે તો બીજા જ જાણવા. જે માણસ સ્નેહ કરીને છોડી દે તેની સાથે કંઈ જોર ચાલી શકે નહીં.

પરમાર્થ

જગતમાં મનલગ્ન હોય ત્યાસુધી બધા પ્રાણીઓ અને બધાં માણસો એક બીજા સાથે પ્રીતિનો સબંધ કરે છે, પણ નિઃસ્વાર્થ પ્રીતિ કરી, તે પ્રીતિને યાવત્ પ્રાણ અથવા દેહ રહે ત્યાસુધી નિભાવનાર તો ક્વચિત જ દેખાય છે. એવી પ્રીતિ નિભાવનાર કોઈ વીરલા પુરુષો જ હોય છે. ભગવાન્‌ એવો છો કે ઉત્તમો પુરુષરત્ન છતા, વળી ધૈર્યવાન અને ગાંભીર્યવાન્ છતાં સહજ વાતમા પ્રીતિને કેમ તોડો છો?

એક વાર પ્રીતિ કરીને તોડે તો તેના સાથે કઇ જોર ચાલતું નથી; કારણ કે બીજા કાર્યમાં સામો માણસ ફરજ પાડી શકે છે, પણ પ્રીતિની રીત તો કંઈ ઓર જ છે અમે તેવી સત્તાવાળો પણ જબરા-ઇથી પ્રીતિ કરાવી શકતો નથી આ મનનો ધર્મ છે અને સત્પુરુષો અનાદિકાળથી એ માર્ગે પ્રવૃત્તિ કરે છે કે એક વાર જેને પોતાના પ્રીતિપાત્ર ગણ્યો, તેનો ત્યાગ કરતા નથી, તો મારી અને આપની એક વારની નહિ, પણ આઠ ભવની પ્રીતિ છે છતાં પણ આપે તેવી પ્રીતિ નીભા-

સબંધ કર્યો અને હવે આપ પાછા જાઓ, તેમાં માણસનું નુકશાન થશે. મારા પ્રાણ જશે. જગતમાં એક વાર જે હું નેમીશ્વર ભગવાનની સ્ત્રી કહેવાઈ, તે સતી બીજો પતિ ઈચ્છવા કરતાં, બીજું શરીર ઇચ્છવું કબૂલ કરે, તે જગજાહેર છે. કદી કોઇક સ્ત્રી બીજો પતિ ઇચ્છે, તો પણ આ સ્ત્રીને તેના પૂર્વ પતિએ શામાટે છાંડી હશે? સ્ત્રીમાં કંઇ દોષ હશે? વખતે વિષકન્યા હશે? એવી એવી શંકાઓ બીજાઓને થાય તેવું છે, તેથી સગાઇ કરીને આપ અત્રે આવ્યા અને પાછા જાઓ છો તે બરાબર નથી આમ કરતા આપની દયાનો નાશ થાય છે, અને આપ વગર વિચારે કાર્ય કરનારા ઠરો છો; માટે તેમ ન કરો અને રથને પાછો વાળો.

જો આપ રથને પાછો નહિ વાળો તો, મારા પ્રાણની હાનિ થશે એમ જાણજો; ગમે તેમ થતાં પણ હું અન્ય પતિને ઇચ્છનાર નથી. આ દેહ કે જે આપનો કહેવાયો, તે અન્યનો કહેવાશે નહી, માટે આપ રથને પાછો વાળો.

શબ્દાર્થ

દેતા દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ;
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯

દેતા દાન સંવત્સરી રે=(જ્યારે તમે) સંવત્સરી દાન-વર્ષ પર્યંતનું દાન દેનાર છો, (ત્યારે), સહુ=સર્વ કોઇ, લહે=પામી શકે, વંછિત=ઇચ્છિત, પોષ=પોષણ-શિરપાવ (એ વાત પ્રસિદ્ધ છે છતાં), સેવક=આ તમારી સેવક દાસી જે હું તે, વંછિત= તમારી સાથે લગ્ન કરવારૂપ ઇચ્છિત અર્થ, નવિ લહે રે=નહીં પામું (એ તમારો દોષ નથી પણ) તે=તે કકક, સેવકનો દોષ રે=મારો જ અપરાધ હોવો જોઈએ.

ભાવાર્થ

દાન એટલે કશુપણ કર્યા વગર અથવા કઇપણ બદલો

ભાવાર્થ

જ્યારે મારી સખીઓ એટલે બહેનપણીઓ મને એમ કહેતી કે-એ શ્રીનેમીશ્વર પ્રભુ તો, શામળા એટલે કૃષ્ણ વર્ણના છે. ત્યારે હું તેઓને એમ કહેતી કે-જો કે તેઓ શરીરના બાહ્ય વર્ણથી શ્યામ છે પણ ગુણોવડે કરીને શ્વેત એટલે સફેદ છે; પણ છેવટે આ સમયે તો તે મારી સખીઓ જ સાચી ઠરી અને હું જૂઠી પડી, માટે મારા તથા સખીઓના ધારવામાં આપનો રથ પાછો ફેરવવાની ક્રિયાથી જે ફેર પડયો છે, તેનો આપ આદરસહિત વિચાર કરી જુઓ.

પરમાર્થ

હે નાથ! મારી સખીઓ આપના સ્થૂલ શરીરનો રંગ જોઇને આપ શામળા છો એમ જ્યારે કહેતી ત્યારે હું તેમને કહેતી હતી કે-તમે મૂર્ખ છો. બાહ્ય શરીરનો રંગ જો કે શ્યામ છે તો પણ અંતરથી-અંતરાત્માના ગુણોથી-લક્ષણથી મારા સ્વામી તો અતિશય શ્વેત છે, પણ આ આપનું કહેવું કંઇ અને કરવું કંઇ, એવી જાત લઇને આવવાની કરણી અને તોરણેથી પાછા ફરવાની કરણીએ મને ખોટી પાડી છે. આ લક્ષણથી તો મારી સખીઓ સાચી ઠરે છે; અને હું આપની આઠ ભવની સાચી પ્રિયા છતાં જૂઠી ઠરું છું; માટે આપ તે બાબતનો વિચાર કરી જુઓ અને રથને પાછો ફેરવો.

રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ ?
રાગ વિના કિમ દાખવો રે, મુગતિસુંદરી માગ.મ૦ ૧૧

શબ્દાર્થ

(પોતાનો અપરાધ જ બનાવે છે કે) રાગીશુ=રાગવાળાની સાથે, રાગી સહુ કેઃસહુ કોઇ રાગવાળા બને છે-રાગ કરે છે,

કરો છો અને તેવો ઉપદેશ પણ કરો છો, તેથી પ્રશસ્ત કિંવા અપ્રશસ્ત રાગ આપમા છે. વળી જે રાગી હોય તેની સાથે રાગ કરવો, એ જગતની રીતિ અને નીતિ છે. હું આપના ઉપર રાગવાળો છું-રાગી છુ, તેથી આપે મારી સાથે રાગ કરવો યોગ્ય છે. આપે જગતની નીતિનુ ઉલ્લઘન કરવુ યોગ્ય નથી; તેથી કૃપા કરીને રથ પાછો ફેરવો.

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો જાણે લોગ;
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મ૦ ૧૨

શબ્દાર્થ

એક=એક, ગુહ્ય=છાનું કર્મ, (તે) ઘટતું નથી રે=તમારે કરવું ઘટતું નથી. (કારણ કે), સઘળો જાણે લોગ=તમામ લોકો તેને જાણી રહ્યા છે, માટે છાનું રહી શકે તેમ નથી. (એક ગુહ્ય તે આ છે કે=તમે) અનેકાંતિક=અનેકાંત સ્યાદ્વાદરૂપી બુદ્ધિને, ભોગવો રે=ભોગવો છો,(છતાં), બ્રહ્મચારી=બ્રહ્મચર્ય ધારણ કરનાર (અને) ગતરોગ=રોગરહિત ગણાઓ છો.

ભાવાર્થ

એક પણ છાનું કાર્ય તમારે કરવું ઘટતું નથી; કારણ કે તેને સર્વ લોકો જાણી રહ્યા છે, તેથી તે છાનું રહી શકે તેમ નથી. તે એ કે—વસ્તુ અનંતપર્યાયાત્મક છે એવી બુદ્ધિ, અથવા તન્મતાનુસારિણી જે બુદ્ધિ, તેના આપ ભોક્તા છો; અને તેવા ભોક્તા છતાં પણ પરવસ્તુ ઉપરથી આસક્તિ જવાથી, પર સાથે ભોગવવાનું છોડી સ્વગુણમા રમનાર થયા છો, અથવા બાહ્યથી નર અમર અને તિર્યંચની સ્ત્રી માત્રનો ત્યાગ કરનાર છો તેથી બ્રહ્મચારી છો, તથા કામરૂપી રોગ જેનો ગયો છે એવા છો, સ્ત્રીસંગના ત્યાગી છો, છતા અનેકાંતિક બુદ્ધિરૂપ

તુમને જોઉં રે=હું તમને જોઉં છું, તિણ જોણીં=તે જોવાની ઢબથી, જુવો રાજ=હે રાજકુમાર! (તમે મને) જુઓ. એક વાર-જો ફક્ત એક જ વેળા, મુજનેઃ=મને, જુઓ રે=જોશો, તો= તેટલેથી જ, સીજે=સિદ્ધ થશે, મુજ=મારું, કાજ=કામ.

ભાવાર્થ

હે રાજન્! જે દૃષ્ટિથી હું આપને જોઉં છું, તે દૃષ્ટિથી આપ પણ મને જુઓ. માત્ર એક જ વાર આપ જો મારા જેવી સરાગ દૃષ્ટિથી મને જુઓ, તો મારું કાર્ય સિદ્ધ થાય.

પરમાર્થ

હે નાથ! હે રાજન્! જેવી સરાગ દૃષ્ટિથી હું આપને જોઉં છું, તેવી દૃષ્ટિથી આપ કૃપા કરીને એક વાર મને જુઓ. માત્ર એક જ વાર જો આપ સરાગ દૃષ્ટિથી મને જોશો, તો મારું કાર્ય સિદ્ધ થશે; મતલબ કે આપ પાછા આવશો.

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર;
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪

શબ્દાર્થ

(હવે રાજિમતી ખરો સમજુતી ઉપર આવે છે.) મોહદશા=મોહનીય કર્મના ઉદયથી થયેલી પરિણતિને, ધરી=ધારણ કરી, ભાવના રે=પૂર્વોક્ત રીતે ચિંતના કરી, (પણ હવે), ચિત્ત= મન, લહે તત્ત્વવિચાર=ખરા સ્વરૂપનો વિચાર ગ્રહણ કરે છે કે, (તમે), વીતરાગતા=રાગરહિતપણું-પૂર્ણ વૈરાગ્ય, આદરી રે= ધારણ કર્યું છે, (એ વાત) પ્રાણનાથ=હે પ્રાણનાથ! નિરધાર=નક્કી જ છે. એમા સંશય કરવાનુ કંઇ કારણ નથી.

ભાવાર્થ

મોહનીય કર્મના ઉદયથી થતી મોહદશાને ધારણ કરીને,

કનો ધર્મ. (સેવકનો ધર્મ શું છે? તો કે,) આશય સાથે= (સ્વામીના), અભિપ્રાય પ્રમાણે, ચાલિયે રે=પ્રવર્તવું, એહી જ=એ જ, રૂડું કામ=સારું કામ છે. (આમ શબ્દ સજ્ઝાયમાં પણ છે)

ભાવાર્થ

દાસીરૂપ એવી હું જે રાજિમતી, તે જો વીતરાગ દશાને આદરું, તો જ મારો દાસપણાનો ધર્મ રહી શકે; કેમકે સ્વામીની ઇચ્છા પ્રમાણે અથવા તેમના વિચાર પ્રમાણે જો ચાલીએ તો જ ઉત્તમ કાર્ય થાય.

પરમાર્થ

ઉપર પ્રમાણે એકત્વ ભાવના ભાવતા થકી રાજિમતી વિચાર કરે છે કે—હવે મારે અને ભગવાનનો સેવ્ય સેવક ભાવ થયો; એટલે મારે પણ મારા સ્વામીની પેઠે, વીતરાગતા આદરવી જોઈએ; કારણ કે નીતિના પુરુષોનું વચન છે કે, સ્વામીના આશય પ્રમાણે ચાલવું એ જ રૂડું કામ છે. તેથી હવે હું પતિપત્નીના સંબંધનો ત્યાગ કરી, સેવ્ય સેવક અથવા સ્વામી-સેવકનો સંબંધ મનમાં લાવી, મોહદશાનો ત્યાગ કરી, જે વીતરાગના પ્રભુએ ગ્રહણ કરી છે તેને હું પણ ગ્રહણ કરું.

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર; ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતાહાર. મ૦ ૧૬

શબ્દાર્થ

[illegible]

ભાવાર્થ

હે મારા સ્વામી શ્રીપાર્શ્વનાથ પ્રભુ! આપ મોક્ષરૂપ જે અચળ સ્થાન તેમાં રમનારા છો, વળી આપ ઇચ્છાથી રહિત છો, તેમ કેવળ જ્ઞાનવાળા છો, આત્મગુણના ઇચ્છક છો, એવા આપને પામીને-મેળવીને કોઈપણ સેવક મોક્ષમાં રહેનારો થાય છે

પરમાર્થ

હે શ્રી પાર્શ્વનાથ ભગવાન્! આપ ધ્રુવપદ જે મોક્ષપદ તેમાં રમનારા, કોઈ પણ પ્રકારની ઇચ્છા વિનાના, ઉત્કૃષ્ટ જ્ઞાનવાન અને આત્મગુણના ઇચ્છક છો એવા આપ અમારા સ્વામી છો, અને આપના જેવા પોતાના ગુણના ઇચ્છક સ્વામી મળવાથી અનેક ભવ્ય જીવો હમેશાં આરામમાં રહેનારા થયા છે જ અર્થાત્ મોક્ષપદમાં રમનારા થાય છે.

સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે, પરપરિણમન સ્વરૂપ સુ॰
પરરૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ. સુ॰ ધ્રુ॰ ૨

શબ્દાર્થ

(હે સ્વામી! તમને,) સર્વવ્યાપી=સર્વ વસ્તુમાં વ્યાપક, (એ કોઇ) કહે, (તો તે) સર્વ જાણગપણે=(તમે સર્વ વસ્તુ જ્ઞાનથી જાણો છો તેથી તમારા, સર્વ વસ્તુના જ્ઞાતાપણાથી (સંભવી શકે). (બાકી, પરપરિણમન સ્વરૂપ=પરવસ્તુમાં પરિણમન સ્વભાવરૂપ-પરવસ્તુપણે વર્તારૂપ. પરરૂપે કરી=પરપણાવડે, તત્ત્વપણું નહિ=સર્વવ્યાપીપણું ઘટતું નથી ([illegible]) [illegible]

તે, પારસ નાહિ-પડખે રહેનાર-મારાથી અલગો રહેનાર નથી. (કિંતુ), પૂરણ રસિયો હો-પૂર્ણ રસિક-પૂર્ણ ઇચ્છાવાન્, (શેમાં? તો કે) નિજ ગુણ પરસમાં-સ્વગુણ ફરસવામાં-આત્મગુણ સાથે રમવામાં, (એવો તેમજ) આનંદઘન-આનંદમય રહેલો (તે પ્રભુ) મુજમાંહી-મારામાં જ છે -મારાથી જુદો નથી.

(સૂચના—બધાં સ્તવનોમાં આ સ્તવનનો અર્થ કરવો ઘણો કઠિન અને ગહન છે; તેથી તેનો અર્થ સૌ સૌને પોતાની મતિ મુજબ સમજે છે. અમને પણ જુદો અર્થ સમજાય છે, તેથી શબ્દાર્થમાં એક અર્થ લખ્યો છે ત્યારે ભાવાર્થ તથા પરમાર્થ બીજી રીતે નીકળતા અર્થને અનુસારે છે. હજુ ત્રીજી રીતે પણ અર્થ થઇ શકે છે; પણ તેમ કરતાં લંબાણથી વાંચનારને અકળામણ થાય માટે તે લખ્યો નથી)

ભાવાર્થ

શ્રી પાર્શ્વનાથ નામના ત્રેવીશમા તીર્થંકર મહારાજ, જેને અડકતા લોહું સોનું થઇ જાય, એવો જે મણિ તેના સરખા છે, પણ આ ઠેકાણે પારસમણિ અથવા એક ચતુર્થાંશ રસ નહિ સમજવો, પણ સંપૂર્ણ રમવાળા ભગવાન્ છે શાના? તો કે પોતાના આત્મગુણરૂપ સ્પર્શના; કારણ કે આનંદનો સમૂહ ભગવાનમાં છે, અથવા મારામાં છે તેથી ભગવાન્ પારસમણિ અથવા પાસ રસ જેવા નથી પણ પૂર્ણ રસિયા છે



૨૪. શ્રી મહાવીર જિન સ્તવન



વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારૂં વાગ્યું રે.
વી૦ ૧

તે, પારસ નાહિ-પડખે રહેનાર-મારાથી અલગો રહેનાર નથી (કિંતુ), પૂરણ રસિયો હો-પૂર્ણ રસિક-પૂર્ણ ઇચ્છાવાન, (શેમાં? તો કે) નિજ ગુણ પરસમાં-સ્વગુણ ફરસવામાં-આત્મગુણ સાથે રમવામાં, (એવો તેમજ) આનંદઘન-આનંદમય રહેલો (તે પ્રભુ) મુજમાંહી-મારામાં જ છે.-મારાથી જુદો નથી.

(સૂચના—બધાં સ્તવનોમાં આ સ્તવનનો અર્થ કરવો ઘણો કઠિન અને ગહન છે; તેથી તેનો અર્થ સૌ સૌને પોતાની મતિ મુજબ પ્રગમે છે. અમને પણ જુદો અર્થ સમજાય છે, તેથી શબ્દાર્થમાં એક અર્થ લખ્યો છે ત્યારે ભાવાર્થ તથા પરમાર્થ બીજી રીતે નીકળતા અર્થને અનુસારે છે. હજી ત્રીજી રીતે પણ અર્થ થઇ શકે છે; પણ તેમ કરતાં લંબાણથી વાંચનારને અકળામણ થાય માટે તે લખ્યો નથી.)

ભાવાર્થ

શ્રી પાર્શ્વનાથ નામના ત્રેવીશમા તીર્થંકર મહારાજ, જેને અડકતાં લોઢું સોનું થઇ જાય, એવો જે મણિ તેના સરખા છે; પણ આ ઠેકાણે પારસમણિ અથવા એક ચતુર્થાંશ રસ નહિ સમજવો, પણ સંપૂર્ણ રસવાળા ભગવાન્ છે. શાના? તો કે પોતાના આત્મગુણરૂપ સ્પર્શના; કારણ કે આનંદનો સમુદ્ર ભગવાન્માં છે, અથવા મારામાં છે તેથી ભગવાન્ પારસમણિ અથવા પા રસ જેવા નથી પણ પૂર્ણ રસિયા છે



૨૪. શ્રી મહાવીર જિન સ્તવન

વીર જિનેશ્વર ચરણે લાગુ, વીરપણું તે માગુ રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જીત નગારું વાગ્યું રે. વી૦ ૧

ઉત્કૃષ્ટ વીરજને વેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેસે,આતમશકિત ન ખેસે રે. વી૦ ૪

શબ્દાર્થ

(પણ), ઉત્કૃષ્ટ વીરજને વેસે-ઉત્કૃષ્ટ વીર્યના આવેશમાં-જ્યારે સૌથી વધારે વીર્યોલ્લાસ થાય છે ત્યારે, યોગક્રિયા-મન, વચન, કાયારૂપ યોગનો વ્યાપાર, નવિ પેસે કે-પ્રવેશ જ ન કરે-થાય જ નહિ, (કારણ કે એ વખતે) યોગતણી-યોગની, ધ્રુવતાને-અચલપણાને, લેસે-લવલેશમાત્ર પણ, આતમશક્તિ-આત્મબળ. ન ખેસે કે-ડગાવતો નથી-યોગ સ્થિર થઈ રહે છે.

ભાવાર્થ

જો આત્મામા સર્વથી વધારે વીર્ય હોય તો, મન, વચન અને કાયાનું કર્મ બાંધવારૂપ કાર્ય પ્રવેશ જ કરે નહિ; કારણ કે તે વખતે આત્મબળ છે, તે યોગના અચળપણાને લવલેશ માત્ર પણ ડગાવતો નથી

પરમાર્થ

ઉપર બતાવ્યું તેમ આત્મા યોગની શક્તિને અનુસારે કર્મપુદ્ગલ ગ્રહણ કરે છે, પણ જો આત્મામા ઉત્કૃષ્ટ વીર્ય પ્રગટ થયું હોય તો, પછી મન, વચન, કાયના યોગ અસમર્થ થઈ જાય છે, અને કર્મ [illegible] ક્રિયા આત્મામા [illegible] થતી નથી

[illegible]

દશામાં લીધેલા આલંબનોને અને સઘળાં ઉપકરણોને ત્યાગે છે, તેનાથી આત્માથી પર જે પુદ્ગલાદિનો સ્વભાવ તે દૂર થાય છે. વળી તે મહાત્મા પુરુષ કદાપિ પણ ક્ષય ન પામે એવાં શાશ્વતા જ્ઞાન, દર્શન અને ચારિત્રે કરીને, આનંદથી ભરપૂર પરમાત્મારૂપ થઈને હમેશાં જ્ઞાનથી જાગતો રહે છે; અથવા આનંદઘનજી મહારાજ કહે છે કે–પ્રભુ એટલે આત્મા તે જાગે, એટલે અનાદિની ઊંઘમાંથી આત્મા જાગ્રત થાય; એટલે વિભાવદશાને ત્યાગી પોતે પરમાનંદરૂપ થાય છે.

પરમાર્થ

આત્મા પુદ્ગલના આધારથી પોતાનું કાર્ય કરવાનું ત્યાગે, અને પુદ્ગલનું આલંબન જો છોડી દે તો અખંડ શુદ્ધ ચૈતન્યપણું, સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પ્રાપ્ત કરે, અને અનાદિ કાળથી આત્મા જે પુદ્ગલના ભ્રમમાં ઊંઘમાં પડેલો છે તે જાગીને, પોતે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે અથવા આનંદઘનજી મહારાજ કહે છે કે–આત્મા પરવસ્તુનો સંગ છોડે, પોતાનું આલંબન રાખે, અને પરાનુયાયીપણું તજે તો સ્વરૂપીના આનંદમાં મોક્ષ પામે

આ ચતુર્વિંશતી જિનની સ્તવનામાં ભગવાનને વિનતિ કરતા, જૈનદર્શનના તત્ત્વનું કથન કર્યું છે. વળી જે ભવ્ય પ્રાણીઓ આ સ્તવનનું સેવન કરશે, તેનજ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરશે તે મહાપદ પામશે.

[illegible]

[illegible]

—

શ્રી આનન્દઘનજીકૃત પદો.

પદ ૧

(રાગ-વેલાવલ.)

ક્યા સોવે ઉઠ જાગ બાઉરે,
અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ;
દેત પહોરિયાં ઘરિય ઘાઉ રે. ૧

ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર મુનીન્દ્ર ચલે,
કોણ રાજાપતિ સાહ રાઉ રે;
ભમત ભમત ભવજલધિ પાયકે,
ભગવંત ભજન બિન ભાઉ નાઉ રે. ૨

કહા વિલંબ કરે, અબ બાઉરે,
તરી ભવજલનિધિ પાર પાઉ રે;
આનંદઘન ચેતનમય મૂરતિ,
શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે. ૩

પદ [illegible]

[illegible]

રે ઘરિયારી બાઉરે, મત ઘરિય બજાવે,
નરશિર બાંધત પાઘરી, તું ક્યા ઘરિય બજાવે રે. ૧

કેવલ કાલ કલા કલૈ, પૈ તું અકલ ન પાવૈ,
અકલ કલા ઘટમેં ધરી, મુજ સો ઘરી ભાવે રે. ૨

થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબહી;
ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી. ૧

એક અનેક અનેક એક કુની, કુંડલ કનક સુભાવે;
જલતરંગ ઘટમાટી રવિકર, અગનિત તાહિ સમાવે. ૨

હૈ નાંહી હૈ વચન અગોચર, નય પ્રમાણ સતભંગી;
નિરપખ હોય લખે કોઇ વિરલા, કયા દેખે મત જંગી. ૩

સર્વમયી સરવંગી માને, ન્યારી સત્તા ભાવે;
આનંદઘન પ્રભુ વચન સુધારસ, પરમારથ સો પાવે. ૪

પદ ૬

(સાખી)

આતમ અનુભવ રસિકકો, અજબ સુન્યો વિરતંત;
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત. ૧

(રાગ–સામગ્રી.)

મહારો બાલુડો સન્યાસી, દેહ દેવળ મઠવાસી. ૧

ઇડા પિંગલા મારગ તજ જોગી, સુષમના ઘરવાસી;
બ્રહ્મરંધ્ર મધ્ય આસન પૂરી બાબુ, અનહદ તાન બજાસી. ૨

યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી;
પ્રત્યાહાર ધારણા ધારી, ધ્યાન સમાધિ સમાસી. ૩

મૂળ ઉત્તર ગુણ મુદ્રાધારી, પર્યંકાસન ચારી;
રેચક પૂરક કુંભક સારી, મન ઇંદ્રિય જયકારી. ૪

થિરતા જોગ જુગત અનુકારી, આપોઆપ વિચારી;
આતમ પરમાતમ અનુસારી, સીઝે કાજ સમારી. ૫